નિવેદન

"લેખામૃત સંગ્રહ" નામની બુકનો પહેલો ભાગ છપાઈ ગયા બાદ તુરતમાંજ આ બીજો ભાગ છપાવવો શરૂ કરેલો અને જેમ બને તેમ જલ્દી બહાર પડે તે માટે પુરતી કાળજી રાખવામાં આવેલ.

પરતુ સંયોગવશાત પાછળનું થોડું મેટર તૈયાર નહિ થઈ શકવાના કારણે આખી બુકનું બાઈન્ડીંગ થઈ શકેલ નહિ એટલુંજ નહીં પરન્તુ બુક તૈયાર હોવા છતાં બહાર પાડવામાં પણ અધિક વિલંબ થવા પામેલ છે

જો કે અગાઉથી ગ્રાહક બનનાર સદ્‌ગૃહસ્થોને બુક બહાર પાડવામાં વિલંબ થવાના કારણે અનેક પ્રકારના તર્ક વિતર્ક થાય તે બનવાજોગ છે પરંતુ સમજદાર વર્ગ તો સમજે છે કે–આ કેવલ આપણા હાથનીજ વાત છે. એમ નથી, આમાં અનેક પ્રકારે પર હસ્તે કામ લેવાનું હોય છે જેથી સ્હેજે વિલંબ થાય તે બનવાજોગજ છે. છતાંય આજ

[illegible]

આ લેખમાળા સંગ્રહ ભાગ ૨ જામાં જે લેખો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. તે લેખો [illegible] મહાન્ [illegible] [illegible] પરમશાન્ત તપોમૂર્તિ આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રી વિજયકર્પૂરસૂરીશ્વરજીના શિષ્યરત્ન પૂજ્યપાદ્ બાલબ્રહ્મચારી [illegible] [illegible] વિદ્વદ્વર્ય પરમશાન્તમૂર્તિ આચાર્યદેવ શ્રી ૧૦૦૮ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબના કરકમલથી લખાયેલા છે.

આ વીસમીસદીના જડવાદમાં આગળ વધતા જમાનાવાદી બંધુઓ કંઈક ધર્મનું રહસ્ય સમજે અને જડવાદમાંથી પાછા હઠી આત્મકલ્યાણના શુભ માર્ગે સંચરે એ શુભ હેતુથીજ આ પ્રકાશન થયેલ છે

આવા શુભ પ્રયત્નમાં સ્વસ્વશક્તિ અનુસરે અગાઉથી ગ્રાહક બની જે જે સદગૃહસ્થોએ પોતાની ધર્મભાવનાપૂર્વક સમ્યગ્જ્ઞાનના પ્રચારમાં જે લાભ લીધેલ છે તે અનુમોદનીય છે. પુનઃ પણ આવા જૈનધર્મનાં રહસ્યોથી ભરપુર અને ભવભીરૂ મહાપુરૂષોના કરકમલથી લખાયેલ પ્રકાશનો બહાર પાડવામાં પોતાનો યોગ્ય ફાળો અર્પણ કરી મહાન સુકૃતોપાર્જન કરી અનંત સુખના ભોક્તા બનો. એજ એક શુભાભિલાષા. શુભં ભવતુ સર્વેષાં.

પ્રકાશક:-

कलिकाले महान् उग्रतपकारक परमशान्त तपोमूर्ति
स्वर्गस्थ आचार्यदेव श्री १००८ श्री विजयकर्पूरसूरीश्वरजी
महाराज साहेब.



जन्म वि. सं. १९२८ मागसर सुदि ३ (सायला)
दीक्षा वि. सं. १९६८ ज्येष्ट सुदि ३ सुरत
वडी दीक्षा वि. सं. १९६९

उपाध्यायपद वि. सं. १९९६
वैशाख सुदि २

गणिपद वि. सं. ११९०
पंन्यासपद वि. सं. १९९०

आचार्यपद १९९९ फाल्गुन सुदि ३
स्वर्गारोहण वि. सं. २००१
माघ सुदि ११

વિષયાનુક્રમણિકા.

बालब्रह्मचारी सद्धर्मोपदेशक प्रकृष्टवक्ता निडरगे-

आचार्यदेव श्री १००८ श्री विजयअमृतसूरीश्वरजी महाराज.



जन्म. वि. सं. १९५५ आसो सुदि २

दीक्षा १९८० कार्तिक सुदि १५

वडी दीक्षा वि. सं, १९८० मागसर सुदि ६

गणिपद वि. सं, १९९१ अपाड सुदि ९

पंन्यासपद वि. सं. १९९१ अपाड सुदि १०


उपाध्यायपद वि. सं, १९९९ फाल्गुन सुदि ३

आचार्यपद वि. सं. १९९९ फाल्गुन सुदि १०

શ્રી લેખામૃત સંગ્રહ

ભા. ૨

લેખાંક : ૫



વિવિધ-વિચારામૃત.

श्रीस्तम्भनजिनाधीशं, मनोवाञ्छितदायकम् ।
दुःखदौर्भाग्यहर्त्तारं, वन्देऽहं शुभभावतः ॥ १ ॥

સુખના અર્થી આત્માઓએ દુઃખનાં સાધનોથી અળગા રહી સુખનાં સાધનો સ્વીકારવાં જોઇએ. તો જ સુખની પ્રાપ્તિ થાય.

અનાદિ અનંત ચતુર્ગતિરૂપ સંસાર અટવીમાં આ જીવે અનંતીવાર જન્મ-મરણાદિકનાં ઘોર દુઃખોને અનુભવ્યાં છે અને અનુભવે છે, એ વાત સામાન્ય રીતે શ્રદ્ધાળુ આત્માઓને તો નિર્વિવાદ છે. પરન્તુ સવાલ એ ઉભો થાય છે કે-દુનિયામાં કોઇ પણ જીવને દુઃખની ઇચ્છા નથી તો તે તેનો પ્રયત્ન તો કરેજ શાનો? તેમજ સહુ કોઇને સુખની ઇચ્છા ક્ષણે ક્ષણે રહેલી છે, એટલું જ નહિ પણ તેના માટેનો પ્રયત્ન પણ પારાવાર છે, છતાં સુખ નહિ પામતાં ઉલ્ટા જીવો દુઃખને પામે છે, તેનું કારણ શું?

અહીં સમાધાન એ છે કે-મોહરૂપી મદિરાના ઘેનમાં ચકચૂર બનેલો આ જીવ-દુઃખના સાધનોને સુખના સાધનો માનીને પ્રયત્ન કરી રહ્યો છે; અને તેના પરિણામે દુઃખની ઇચ્છા નહિ હોવા

છતાં પણ દુઃખ પામી રહ્યો છે. તો હવે આપણે પ્રથમ સુખ-દુઃખના સાધનો જાણવાં જ જોઇએ, અને તે જાણીને સુખના અર્થી આત્માએ દુઃખના સાધનોથી અળગા રહી સુખના સાધનો સ્વીકારવાં જોઇએઃ તોજ સુખની પ્રાપ્તિ થાય, અન્યથા દુઃખજ પામે.

સાધુધર્મની શક્તિના અભાવમાં ગૃહસ્થધર્મની પણ આરાધના સાધુધર્મની પ્રાપ્તિના ધ્યેયથીજ કરવી જોઈએ. અને આથીજ સાધુધર્મની પ્રધાનતા છે, એમ અનંતજ્ઞાનીઓએ કહ્યું છે.

જ્યારે મોહમુગ્ધ આત્માઓ ધર્મના ભોગે પણ પાપાચરણ કરીને પાંચે ઇન્દ્રિયોને અનુકૂલ સામગ્રી મેળવવામાં અને ભોગવવામાં સુખ માને છે, અને તુચ્છ વિષયોના ભોગોના ભોગે પાપથી પાછા હઠી ધર્મ આચરવામાં દુઃખ માને છે, ત્યારે અનંતજ્ઞાનીઓ તો જણાવે છે કે-"पावाओ होइ दुक्खं" પાપથી દુઃખ હોય છે અને 'ऋते धर्मात् कुतः सुखम्' ધર્મ સિવાય સુખ ક્યાંથી અર્થાત્ ધર્મથી સુખ છે. માટે તુચ્છ ભોગોના ભોગે પણ પાપાચરણ નહિ કરતાં ધર્માચરણ કરવું જોઇએ. પરન્તુ અવળી મતિને લઇને ગ જીવો દુઃખ પામે છે, તેમાં કંઇ નવાઈ પામવા જેવું નથી. ં મતિ જીવોની ધન કમાવવામાં અને રૂપવંત રમણીઓના ભો ભોગવવામાં હોય છે, તે મતિ જો અનન્તજ્ઞાનીઓના કહેલા ધર્મ વિષે થાય, તો દુઃખનો છેદ કરીને સાચા સુખોને હસ્તગ કરે છે. દુઃખોનો છેદ કરનાર તેમજ સાચા સુખને આપના જે ધર્મ અનંતજ્ઞાનીએ કહ્યો છે, તે ધર્મ બે પ્રકારનો ૧. સાધુધર્મ, ૨. ગૃહસ્થધર્મ. વાંચક મહાશયોએ ખ્યાલમાં રાખવા છે કે-આ બે પ્રકારના ધર્મમાં સાધુધર્મ એ પ્રધાન ધર્મ કારણ કે-સર્વ કર્મનો છેદ કરી, સંસારથી આત્માને સર્વથા મુક્તિ થવી અને શાશ્વત સુખની પ્રાપ્તિ થવી,

સાધુધર્મ સિવાય નથી. ગૃહસ્થધર્મની આરાધના કરનારો પણ સાધુધર્મની પ્રાપ્તિની ઈચ્છાવાળો ન હોય, તો યથાર્થ ગૃહસ્થ-ધર્મની પણ આરાધના અને સર્વ કર્મનો છેદ કરી શકતો નથી; અને તે સિવાય મુક્તિ પણ થાય જ નહિ. માટે સાધુ-ધર્મની શક્તિના અભાવમાં ગૃહસ્થધર્મની પણ આરાધના સાધુધર્મની પ્રાપ્તિના ધ્યેયથી જ કરવી જોઈએ, અને આથીજ સાધુધર્મની પ્રધાનતા છે, એમ અનંતજ્ઞાનીઓએ કહ્યું છે.

ધર્મોપદેશકોએ શ્રોતા સન્મુખ પ્રથમ સાધુધર્મનું કથન કરવું જોઈએ, અને ત્યારબાદ તેના સ્વીકારમાં અસમર્થ જણાય તો શ્રાવકધર્મ કહેવો. અન્યથા ધર્મોપદેશક પોતાના સાધુપણાને મલિનકરનારો છે.

સાધુધર્મની ઉત્કૃષ્ટ આરાધના થાય તો તેજ ભવમાં સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિ આપે છે, ત્યારે ગૃહસ્થધર્મની ઉત્કૃષ્ટ આરાધના બારમા દેવલોકના સુખને આપનાર છે, એથી અધિક સુખને આપનાર નથી. એટલું જ નહિ પણ બાહ્ય સુખની અપેક્ષાએ પણ દ્રવ્યથી સાધુધર્મની ઉત્કૃષ્ટ આરાધનાની કોટીમાં ભાવથી ઉત્કૃષ્ટ ગૃહસ્થધર્મની આરાધના આવી શકતી નથી. કારણ કે–જ્યારે ઉત્કૃષ્ટ ભાવથી ગૃહસ્થધર્મની આરાધના બારમા દેવલોકે લઇ જાય છે, ત્યારે દ્રવ્યથી પણ ઉત્કૃષ્ટ સાધુધર્મની આરાધના નવ ગ્રૈવેયકમાં લઇ જાય છે, અને અહંઇંદ્રપણાના સુખને અર્પણ કરે છે. માટેજ શાસ્ત્રમાં પણ મેરૂપર્વત અને સરસવમાં જેટલું અંતર છે, તેટલુંજ અંતર સાધુધર્મ અને ગૃહસ્થધર્મમાં કહ્યું છે.

આજ કારણે ધર્મોપદેશકોએ પણ શ્રોતા સન્મુખ પ્રથમ સાધુધર્મનું કથન કરવું જોઇએ અને ત્યાર બાદ તેના સ્વીકારમાં અસમર્થ જણાય તો ગૃહસ્થધર્મ કહેવો. અન્યથા ધર્મોપદેશક પોતાના સાધુપણાને મલિન કરનારો છે. એમ શાસ્ત્રમાં સ્પષ્ટ કહેવાયું છે:

સાધુધર્મ અને શ્રાવકધર્મનું ટુંકમાં વર્ણન.

જ્યારે સાધુધર્મ પંચમહાવ્રત રૂપ છે, એટલે કે-કોઇ પણ નાના કે મોટા જીવની હિંસા મન-વચન-કાયાથી કરવી નહિ, કરાવવી નહિ અને કરતાને સારી પણ માનવી નહિ: તેમજ કોઈ પ્ર પ્રકારનું જુઠું મનથી, વચનથી અને કાયાથી બોલવું નહિ, બોલાવ નહિ ને બોલતાને સારૂં માનવું નહિ. તેમજ અદત્ત (ચોરી) કો પણ પ્રકારનું મન, વચન, કાયાથી લેવું નહિ, લેવરાવવું નહિ અને લેતાને સારૂં માનવું નહિ: તેમજ કોઇ પણ પ્રકારની સ્ત્રીનું સેવન મનવચન અને કાયાથી કરવું નહિ, કરાવવું નહિ અને કરતાને સારૂં માનવું નહિ: તેમજ ધન-ધાન્યાદિક નવ પ્રકારનો પરિગ્રહ (ધર્મોપકરણ સિવાય,) મનથી, વચનથી, કાયાથી રાખવો નહિ, રખાવવો નહિ અને રાખતાને સારો માનવો નહિ. આ રીતે સાધુધર્મ એ પંચ મહાવ્ર રૂપ છે. ત્યારે ગૃહિધર્મમાં જે વિશેષ ગૃહસ્થ ધર્મ છે તે, એટલે કે શ્રાવક ધર્મ છે, તે સમ્યક્ત્વમૂલ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, અને ચા શિક્ષાવ્રત-એમ બારવ્રત રૂપ છે. આમાં સાધુધર્મની અપેક્ષાએ શ્રાવક અલ્પહિંસાનો ત્યાગ, મોટા જુઠનો ત્યાગ, મોટી ચોરીનો ત્યાગ ચ સ્વદારા સંતોષ, યા તો પરસ્ત્રીવર્જન તેમજ પરિગ્રહનું પરિમાણ છે, પ અણુવ્રત કહેવાય છે. તેમજ દિશાનું પરિમાણ આદિ ત્રણ વ્રતો અણુ વ્રતને ગુણકારી છે, માટે ગુણવ્રત કહેવાય છે, તેમજ સામાયિકાદિ ચા વ્રતો એ સાધુધર્મના અભ્યાસના વ્રતો છે, માટે તે શિક્ષાવ્રત કહેવાય છે

શ્રાવકધર્મ ગ્રહણ કરવામાં પણ યોગ્યતાની જરૂ

હવે વાંચક મહાશયોએ ખ્યાલમાં રાખવાનું છે કે-સાધુધ જેમ યોગ્યને દેવા યોગ્ય છે, તેમ શ્રાવકધર્મ પણ યોગ્યને જ દે યોગ્ય છે. આ હકીકતને સ્પષ્ટ કરતાં બાલ સરસ્વતિના બિરૂદને ધાર કરનાર પરમોપકારી પૂજ્યપાદ **શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વર**

મહારાજા શ્રાદ્ધવિધિ નામના સર્વમાન્ય ગ્રંથમાં ત્રીજી ગાથાની અવતરણીકામાં જણાવે છે કે–

'एवं मंगलपूर्वकमभिधेयं अभिधाय योग्यस्यैव विद्या राज्यं धर्मश्च देयानीत्यादौ श्राद्धधर्मस्य योग्यमाह ।'

ભાવાર્થ એ છે કે–જેમ વિદ્યા અને રાજ્ય, યોગ્યને જ દેવાય છે, તેમ ધર્મ પણ યોગ્ય આત્માને જ દેવા જોઇએ. માટે જ શ્રાવકધર્મને યોગ્ય એવો આત્મા ચાર પ્રકારના ગુણવાળો હોવો જોઇએ. ૧ ભદ્રકપ્રકૃતિ. ૨–વિશેષનિપુણમતિ. ૩–ન્યાયમાર્ગ રતિ. અને ૪ દઢ નિજવચન સ્થિતિ. આ ચાર ગુણને વિષે ભદ્રકપ્રકૃતિ એટલે માધ્યસ્થતા આદિ ગુણોવાળો, કદાગ્રહયુક્ત ચિત્તવાળો નહિ.

આ ઠેકાણે એટલું જરૂર યાદ રાખવાનું છે કે–માધ્યસ્થતા આદિ ગુણો એ સત્ય ધર્મની પ્રાપ્તિને માટે છે; પણ ધર્મ પ્રાપ્ત થયા પછી સત્ય અને અસત્યની અંદર મધ્યસ્થ રહેવાની જરૂર નથી. પછી તો શક્તિ હોય તો અસત્યનું ખંડન અને સત્યનું મંડન કરવું જોઇએ. તોજ ધર્મ પામ્યો છે એમ કહેવાય; અને શક્તિ ન હોય તો હ્રદયમાં બળતરા થયા કરે, પણ મધ્યસ્થપણે શી રીતે કહેવાય? સાચો ઝવેરી ખાત્રી થયા પછી હીરા અને પત્થરની કિંમત આંકવામાં મધ્યસ્થ શી રીતે રહે? ન રહે, જેવું હોય તેવુંજ કહે; તો તે ઝવેરી સાચો કહેવાય અન્યથા જુઠ્ઠો કહેવાય.

આજે સાચું અને ખોટું જણાયા છતાં પણ ધર્મના નામે મધ્યસ્થતાનો ડોળ કરનારા ઘણા હોય છે, માટે આટલો ખુલાસો કરવાની જરૂર જણાઇ. ચાલો, આપણી ચાલુ વાત તો એ છે કે–ધર્મને નહિ પામેલો એ જો કદાગ્રહ રહિત માધ્યસ્થ આદિ ગુણવાળો હોય તો તે ધર્મ પામવાને લાયક છે.

ધર્મ પામવા માટે અયોગ્ય આત્માઓની દૃષ્ટાંત પૂર્વક સમજણ.

દૃષ્ટિરાગીનું ઉદાહરણ અને મહાપાપી દૃષ્ટિરાગના પંજામાં નહિ સપડાવા માટેની ભલામણ.

ઉપદેશ રત્નાકર ગ્રંથના રચયિતા મહાપુરૂષે કહ્યું છે કે-(૧) દૃષ્ટિરાગી, (૨) ધર્મદ્વેષી, (૩) મૂઢ, (૪) અને પૂર્વવ્યુદ્ગ્રાહિત. આ ચાર પ્રકારના આત્માઓ છે, તે ધર્મને માટે લાયક નથી. પરન્તુ જે મધ્યસ્થ આત્માઓ છે, તે ધર્મને માટે લાયક છે. દૃષ્ટિરાગી આત્માના સ્વરૂપને જણાવનારૂં ઉદાહરણ આપતાં શાસ્ત્રકારો જણાવે છે કે-એક વિશ્વસેન નામનો રાજપુત્ર જે ત્રિદંડીનો ભક્ત હતો, તેને સદ્ગુરૂ મહારાજાએ અત્યંત કષ્ટપૂર્વક ધર્મને વિષે પ્રતિબોધ કર્યો. આથી પ્રતિબોધ પામેલા વિશ્વસેન રાજપુત્રે સત્ય ધર્મનો સ્વીકાર કર્યો, અને ત્યાર બાદ ગુરૂમહારાજાએ ધર્મમાં દૃઢ કર્યો; છતાં પૂર્વ પરિચિત ત્રિદંડીની વાણી વડે દૃષ્ટિરાગના ઉલ્લાસથી સત્ય ધર્મનો ત્યાગ કર્યો; અને અનંતોકાળ સંસારમાં પરિભ્રમણ કર્યું. માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે-કામરાગ અને સ્નેહરાગ કરતાં દૃષ્ટિરાગ એ મહાપાપી છે, કે-જે સત્પુરૂષોથી પણ દુઃખે છોડાય છે. માટે મહાપાપી દૃષ્ટિરાગના પંજામાં ન સપડાતાં ધર્મગુરૂ વ. તે. સદ્ગુણાનુરાગમાં લીન રહેવું, જેથી આત્મા અનર્થથી બચી [illegible] માર્ગને પામે.

ધર્મદ્વેષીનું ઉદાહરણ.

આ રીતે ધર્મદ્વેષી આત્માઓ પણ પ્રથમ તો ધર્મ પામે નહિ અને કદાચ [illegible] તો પણ પામીને હારી જાય છે. જેમ શ્રુતકેવલી ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામીજીના ભાઈ વરાહમિહિર. જે વરાહમિહિરે [illegible] દીક્ષા લીધી, છતાં પોતાની અયોગ્યતાના કા

પોતાને આચાર્યપદવી ન મળતાં રોષે ભરાઇને સાધુપણાનો ત્યાગ કર્યો અને પાછો બ્રાહ્મણ થઈ નિમિત્ત વડે પોતાના જીવનનિર્વાહને ચલાવતાં, અનુક્રમે મરણ પામી વ્યંતર દેવ થયો, અને સંઘને ઉપદ્રવ કરવા લાગ્યો.તે ઉપદ્રવના નિવારણ માટે **શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ ઉપસર્ગહર સ્તોત્રની રચના કરી.** અને શ્રી સંઘના ઉપદ્રવને નિવારણ કર્યો. આ બધું કહેવાની મતલબ એ છે કે—આ રીતે જ્યારે આત્મા ધર્મદ્વેષી બને છે, ત્યારે પામેલ પણ ધર્મથી ચૂકે છે, તો પછી ન પામેલ આત્મા ધર્મને પામે શી રીતે ?

મૂઢનું ઉદાહરણ અને મૂઢતાના યોગે થતી વિટંબના.

તેમજ મૂઢ એટલે કહેલા વચનના ભાવાર્થને નહિ જાણી શકનાર ગામડીયા કુલપુત્રકની માફક આત્માઓ ધર્મને લાયક નથી. એક ગામડીયા કુલપુત્રકને તેની માએ રાજસેવાને માટે કહ્યું અને સમજાવ્યું કે-વિનય કરવો; ત્યારે કુલપુત્રકે પૂછ્યું કે વિનય એટલે શું ? માએ કહ્યું કે—કોઇ સામે મળે તેને જુહાર કરવો, નીચા નમીને ચાલવું, સામાના અભિપ્રાયને અનુસરવું વિગેરે. પણ કહેવત છે કે—**શેઠની શિખામણ ઝાંપા સુધી.** એ મુજબ બુદ્ધિના બારદાન આ કુલપુત્રકે માતાના કહેલા વચનના ભાવાર્થને નહિ સમજતાં રાજસેવાને માટે જતાં માર્ગમાં મૃગવધને માટે સંતાઇ રહેલા પારધીઓને મોટા શબ્દ વડે કહ્યું કે—હે ભાઇઓ ! જુહાર ! જુહાર! એટલે મોટી રાડ સાંભળી મૃગલાંઓ ભાગી ગયાં; અને આથી પારધીઓએ તે કુલપુત્રકને કુટયો. ત્યારે કુલપુત્રકે કહ્યું કે—મને શું કામ મારો છો ? મારી માએ મને આમ શીખવાડયું હતું. પારધીઓએ કહ્યું કે—આવું કાર્ય હોય ત્યારે ગુપચુપ છાનામાના જવું. ત્યાર બાદ આગળ જતાં ધોબીઓને જોઇને તે છાનોમાનો સંતાતો સંતાતો ચાલવા લાગ્યો, એટલે પૂર્વે જેઓનાં વસ્ત્રો ચોરાઈ ગયાં છે, પરંતુ ચોરનો પત્તો લાગ્યો નથી, તેવા ધોબી લોકોએ જાણ્યું કે—આ છાનોમાનો સંતાતો સંતાતો જાય છે, માટે જરૂર આ ચોર છે, એમ માનીને બાંધ્યો અને માર્યો અને પૂર્વની માફક જ્યારે તેણે કહ્યું; એટલે છોડી

દંડિકપુત્રના માથા ઉપર ધુમાડો દેખીને આ મૂર્ખાએ તેના માથા ઉપર જ છાણુ નાખ્યું. કહેવાનું તાત્પર્ય એ છે કે–આ મૂર્ખાએ જેમ વચનના ભાવાર્થને નહિ સમજવાથી ખૂબ ખૂબ માર ખાધો અને હેરાન થયો. તેમ જે આત્માઓ અનંતજ્ઞાનીઓના કહેલા વચનોના ભાવને નહિ સમજનારા છે, એટલુંજ નહિ પણ ઉલ્ટું સમજી અનર્થ મચાવનારાઓ છે. તેઓ ધર્મ પામવાને લાયક હોતા નથી; અને માટે તેવાઓને ધર્મ દેવો એ અનર્થ કરનાર છે. જો કે ધર્મ તો યોગ્યજ છે, પણ તેઓની અયોગ્યતાને લઈને તેઓ પ્રાયઃ અનર્થ મચાવ્યા સિવાય રહેતા નથી. આજે પણ આવા કેટલાકો જૈન નામધારીઓ અને મુનિવેષવિડંબકો પોતાની ગેરસમજને લઇને અથવા તો સમજતા હોય તો પણ ખોટા આગ્રહને લઇને જૈન સમાજમાં ઉત્પાત મચાવી રહ્યા છે. પણ જૈન સમાજે તેવાઓને ઓળખી લઇ તેવાઓથી અળગા રહેવું જોઇએ. અને શક્તિ હોય તો તેઓનો પ્રતિકાર કરવો જોઇએ. અને પ્રતિકાર કરનારને ધન્યવાદ દેવો જોઇએ.

પૂર્વ વ્યુદ્ગ્રાહિતનું ઉદાહરણ.

હવે ચોથા નંબરના અયોગ્ય આત્માઓ પૂર્વવ્યુદ્ગ્રાહિત છે, એટલે તેમને કુમતિઓએ, ધર્મવિરોધીઓએ અને વેષવિડંબકોએ પહેલે-થીજ અવળું ભરાવ્યું હોય, કે જેથી સાચા પ્રત્યે શ્રદ્ધા થવા દે નહિ. જેમકે–ગોશાલો. તેમજ તેના જેવા કુમતિયોથી ભ્રમિત થયેલાઓ ધર્મ પામવા મુશ્કેલ છે. તેમાંય જેઓ પોતાની કુવાસનાને વમન કરનારા છે, તે હજીયે ધર્મ પામવાને યોગ્ય છે, પણ જેઓ કોઇ પણ રીતે કુવાસનાને છોડતા નથી, તેવાઓ તો અયોગ્યજ છે. જેમ એક માણસે પોતાના મિત્ર સોનીને કહ્યું કે—મ્હારી પાસે આટલું ધન છે, તેનો મ્હને તું સોનાનો દાગીનો બનાવી આપ. સોની હતો ઠગ, એટલે તેને ઠગવા માટે ચાલબાજી કરવા માંડી. જેમ કપટી વ્યાપારીઓ કરે છે, તેમ સોનીએ પણ કહ્યું કે–

તે દાગીનો હું નહિ કરૂં, કારણ કે-તું મારો મિત્ર છે, અને વ્યાપારીઓ મારા દ્વેષી છે, માટે કોઇક તને ખોટું ભરાવે અને આપણી મિત્રતાઈ તુટે , માટે તું બીજા પાસે કરાવ. આમ કહ્યું છતાં આ માણસે તો આગ્રહ કર્યો કે-નહિ તુંજ કરી આપ, તું મારો મિત્ર છે, હું બીજા પાસે નહિ જાઉં. ભલે દુનિયા ગમે તેમ કહે, પણ તે બીજાઓનું કહેવું હું નહિ માનું. સોનીને તો આટલું જોઇતું જ હતું, એટલે સોનીએ કહ્યું કે-જો કે તને તો મારા ઉપર વિશ્વાસ છે, તો પણ તને પારખું દેખાડું, તું તપાસ કર. એમ કહીને સોનાનો સાચો દાગીનો બનાવીને તેને આપ્યો, અને કહ્યું કે-જા ચોકસીઓને દેખાડ, પણ મારૂં નામ દઈશ નહિ અને ખાત્રી કર. એટલે આ પણ તે સોનીએ ઘડી આપેલ દાગીનો લઈને ચોકસીઓની દુકાને ગયો, દાગીનો બતાવ્યો અને કિંમત અંકાવી, તો તે ચોકસીઓએ પણ કહ્યું કે-દાગીનો સોનાનો છે. અને જેટલી કિંમત હતી, તેટલી જ તેઓએ પણ કહી. પછી બીજે દિવસે સોનીએ તેના જેવોજ પિત્તળનો દાગીનો ગીલેટ ચડાવી ચળકાટવાળો કરીને દાગીનો ધોવાને બ્હાને સોનાનો સાચો દાગીનો પાછો લઇને પેલો પિત્તળનો ખોટો દાગીનો આપ્યો, અને કહ્યું કે-જા, હવે આજે મારૂં નામ લઈને તે ચોકસીઓને બતાવજે, એટલે તે ખોટો છે એમ કહેશે. અને તને ખાત્રી થશે કે -જે લોકોએ તને પહેલાં કહ્યું હતું કે-દાગીનો સાચો છે, તે લોકો મારૂં નામ દઈશ એટલે ખોટો છે, એમ જણાવશે. આથી મારા ઉપર કેવા દ્વેષવાળા છે તે તને જણાશે.

આ મૂર્ખાએ પણ સોનીની કપટજાળને નહિ સમજતાં, તેના તે ચોકસીઓ પાસે જઇને સોનીનું નામ દઇને પેલો દાગીનો બતાવ્યો, ત્યારે તેઓએ પણ દાગીનો ખોટો હતો, એટલે ખોટો કહ્યો. પરન્તુ આને ખાત્રી થઈ કે-બરાબર આ સોનીના દ્વેષી છે. નહિતર ગઈ કાલે કહેતા હતા કે-સાચો છે, અને આજે

જ્યારે તેનું નામ આપીને દેખાડયો ત્યારે ખોટા છે એમ કેમ કહે ? આ પ્રમાણે વિચારી તે મૂર્ખાએ સોનીને કહ્યું કે-તમે કહેતા હતા તે બરાબર છે, પણ હું કેમ માનું. પછી તે ખોટા દાગીનો પહેરી ફરવા લાગ્યો, ત્યારે લોકોના તરફથી કહેવામાં આવ્યું કે-અલ્યા ! આ ખોટા દાગીનો કેમ પહેર્યો છે? ત્યારે આ કહે કે-હો રહો ખોટા ? તમે જ ખોટા છો. ત્યારે લોકો કહેવા લાગ્યા કે-અલ્યા મૂર્ખા ! તારા આત્માને સમજાવ, આ લુચ્ચા સોનીએ તને ઠગ્યો છે. આ મૂર્ખો રીસ ચઢાવીને કહે છે કે-તમે જ સમજો. છો ઠગ્યો. તમારે પારકી શી ચિન્તા. કહો, આવાને શી રીતે સમજાવાય ?

આ રીતે મિથ્યામતિઓની મિથ્યા વાસનાથી જેઓ ગાઢભ્રમિત થએલા હોય, તેવાઓને ધર્મ પામવો મુશ્કેલ. કદાચ સમ્યગ્ ઉપદેશ દેવામાં આવે તો પણ તેવાને ઉપદેશ લાગે નહિ, ઉલ્ટા આ મૂર્ખ માણસની જેમ તે રોષે ભરાય છે. **આજે પણ ભ્રમિત થએલા કેટલાકોને સમજાવવા જતાં ઉલ્ટા રોષે ભરાય છે, માટે તેવાઓને વર્જવા એજ યોગ્ય છે.** બાકી અતિશય સંપન્નોથી કોઇ બોધ પામે તે વાત જુદી છે.

ધર્મ પામવા માટે લાયકાત કેળવવી જોઈએ.

પ્રથમ કહી ગયા તે મુજબ આ ચારે પ્રકારના પુરૂષો 'ધર્મસ્યાનર્હાઃ' અર્થાત્ ધર્મને માટે નાલાયક છે. આથી સ્પષ્ટ જ છે કે-**દુઃખના દ્વેષી અને સુખના અર્થી આત્માઓએ મહા પાપી એવા દૃષ્ટિરાગ, ધર્મદ્વેષ, મૂઢતા અને પૂર્વવ્યુદ્ગ્રાહિતપણું આ ચારે દોષોનો ત્યાગ કરવો જોઇએ,** અને તોજ આત્મા ધર્મને લાયક બને છે અને ધર્મ પામી શકે છે, અન્યથા ધર્મપ્રાપ્તિના અભાવમાં આ જીવો ચારે ગતિમાં રખડી મરે છે, અને વિવિધ પ્રકારના દુઃખોને પામે છે. અને સુખને માટે વલખાં મારવા, છતાં પણ સુખ મળતું નથી; માટે ધર્મ પામવાની લાયકાત મેળવવી જોઇએ.

ુભ હેતુથી તેની મૂખ્ય સાધ્વીજીને જણાવ્યું, અને તે મૂખ્ય સાધ્વીજીએ સાધ્વીને જણાવ્યું. તેણીએ પણ પોતાની મૂખ્ય ગુરૂણીજીને ું કે–મારે એકલીએ દેશાન્તરે જવું તે યોગ્ય નથી, તેમજ શાન્તરે જાઉં તો પણ આ મારા વિષે થએલા રાગને ત્યાગ નહિ રે; માટે મારે આ અવસરે ભાત-પાણીનાં પચ્ચક્ખાણ જ (ત્યાગ) રવા યોગ્ય અને શ્રેયસ્કારી છે: પણ વ્રતનો લોપ કરવો સારો ાથી. આમ વિચાર કરી તે સાધ્વીજીએ ભાત-પાણીનો ત્યાગ કરી ળે ફાંસો નાખી કાલધર્મ પામીને દેવલોકને વિષે ગયાં.

વાંચક મહાશય! પુણ્ય સંયોગે નરભવ પામી જેને સંસારનો ભય લાગ્યો, છે, એ આત્મા સંસારમાં શી રીતે રહે? ભય લાગ્યા પછી કર્મની બલિષ્ટતા સિવાય રહેવાનું બનતું નથી. અન્યથા સંસારનો ભય લાગ્યો છે એમ શી રીતે કહેવાય? સંસારનો ભય થવો એ ધર્મ પાળનાર આત્માઓને અંગે ખાસ જરૂરી ગુણ છે. પ્રાર્થના સૂત્ર જયવીયરાયમાં દરેક જૈન કુલમાં જન્મેલાઓ પણ પ્રભુ આગળ ચૈત્યવંદનમાં ભવનિવ્વેઓ કહેતાં ભવનિર્વેદ (સંસાર પ્રત્યેની ઉદાસીનતા)ની માંગણી કરે છે. હવે પ્રભુ આગળ ભવનિર્વેદ (સંસારની ઉદાસીનતા)ની માંગણી કરનારા સંસારમાં લ્હેર કઈ રીતે કરે? ન જ કરે. પરંતુ જૈનત્વથી પરવારી બેઠેલા જૈન નામને લજવનારા કેટલાક જૈનો અને સંસારના ભયથી ભાગીને મુનિ થએલા કેટલાક વેષવિડંબકો આજે એક બાજુ વીતરાગદેવની આગળ સંસાર-ઉદાસીનતાની માંગણી કરે છે, અને બીજી બાજુ સંસારમાં રૂલાવનાર રમા અને રામાના રંગમાં મ્હાલવા અને ન હોય તો મેળવીને પણ મ્હાલવાં જે ઉપદેશ આપી રહેલ છે, અને નામધારી જૈનો તે મેળવવા જે જહેમત ઉઠાવી રહ્યા છે, તે જોતાં ખરેખર તેમના આવા દંભી વર્તન માટે સમ્યગ્દષ્ટિઓને તો

ધર્મ પામવાને લાયક કોણ બને, તેના ઉપર આર્દ્રકુમારનું દૃષ્ટાંત.

ઉપરોક્ત ચારે દોષોનો જે ત્યાગ કરે તે લાયક બને. લાયક આત્મા કેવો હોય કે મધ્યસ્થ. એટલે કે-કોઇ પણ ધર્મને વિષે નહિ રાગી તેમ નહિ દ્વેષી: જેમ આર્દ્રકુમાર. જો કે આર્દ્રકુમારનું દૃષ્ટાંત જૈન સમાજમાં પ્રસિદ્ધ છે, છતાં તેના અજાણ લોકોને લાભ થાય એવા હેતુથી. અતિ અલ્પ વિસ્તારથી તેના દૃષ્ટાંતનો વિચાર કરવામાં આવે તે અહિં અનુચિત જેવું નહિ ગણાય.

આર્દ્રકુમારનો પૂર્વભવ અને તે ભવમાં પતિપત્નિનું ચારિત્ર ત્યાગ માર્ગે જવું. તેમાં રાગદશાનું આવી જવું. પત્નિરૂપે [illegible] સાધ્વીજીએ કરેલ પ્રાણ ત્યાગ અને તે માટે મુનિએ પોતે પણ કરેલું અણસણ

શુભ હેતુથી તેની મૂખ્ય સાધ્વીજીને જણાવ્યું, અને તે મૂખ્ય સાધ્વીજીએ તે સાધ્વીને જણાવ્યું. તેણીએ 'પણ પોતાની મૂખ્ય ગુરૂણીજીને કહ્યું કે–મારે એકલીએ દેશાન્તરે જવું તે યોગ્ય નથી, તેમજ દેશાન્તરે જાઉં તો પણ આ મારા વિષે થએલા રાગને ત્યાગ નહિ કરે; માટે મારે આ અવસરે ભાત-પાણીનાં પચ્ચક્ખાણ જ (ત્યાગ) કરવા યોગ્ય અને શ્રેયસ્કારી છે: પણ વ્રતનો લોપ કરવો સારો નથી. આમ વિચાર કરી તે સાધ્વીજીએ ભાત-પાણીનો ત્યાગ કરી ગળે ફાંસો નાખી કાલધર્મ પામીને દેવલોકને વિષે ગયાં.

વાંચક મહાશય ! પુણ્ય સંયોગે નરભવ પામી જેને સંસારનો ભય લાગ્યો, છે, એ આત્મા સંસારમાં શી રીતે રહે ? ભય લાગ્યા પછી કર્મની ક્લિષ્ટતા સિવાય રહેવાનું બનતું નથી. અન્યથા સંસારનો ભય લાગ્યો છે એમ શી રીતે કહેવાય ? સંસારનો ભય થવો એ ધર્મ પાળનાર આત્માઓને અંગે ખાસ જરૂરી ગુણ છે. પ્રાર્થના સૂત્ર જયવીયરાયમાં દરેક જૈન કુલમાં જન્મેલાઓ પણ પ્રભુ આગળ ચૈત્યવંદનમાં ભવનિવ્વેઓ કહેતાં ભવનિર્વેદ (સંસાર પ્રત્યેની ઉદાસીનતા)ની માંગણી કરે છે. હવે પ્રભુ આગળ ભવનિર્વેદ (સંસારની ઉદાસીનતા)ની માંગણી કરનારા સંસારમાં લ્હેર કઈ રીતે કરે? ન જ કરે. પરંતુ જૈનત્વથી પરવારી બેઠેલા જૈન નામને લજવનારા કેટલાક જૈનો અને સંસારના ભયથી ભાગીને મુનિ થએલા કેટલાક વેષવિડંબકો આજે એક બાજુ વીતરાગદેવની આગળ સંસાર-ઉદાસીનતાની માંગણી કરે છે, અને બીજી બાજુ સંસારમાં ફસાવનાર રમા અને રામાના રંગમાં મ્હાલવા અને ન હોય તો મેળવીને પણ મ્હાલવાં જે ઉપદેશ આપી રહેલ છે, અને નામધારી જૈનો તે મેળવવા જે જહેમત ઉઠાવી રહ્યા છે, તે જોતાં ખરેખર તેમના આવા દંભી વર્તન માટે સમ્યગ્દૃષ્ટિઓને તો

ટલા માટે અણુસણ કરી, ગળે ફાંસો ખાઈ પ્રાણુનો ત્યાગ ર્યો. અહો! ધર્મનો કેટલો રાગ! વ્રતમાં કેટલી દઢતા! કેટલી રતા!!! ધન્ય છે આવી મહાસતીઓને, જે પોતાના શિયલના રક્ષણુને ાટે પ્રાણુનો પણ ત્યાગ કરે છે!

ખરેખર, પ્રાણ કરતાં પણ ધર્મ અધિક મનાયો હોય અને ઢતા હોય તોજ ધર્મ માટે પ્રાણુત્યાગ કરવાનું બને, અન્યથા મંદ ત્વવાળા જીવોને ધર્મ ત્યાગ કરતાં વાર લાગતી નથી. અહીં એમ ંકા થાય કે-આ રીતે ગળે ફાંસો ખાવો એ અકાળ મૃત્યુ ન હેવાય? અને જો કહેવાય તો આ રીતે મરવું એ યોગ્ય છે? ઉત્ત-માં જણાવવાનું કે-હા, યોગ્ય જ છે, કારણ કે-જગતમાં ધનાદિ તુચ્છ દાર્થોને માટે જેઓ આ રીતે મરે છે, તે યોગ્ય નથીજ, કારણ કે-અન્તે દુર્ગતિ છે: પરંતુ સ્વધર્મના રક્ષણુને માટે બીજો કોઈજ ઉપાય ન હોય તો આ રીતે પ્રાણુનો ત્યાગ કરીને પણ પોતાના મહાવ્રતાદિ ધર્મનું રક્ષણ કરવું, એ 'वरमग्गिपवेसो इत्यादि' શાસ્ત્રકારોના વચનો દ્વારા સિદ્ધ છે. કારણ કે ધર્મને માટે મરનાર સદ્‌ગતિએ જાય છે, અને ભોગને માટે ધર્મનો ત્યાગ કરનાર, નર્કાદિ દુર્ગતિઓમાં રખડે છે, એ શાસ્ત્રસિદ્ધ વાત છે.

આ મહાસતી સાધ્વીએ પણ મહાવ્રતના રક્ષણ માટે ફાંસો ખાઈને પણ પ્રાણુનો ત્યાગ કર્યો, તો તે દેવલોકને વિષે ગયાં, અન્યથા ભોગને આધીન થઈને પ્રાણુત્યાગ ન કર્યો હોત તો દુર્ગતિમાં જાત. હવે આ તરફ મહાત્મા સાગરિક પણ આ સાધ્વીજીનો ગળે ફાંસો ખાઈને મરણ પામ્યાનો વૃત્તાંત સાંભળીને પરમ વૈરાગ્યને પામ્યા, અને વિચારવા લાગ્યા કે-તેણીએ મનભંગના ભયથી અણુસણ કર્યું, અને ગળે ફાંસો ખાઈને પ્રાણુનો પણ ત્યાગ કર્યો, તો મારે પણ મરવાનું થયું; માટે હું પણ આન-પાણીનો ત્યાગ કરું. આ પ્રસંગેનો વિચાર આચાર્ય મહારાજને જણાવ્યા સિવાયજ પરમ સંવેગને પામેલા મહાત્મા આ

થએલાને આર્યદેશના રહેવાશીની સાથે મિત્રતાઈની ઈચ્છા થવી મુશ્કેલ છે. જુઓ આર્યદેશ, આર્યજાતિ અને આર્યકુલમાં જન્મ્યા છતાં આજે કેટલાકે આર્યની સંગતિ તો દૂર રહી, પણ જાતિથી અને કર્મથી જે અનાર્યો છે, તેની સંગતિ કરવાને ઈચ્છે છે. કહો, આ દુર્ભાગ્યની નિશાની નહિ તો બીજું શું ? મહાનુભાવ અભયકુમાર પણ મિત્રાચારીમાં એકલું કિંમતી ભેટણું મોકલે છે, એમ નહિ, પણ પ્રતિબોધ કરવા માટે ભગવાનની પ્રતિમા મોકલે છે, અને તેથી આર્દ્રકુમાર પ્રતિબોધ પામે છે, ખરેખર, મિત્ર મળો તો આવાજ મળો, કે જેના યોગે ધર્મ પમાય અને ઉભય લોકમાં હિત થાય.

જિનમૂર્તિના દુશ્મન બનેલાઓને ભાઈ કેવી રીતે મનાય ?

આ સ્થળે ધ્યાનમાં રાખવાનું છે કે-જેઓ શ્રી જિનમૂર્તિના શત્રુ બન્યા છે, તેવાઓની શી દશા થશે ? કારણ કે-જે શ્રી-જિનમૂર્તિ પરમધર્મની પ્રાપ્તિના કારણભૂત છે, અને આ ફણી (સર્પ) સમ પંચમ કાળનું ઝેર નિવારણ કરવામાં મણી સમાન છે. આથી તેનો વિરોધ કરવો, એ ખરેખર પોતાના આત્માને દુર્ગતિના મહેમાન બનાવવા રૂપ છે. આવાઓને ભાઇ મનાવવાની વાતો કરનારા પણ કેવા કહેવાય, એ વાંચકોએ સ્વયં વિચારી લેવું.

વૈરાગ્યના યોગે આર્દ્રકુમારનું અનાર્યદેશમાંથી આર્યદેશમાં આવવું.

જે દેવતાઈ ભોગોથી પણ મ્હને તૃપ્તિ ન થઈ; તો આ તુચ્છ અને અલ્પકાળના ભોગોથી તૃપ્તિ કેમ થશે ! આ આર્દ્રકુમારની કેટલી સુંદર વિચારણા છે. ખરેખર, જેઓનું નજીકમાં કલ્યાણ હોય છે, તેઓને આવી સુંદર ભાવના આવે છે, અને આવી સુંદર ભાવનાના

પોતે આત્મકલ્યાણ કરે છે, અને પરમ શાન્તિના માર્ગે જઈ શકે છે. જેઓ ભોગની તૃષ્ણારૂપ નદીના પૂરમાં તણાય છે, તેઓ તો બિચારા પુણ્યયોગે મળ્યું હોય, તે પણ શાન્તિથી ભોગવી શકતા નથી, એટલું જ નહિ પણ અધિક મેળવવાના લોભમાં તણાઈને સુભૂમ ચક્રવર્તિની માફક મરીને દુર્ગતિમાં જાય છે. માટે ભવ્યાત્માઓએ ભોગતૃષ્ણામાં નહિ તણાતાં તેના ઉપર કાપ મૂકવો જોઈએ: તો જ આત્મા પરમ શાન્તિને મેળવી શકે. અહિંયાં પણ મહાનુભાવ આર્દ્રકુમાર સુંદર ભાવનાના યોગે કામભોગથી ઉદ્વિગ્ન બની યથાયોગ્ય ભોગોનો ત્યાગ કરવા લાગ્યા, અને અનાર્ય દેશનો ત્યાગ કરી આર્ય દેશમાં આવવાને ઇચ્છે છે. આ જ કારણે આર્દ્રકુમારના પિતાને ભય લાગ્યો કે-આ પુત્ર આ દેશનો ત્યાગ કરી જરૂર આર્યદેશમાં જશે? આ ભયથી આર્દ્રક રાજાએ તેના રક્ષણના માટે પાંચસો રાજપુત્રોને ચોકી કરવા માટે મૂક્યા. જેમ વર્તમાનમાં પણ કેટલાકો દેશ અને જાતિથી આર્ય હોવા છતાં, પણ અનાર્યોનું અનુકરણ કરતા, પોતાના કેટલાક ધર્મવાસિત સંતાનોને સાધુ થઈ જશે? એવા ભયથી સાધુ પાસે જવા દેતા નથી અને તેના ઉપર જુલમ ગુજારવા પૂર્વક ચોકી કરવામાં આવે છે, તેમ આ અનાર્ય રાજવીએ આર્દ્રકુમારને માટે કર્યું. પણ સત્ત્વશાલી આર્દ્રકુમારે પાંચસોય ચોકીદારોની વચમાંથી ખસી જવા માટે એક ઉપાય શોધી કાઢ્યો. એટલે કે-અશ્વ ખેલાવવાનો ઉપાય શોધી કાઢ્યો. અને એક વખત અશ્વ ખેલાવવાના બ્હાને છુટા પડી, શ્રેષ્ઠ અશ્વ દ્વારાએ "પ્રપલાયિતઃ" એટલે કે અનાર્ય દેશનો ત્યાગ કરી આર્યદેશમાં ઇષ્ટકાર્યની સિદ્ધિ માટે પલાયન કરી ગયા.

વાંચક મહાશયો! આ સ્થાને એક શંકા થશે કે-આર્દ્રકુમા[ર] આ રીતે ચોકીદારોને વિશ્વાસ પમાડી કહ્યા સિવાય જતા રહ્યા, તે[થી] તેમને વિશ્વાસઘાતનું મહાન્ પાપ લાગ્યું કે નહિ? તો જણાવે [છે]

કે—ના, કારણ કે—વિશ્વાસઘાતનું પાપ ત્યારે જ લાગે કે-જ્યારે પરિણામે ઉભયનું અહિત હોય: પણ જો પરિણામે ઉભયનું હિત હોય, તો વિશ્વાસઘાતનું પાપ લાગતું નથી. હા, જો જગતને ઠગી ઐહિક તુચ્છ સ્વાર્થ સાધવાનો હોય તો તો જરૂર પાપ લાગે. પરન્તુ આર્દ્રકુમારને તો બીજાને ઠગીને કંઈ ઐહિક તુચ્છ સ્વાર્થ સાધવાનો નથી. માટે કઈ રીતે પાપ લાગે? ઉલ્ટા તે તો પરલોકના માટે ઐહિક ભોગોને છોડી જનાર છે.

વિધવાવિવાહના હિમાયતીઓને શેઠની પુત્રીનો પડકાર.

હવે આર્યદેશમાં આવ્યા પછી સંયમને લેતા મહાનુભાવ આર્દ્રકુમારને શાસનદેવી ના પાડે છે, અને કહે છે કે—તને ઉપસર્ગ થનાર છે. છતાં દેવીના તે વચનનો અનાદર કરી આર્દ્રકુમાર કહે છે, કે—હું દીક્ષા નહિ લઉં તો બીજો કોણ લેશે, એમ વિચારી વીર્યોલ્લાસથી ઉત્સાહના બળે તેમણે દીક્ષા લીધી. એક વખત વિચરતા વિચરતા આ મહાત્મા આર્દ્રકુમાર મુનિ વસન્તપુર નગરમાં પધાર્યા અને ત્યાં કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા છે. તે વખતે પૂર્વ ભવની સ્ત્રી જે બંધુમતિ સાધ્વીનો જીવ દેવલોક ગએલ અને ત્યાંથી ચ્યવન (મરણ) કરી આજ વસંતપુરમાં કોઈ શેઠની પુત્રી તરીકે ઉત્પન્ન થએલ છે. તે કન્યા બીજી કન્યાઓની સાથે રમતી રમતી મહાત્મા આર્દ્રકુમાર છે ત્યાં આવી, અને રમતમાં બીજી છોકરીઓએ જે કોઈ વીંટ થાંભલા વિગેરે જોયા, તેને જોઈને તે છોકરીઓ બોલવા લાગી કે-આ મારો પતિ. આ સાંભળીને બંધુમતી સાધ્વીનો જીવ જે શેઠની કન્યા છે, તેણીએ પણ સાધુને જોઈને કહ્યું કે—આ મારો પતિ. આ પ્રમાણે શેઠની કન્યા બોલી, એટલે નજીકમાં રહેલ કોઈ તે સ્થળની અધિષ્ઠાયક દેવીએ કહ્યું કે-તું વર સારો વરી. એમ કહીને બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ કરી. હવે તે સોનામહોરો રાજા લેવા લાગ્યો, પણ દેવીએ સર્પાદિના ઉપદ્રવદ્વારા

નિવાર્યો, અને કહ્યું કે—આ ધન કન્યાનું છે, બીજાનું નથી. આથી કન્યાના પિતાએ એ બધું ધન લીધું.

આ બાજુ મહાત્મા આર્દ્રકુમાર પણ આ અનુકુલ ઉપસર્ગ છે, એમ વિચારી જલદીજ બીજે સ્થળે વિચરી ગયા. ત્યારબાદ કન્યાને વરવા માટે આવેલ વરોને જોઇને, કન્યાએ માત-પિતાને પૂછ્યું કે—આપનું અત્રે આવવાનું પ્રયોજન શું છે? ત્યારે માતપિતાએ કહ્યું કે—આ તને વરનાર છે, એટલે કે—પરણવા માટે આવેલા છે. આ સાંભળીને કન્યાએ કહ્યું કે—' **तात ! सकृत्कन्या प्रदीयन्ते नानेकशः**' અર્થાત્ હે પિતાશ્રી ! કન્યાઓ એક જ વાર દેવાય છે પણ અનેકવાર દેવાતી નથી; જેના સંબંધી સોનૈયા તમે લીધા છે તેને હું દેવાઇ ચૂકી છું.

ભવિતવ્યતા અને કર્મની બલવત્તરતા.

ત્યાર બાદ પિતાએ કન્યાને કહ્યું કે—તે મુનિને તું જાણે છે ! કન્યાએ કહ્યું કે—તે મુનિના પગમાં રહેલું ચિહ્ન દેખાવાથી હું જાણું છું. બાદ કન્યાએ પિતાના કહેવાથી તે મુનિને જાણવા માટે સર્વ ભિક્ષુકોને દાન દેવા માંડ્યું. ત્યારબાદ બાર વર્ષે કોઇ વખત પૃથ્વીતલ ઉપર વિચરતા વિચરતા મહાત્મા શ્રી આર્દ્રકુમાર મુનિ ભવિતવ્યતાના યોગે પાછા વસંતપુર નગરમાં પધાર્યા, અને તે શ્રેષ્ઠિની પુત્રી શ્રીમતી કન્યાએ મહાત્મા આર્દ્રકુમારને ચરણના ચિહ્નથી ઓળખ્યા. ત્યારબાદ આ શ્રીમતી કન્યા પરિવારે સહિત મુનિની પાછળ ગઇ. શ્રી આર્દ્રકુમાર મુનિ પણ દેવીના વચનને યાદ કરતા તથાપ્રકારના કર્મોદયથી અને ભવિતવ્યતાના યોગે ચારિત્રને છોડી તેણીની સાથે ભોગ ભોગવવા લાગ્યા; અને અનુક્રમે ભોગસુખ ભોગવતાં એક પુત્ર પણ થયો.

ઉપરોક્ત કથામાંથી કેટલીક વાતો સમજવાની છે, કે—મહાત્મા આર્દ્રકુમાર અનાર્ય દેશનો ત્યાગ કરી આર્ય દેશમાં આવ્યા, ત્યારબાદ દેવીએ [illegible] એમ તેમને જણાવ્યું, છતાં આત્મ[illegible]

ઉત્સાહ બળે સંયમનો સ્વીકાર કર્યો, એ જેવી તેવી ધર્મશ્રદ્ધા નથીઃ તેમજ અપૂર્વ વીર્યોલ્લાસથી સંયમને પામીને બાર વર્ષ સુધી અખંડિત સંયમ પાળ્યું, તે પણ તેમના ધર્મ ઉત્સાહનો જ પ્રતાપ છે. આવા વૈરાગ્યવાન આત્માઓ જ્યારે સાવચેત અને દ્રઢ હોવા છતાં પણ સંયમથી પતિત થાય, ત્યારે સમજવું કે–તેઓ સ્વયં પડયા નથી, પણ મહાપાપી એવાં કર્મોએ તેઓને પાડયા છે, માટે પાપાત્મા કર્મનોજ દોષ છે.

વિવેકીનું કર્ત્તવ્ય.

જેમ વર્તમાનમાં કેટલાક ધર્મશત્રુઓથી સંયમીયોને સંયમથી પતિત કરવાના છુપા છુપા નીચ પ્રયત્નો સેવાય છે, અને સંયમથી પતિત કરીને પાછા એના એ બોલે છે કે–જોયું ? છે વૈરાગ્ય ? જો વૈરાગ્ય હોય તો શાનો પડે ? પણ વિચારતો નથી કે–પડયો કે પાડયો ? તેવી રીતે દુષ્ટ કર્મરાજાની છુપી છુપી પ્રેરણાથી કોઇ પતિત થાય, ત્યારે સમજવું કે–તે પડયો નથી, પણ કર્મે તેને પાડયો છે. જો આ પ્રકારે વિચારવામાં આવે તો સંયમીઓની નિન્દા કરવાનું સ્થાન ન રહે, પણ જેટલો ટાઈમ સંયમ પાળ્યું, તેની અનુમોદના કરી પુણ્ય ઉપાર્જન કરે.

સ્વપ્નોની બોલીનું દ્રવ્ય દેવભંડારમાં જવું જોઇએ.

બીજી વાત એ છે કે–જ્યારે શ્રીમતી કન્યાએ કહ્યું કે–આ મારો વર. ત્યારે દેવીએ તે કન્યાના પુણ્યે સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી. તેમજ વરસાવેલા તે ધનને લેતા રાજાને નિષેધ કરી, આ તો કન્યાનું ધન છે, એમ કહી તે કન્યાના બાપને સોંપાયું, પણ રાજાને ન મળ્યું કારણ કે–કન્યા નિમિત્તે વરસાવાયું છે.

[illegible]

વિષયાંધતાની ભયંકરતા

બીજી વાત એ પણ સમજવાની જરૂર છે કે [illegible] ગણાતા માનવી જ [illegible] વર્તે જેમ, ત્યારે પોતાના પિતાને સાફ સાફ જણાવી દીધું કે કન્યા તો એકવાર દેવાય, પણ વારંવાર દેવાતી નથી. જ્યાં આજના વીસમી સદીના કેટલાક ભણેલા ગણાતા વિષય વિલાસીઓને વિધવાવિવાહ યા તો પુનર્લગ્નની વાતો વાતે કરતાં આટલી પણ સમજ નહિ પડતી હોય શું? કે કન્યા દેવી પડે તો એકજવાર દેવાય, પણ વારંવાર ન દેવાય ખરેખર, વિષયાંધતા એ કારમો દોષ છે. કે જેના પ્રતાપે ઉન્માર્ગમાં જતા આત્માને સન્માર્ગની સૂઝ પડતી નથી.

આપણી મૂળ વાત એ છે કે-તથા પ્રકારના કર્મવશથી અને ભવિ તવ્યતાદિના યોગે સંયમથી પતિત થવું પડયું, છતાં મહાનુભાવ આર્દ્ર કુમારના હૃદયમાંથી ધર્મશ્રદ્ધા ગઇ નથી. તેથી જ ફરીવાર પણ આર્દ્ર કુમારે કહ્યું કે-હાલ તને પુત્ર સહાયક છે, માટે "स्वकार्यमनुतिष्ठामि અર્થાત્-હું પોતાના કાર્યને સાધું, એટલે કે-સંયમ આરાધના કે આથી સ્પષ્ટ જ છે કે-સંયમથી પતિત થવું પડયું, પણ શ્રદ્ધા પતિત થયા નથી, એ પણ મહાભાગ્યની નિશાની છે. અન્યથા ધર્મશ્રદ્ધા ટકવી મુશ્કેલ છે. પોતાનો પતિ દીક્ષા લેશે, એ જાણી શ્રીમતીએ सुतव्युत्पादनार्थं એટલે કે-પુત્રને જણાવવા કપાશ કાંતવા

માંડયો. તે દેખીને બાળકે પૂછયું કે—હે મા ! બીજા પામર જનોને ઉચિત આ શું કરવા માંડયું છે ? માતાએ જણાવ્યું કે—તારો બાપ દીક્ષા લેવાની ઇચ્છાવાળો છે અને તું હજી સુધી બાળક છે, અને ધન કમાવવામાં અસમર્થ છે, તેથી અનાથ એવી હું સામાન્ય સ્રીજનને ઉચિત કર્મ વડે મારૂં અને તારૂં પાલન કરીશ; એમ વિચારી આ કામ આદર્યું છે. તે બાળકે પણ તાત્કાલિક બુદ્ધિવડે માએ કાંતેલ સુતર વડે જ મારાથી બંધાયેલા હવે આ કયાં જશે ? આ પ્રકારે કાલુ કાલુ બોલતા, એવા તે પુત્રે ત્યાં બેઠેલા પિતાને બાંધી લીધા. આથી મહાનુભાવ આર્દ્રકુમારે પણ વિચાર્યું કે—આ બાળકે જેટલા તંતુઓ વીંટયા છે, તેટલાં વર્ષ મારે ગૃહવાસમાં રહેવું. આ પ્રમાણે વિચારી તાંતણા ગણ્યા તો બારની સંખ્યા થઇ, તેથી ફરીથી બારવર્ષ ગૃહવાસમાં રહ્યા. બારવર્ષ પૂર્ણ થયાં કે—ગૃહવાસનો ત્યાગ કરી પુનઃ દીક્ષા લીધી. ત્યારબાદ તે વિચરતા વિચરતા રાજગ્રહી નગરી તરફ જાય છે. તેવામાં માર્ગમાં પોતાની રક્ષામાં રહેલા પાંચસો રાજપુત્રો રાજભયથી અને આર્દ્રકુમાર જતા રહેવાથી વિલખા પડેલ હોવાથી, આર્દ્રકરાજાની પાસે નહિ જતાં આર્યદેશમાં આવી, ચોરી કરી આજીવિકા ચલાવતા હતા તે મળ્યા. તેઓએ મહાત્મા આર્દ્રકુમારને ઓળખ્યા, અને મહાત્મા આર્દ્રકુમારમુનિએ પણ તેમને ઓળખ્યા. અને ત્યારબાદ આ રાજપુત્રોને કહ્યું કે—તમોએ આવું નીચ કર્મ કેમ આદર્યું છે. તેઓએ કહ્યું કે—આપના પિતાશ્રી જે આર્દ્રકરાજા તેમના ભય વડે કરીને અમે સર્વે અત્રે આવીને આ કર્મ કરી રહ્યા છીએ. ત્યાર પછી મહાત્મા આર્દ્રકુમારના વચનથી પ્રતિબોધ પામીને પાંચસો જણાએ દીક્ષા લીધી. ત્યારબાદ તેમણે રાજગૃહીનગરમાં પ્રવેશ કરતાં રસ્તામાં ગોશાલાને, હસ્તિતાપસોને અને બ્રાહ્મણોને વાદમાં જીતી લીધા. તેમજ આર્દ્રકુમારને દેખવાથી જ હાથી બંધનથી છુટો થઇ ગયો. ત્યારબાદ આર્દ્રકુમાર મુનિની ધર્મકથાથી ખેંચાએલા તે હસ્તિતાપસાદિએ મહાત્મા શ્રી વીર ભગવાનના સમવસરણમાં આવીને દીક્ષા લીધી.

દેવીએ અર્પેલા સાડાબાર ક્રોડ સોનૈયા છે: તે શ્રી પતિ દીક્ષા લે તો પણ થોડી જ ભૂખે મરવાની છે, કે જેથી રેંટીયો કાંતે ?

આજ કારણે શાસ્ત્રકાર મહારાજાઓ પણ સુતવ્યુત્પાદનાર્થં અર્થાત્ પુત્રને જણાવવા માટે કે-તારો બાપ દીક્ષા લે છે, આ જણાવવા માટે જ કપાસ કાંતે છે, એમ ખૂલ્લે ખૂલ્લું જણાવેલ છે; છતાં પોતાની પાપ-પ્રવૃત્તિને પોષવા ઉંધું બોલે તેનું શું થાય ?

પુનઃ ચારિત્રરત્નની પ્રાપ્તિ એ મહાભાગ્યની નિશાની છે.

વાંચક વર્ગ! પુત્રાદિકના સ્નેહનું બંધન પણ મહા ભયંકર છે-કે જેના યોગે આર્દ્રકુમાર જેવા મહા પ્રતાપી પુરૂષને પણ અમુક વખત ગૃહસંસારમાં રહેવું પડ્યું: જો કે-અંતે તેમણે સ્નેહપાશના બંધનનો ત્યાગ કરી સંયમનો પુનઃ સ્વીકાર કર્યો છે; એ કાંઇ ઓછું પ્રશંસનીય નથી, એ તો મહાભાગ્યની નિશાની છે. કારણ કે-હાથમાંથી સરકી ગએલું અને સમુદ્રમાં પડી ગએલું એવું ચિંતામણી રત્ન ફરી પણ જો મળી જાય, એ જેમ મહાભાગ્યનો વિષય છે, તેમ સમ્યક્ચારિત્ર-રૂપ ચિંતામણી રત્ન સંસાર-સમુદ્રમાં ગુમાવેલું પાછુ મળવું (ચારિત્રને અટકાવનાર મોહનીય કર્મના નાશ રૂપ), એ મહા ભાગ્યનો ઉદય હોય તોજ મળે. ગોશાલો, હસ્તિતાપસો અને બ્રાહ્મણો વિગેરે મળ્યા, તો પણ તે જિનમાર્ગથી ચલાયમાન ન થતાં હસ્તિતાપસાદિકને પ્રતિબોધ્યા, તે પણ ઓછું પ્રશંસનીય નથી જ. અંતે તેઓ શ્રી મહાવીર ભગવાન પાસે આવીને શિવસુખને પામ્યા.

સત્યાસત્ય જાણ્યા પછી મધ્યસ્થ આત્માઓએ અસત્યનો ત્યાગ કરિ સત્યનો જ સ્વીકાર કરવો જોઇએ.

મહાનુભાવ શ્રી આર્દ્રકુમારના દૃષ્ટાંતમાં આપણે કેટલીક પ્રાસંગિક

ન હોવો જોઈએ. જેનામાં હેય-ઉપાદેયના અંતરને સમજવાની બુદ્ધિ નથી, તે લોકોત્તર ધર્મને શી રીતે પામે? માટે આ ગુણની પણ જરૂર છે.

ત્રીજા ગુણના અધિકારમાં 'ન્યાયમાર્ગ રતિ' એટલે વ્યવહારની શુદ્ધિ આદિમાં પ્રીતિવાળો પણ અન્યાય માર્ગમાં પ્રીતિવાળો ન હોવો જોઈએ.

ચોથા પ્રકારનો ગુણ દૃઢ 'નિજવચનસ્થિતિ' એટલે કે-દૃઢ પ્રતિજ્ઞાવાળો.

ઉપરોક્ત ભદ્રક પ્રકૃતિ, વિશેષનિપુણમતિ. ન્યાયમાર્ગરતિ અને દૃઢનિજવચનસ્થિતિ-આ ચાર ગુણવાળાને શ્રીજિનેશ્વર મહારાજાએ શ્રાદ્ધધર્મને યોગ્ય કહ્યા છે. જો કે આગમમાં ધર્મ પામવાની યોગ્યતા જણાવનારા ૨૧ ગુણો કહ્યા છે, પરંતુ ઉક્ત ચાર ગુણોમાં તે ગુણોનો સમાવેશ થઇ જાય છે, એટલે અહીં ચારજ ગુણોનું વર્ણન કર્યું છે.

ચારેય ગુણોની આવશ્યકતા

હવે કદાચ આપણને એમ શંકા થાય કે-આ ચાર ગુણોની શી જરૂર છે? તો તેના સમાધાનમાં પરમોપકારી શ્રી શ્રાદ્ધવિધિકાર જણાવે છે કે—

एषु चतुर्ष्वाद्यगुणत्रयं विना कदाग्रहग्रस्तत्वान्मूढत्वा-दुर्नयासक्तत्वात् श्राद्धधर्मप्रतिपत्तिरेव न स्यात्। दृढप्रतिज्ञत्वाभावे तु प्रतिपन्नोपि श्राद्धधर्मो धूर्तमैत्रमिव, ग्रहिलगृहीतसुवेष इव, कपिकंठन्यस्तहार इव स्वल्पनिर्वाह एवेति।'

ભાવાર્થ એ છે કે-' આ ચાર ગુણોની અંદર પૂર્વના ગુણો સિવાય વાસ્તવિક શ્રાવકધર્મનો સ્વીકારજ ન થઇ શકે. કારણ કે-કદાગ્રહ સહિતપણું, મૂઢપણું તેમજ અન્યાયમાં

પ્રસિદ્ધ એવું એક નગર હતું, કે જે નગરના લોકોમાં નિર્દયતા, કુશીલતા, જડતા અને બંધનાદિ દોષોનો અભાવ હતો, અર્થાત્ તે દોષો ચાલ્યા ગયા હતા. તો તે દોષો ક્યાં ચાલ્યા ગયા? તો જણાવે છે કે-નિર્દયતા લોકોમાં ન હતી પણ શસ્ત્રમાં, કુશીલતા હળમાં, જડતા પાણીમાં અને બંધન પુષ્પમાં હતું, પણ લોકમાં નહિ હતું. અર્થાત્ નગરની પ્રજા દયાળુ, સદાચારી અને બુદ્ધિશાળી હતી. કે જે ગુણોના યોગે રાજ્યના બંધનથી રહિત સ્વતંત્રપણે વિચરી શકતી હતી. આવા સુંદર નગરમાં રૂતુધ્વજ નામના રાજાનો પુત્ર કામદેવના સમાન રૂપવાળો મૃગધ્વજ નામે રાજા રાજ્ય કરતો હતો.

શ્રીમૃગધ્વજરાજાને ત્રણ પ્રકારની લક્ષ્મીની પ્રાપ્તિ

જે મૃગધ્વજ રાજાને જાણે સ્પર્ધા વડેજ હોય નહિ શું, તેમ ઘણીજ રાજ્યલક્ષ્મી, ન્યાયલક્ષ્મી અને ધનલક્ષ્મી સ્વયં વરી હતી. અર્થાત્ મૃગધ્વજ રાજા, એ જેમ રાજ્યના માલિક હતા, તેમ ન્યાયી અને ધર્મી હતા. અત્રે યાદ રાખવાનું છે કે—

જ્યારે કેટલાક રાજાઓ પૂર્વના પુણ્યસંયોગે રાજ્યલક્ષ્મીના ભોક્તા બને છે, પણ ન્યાયલક્ષ્મીના ભોક્તા હોતા નથી—અર્થાત્ અન્યાયી હોય છે. જ્યારે કેટલાક ન્યાયલક્ષ્મી પૂર્વક રાજ્યલક્ષ્મીના ભોક્તા હોય છે, પણ ધર્મલક્ષ્મીના ભોકતા હોતા નથી. ત્યારે આ મૃગધ્વજ રાજા ત્રણેય લક્ષ્મીના ભોકતા છે, એ તેમનો પૂર્વનો મહાન્ શુભ પુણ્યોદય છે. અન્યથા, ત્રણ પ્રકારની લક્ષ્મીની પ્રાપ્તિ થવી ઘણીજ મુશ્કેલ છે. આવા રાજાઓ એ જગત્‌ને આશિર્વાદ રૂપ બનવામાં પ્રથમ નંબરે આવે છે. ન્યાયલક્ષ્મી પૂર્વક રાજ્યલક્ષ્મીના ભોકતા પણ બીજા નંબરે જગતને આશિર્વાદ રૂપ બને છે.

ત્યારે અન્યાયી અને અધર્મી રાજાઓ દુર્ગતિના ખાડામાં જઇને પટકાય છે.

હવે જે રાજાઓને નથી તો ધર્મલક્ષ્મી વરી અને નથી તો ન્યાયલક્ષ્મી વરી, તેવા અધર્મી અને અન્યાયી રાજાઓ ખરે ખર જગત્‌ને શ્રાપ રૂપ બને છે. આજ કારણે આવા રાજાઓ પૂર્વ પુણ્યના ભોકતા છતાં જેમ દીવામાં દીવેલ ખુટે અને બુઝાઇ જાય, તેમ પુણ્ય ખુટી જતાં આ ભવમાં અપયશ પામવા સાથે પરભવમાં દુર્ગતિના મ્હેમાન બને છે. ખરેખર, જે રાજાઓમાં ધર્મ કે ન્યાયલક્ષ્મીનો વાસો નથી, તે રાજાઓને તેઓની રાજ્યલક્ષ્મી જ દુર્ગતિમાં પટકાવનાર છે. વર્તમાનમાં પણ આપણે જોઈએ છીએ કે—મહારાણી વિકટોરીયાના રાજ્યઅમલ બાદ દરેક ધર્મવાળાઓ પોતપોતાના ધર્મને નિરાબાધપણે પાલન કરી રહ્યા છે; તે તેની નીતિનો પ્રતાપ છે ને ? અને તેના પ્રભાવે તેના વારસદારો હજી પણ રાજ્યને ભોગવી રહ્યા છે ને ? આર્યદેશમાં નહિ જન્મ પામેલા એવાઓની જ્યારે આ જાતની નીતિ છે, ત્યારે આર્યદેશોત્પન્નરાજવીઓની કેવી દશા હોવી જોઇએ ? પરંતુ ખેદની વાત છે કે—આર્ય દેશમાં જન્મ પામવા માત્રથીજ આર્ય ગણાતા આજના કહેવાતા કેટલાક રાજવીઓ પ્રાયઃ ધર્મલક્ષ્મી અને ન્યાયલક્ષ્મીથી જાણે પરવારિ ચૂકયાજ ન હોય ? તેમ પરમ શ્રેષ્ઠ અને એકાંતે કલ્યાણકારી એવો જે ત્યાગમાર્ગ રૂપ પરમધર્મ, તેને રૂંધવાના કાયદાઓ કરે છે. આ ભયંકર અન્યાય નહિ તો બીજું શું ?

જેવો રાજા તેવી પ્રજા

ચાલો. આપણી મૂળ વાત તો એ છે કે—જે રાજાઓને

ાયલક્ષ્મી અને ધર્મલક્ષ્મી વરેલી હોય છે, તે રાજાઓ જગત્માં
ઠાકેર વર્તાવનારા થતા નથી, કિન્તુ નીતિમય અને ધર્મમય રાજ્યને
નાવીને, પ્રજાના શુભ આશિર્વાદ મેળવી આ ભવ અને પરભવમાં
ણુ સુખી થાય છે: અને તેઓના રાજ્યને વિષે પ્રજા પણ પ્રાયઃ
ાયી અને ધર્મી હોય છે. જગત્માં પણ કહેવાય છે કે-'**યથા રાजा**
થા પ્રजा' અર્થાત્ જેવા રાજા તેવી પ્રજા હોય છે. જો રાજા
ાયી અને ધર્મી હોય છે, તો પ્રાયઃ પ્રજા પણ ન્યાયી અને ધર્મી
ાય છે. જો રાજા અન્યાયી અને અધર્મી હોય છે, તો પ્રજા પણ
ાગભગ તેવી હોય છે. આ બાજુ મૃગધ્વજ રાજા પણ ન્યાયી અને
ધર્મી છે. આજ કારણે મૃગધ્વજ રાજાના રાજ્યમાં કોઈને પણ બંધ-
ાનો અવકાશ નથી.

મોહદશાની ભયંકરતા

હવે એક વખતે વસંતઋતુમાં આ મૃગધ્વજ રાજા ઉદ્યાનમાં ક્રીડા કરવાને માટે અંતઃપુર સહિત નગરની બહાર જાય છે, અને ત્યાં જઈને જળક્રીડાદિ અનેક પ્રકારની ક્રીડાને (રમત) કરે છે. જેમ હાથણીઓથી વિંટાએલો હાથી કરે તેમ.

ખરેખર, મોહદશા ભયંકર છે કે-પુણ્યવાન્ આત્માઓને પણ મોહને લઈ ક્રીડા કરવાનું મન થાય છે. બાકી જેઓ બચ્યા છે તેઓ ભાગ્યશાળી કહેવાય.

ક્રીડા કરી રહ્યા બાદ ઉદ્યાનમાં એક આંબાનું વૃક્ષ છે. તે વૃક્ષની સુંદર છાયામાં અંતઃપુરની રાણીઓએ સહિત મૃગધ્વજ રાજા આવીને આદરપૂર્વક બેસે છે. જેમ દેવો કલ્પવૃક્ષની છાયામાં બેસે તેમ. આ રીતિએ આંબાના વૃક્ષ નીચે બેઠા પછી તે મૃગધ્વજ રાજા ઉદાર અને પ્રધાન શ્રૃંગારવાળી પોતાની રાણીઓને જોઈને વિચારે છે કે-અહા! જાણે સાક્ષાત્ શ્રૃંગાર રાણીઓના રૂપે આવ્યો હોય નહિ શું? આટલો વિચાર કરી પોતાની તેવી સુંદર રાણીઓને જોઈને આશ્ચર્યથી ફરીથી પોતાના હૃદયમાં આ પ્રકારે વિચાર કરવા લાગ્યો.

આશ્ચર્યકારી પ્રસંગ

આ વાત સાંભળીને દુઃખી થએલા અને પશ્ચાત્તાપને કરતા રાજાને શુકરાજે કહ્યું, કે હે રાજન્! તમારે જરા પણ પશ્ચાત્તાપ કરવો નહિં. હજુ પણ ઘણો કાળ તમે રાજ્ય કરશો. આ પ્રમાણેનાં શુકરાજનાં વચનો સાંભળીને રાજા જેટલામાં ખુશ થાય છે, તેટલામાં સામેથી સેનાને આવતી જોઈને, આ શત્રુ સેના મને મારવા માટે આવે છે, એમ સમજીને રાજા ભય પામે છે, પરન્તુ જ્યારે સેનાએ નજીક આવીને નમસ્કાર કર્યો. ત્યારે રાજાએ જાણ્યું કે-આ તો મ્હારીજ સેના છે.

આશ્ચર્યયુક્ત ચિત્તવાળો રાજા સેનાધિપતિને અને સેનાને પૂછે છે, કે તમોએ કેવી રીતે જાણ્યું કે-હું અહિં છું? ત્યારે તેઓએ પણ કહ્યું કે-હે સ્વામિન્! આ સમ્બન્ધમાં અમે કંઈજ જાણતા નથી. કે અમે અહિં કેવી રીતે આવ્યા. ખરે જ! કોઈ દૈવી પ્રભાવ જણાય છે.

રાજાની કૃતજ્ઞતા

આશ્ચર્યકારી આ વૃત્તાન્તથી રાજાએ વિચાર કર્યો, કે-અહો દેવની માફક આ શુકરાજની વાણી સાચી જ પડે છે. અહો? અપૂર્વ ઉપકારી આના ઉપકારના બદલાને હું કેવી રીતે વાળીશ? આ પ્રકારે પ્રીતિથી રાજા જેટલામાં શુકરાજની સ્હામે જુવે છે, તેટલામાં દેવની માફક અંતર્ધાન થયેલા તેને દેખતો નથી. આથી રાજાએ વિચાર કર્યો કે-જરૂર પ્રત્યુપકાર લેવાના ભયથી જ તે દૂર ભાગી ગયો હોય તેમ જણાય છે. આ રીતિએ અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પને કરતા રાજાને સેનાએ કહ્યું, કે-હે સ્વામિન્ આપ હાલ નગરમાં પધારો. કારણ કે-મેઘ જેમ મોરને ખુશ કરે છે. તેમ આપનાં દર્શન કરાવીને નગરના લોકોને ખુશ કરો.

રાજાના આશ્ચર્યકારી દાક્ષિણ્યતાદિગુણો

સમયોચિત સેનાનાં વચન સાંભલીને રાજા નગર તરફ ચાલ્યો. રાજાને આવતો જોઇને ચંદ્રશેખર ભાગવા લાગ્યો, પરન્તુ તે ટાઇમે પોતાને કંઇક બુદ્ધિ સ્ફુરાયમાન થવાથી પોતાના સુભટને મોકલીને ચંદ્રશેખરે મૃગધ્વજ રાજાને કહેવડાવ્યું, કે–હે સ્વામિન્! આપના શૂન્ય રાજ્યને જાણીને હું તેની રક્ષા કરવા માટે અહિં આવ્યો હતો, પરન્તુ અજાણ એવા આપના સુભટોએ મ્હારી સાથે યુદ્ધ કર્યું. આ પ્રકારની કપટવાણી સાંભલીને શંકિત બનેલો રાજા દાક્ષિણ્યાદિકથી તે વાતને સાચી હોય એમ માનવા લાગ્યો. તેમજ સામે આવતા ચંદ્રશેખરનું મૃગધ્વજ–રાજાએ બહુમાન કર્યું–"**અહો રાજાની દાક્ષિણ્યધુર્યતા?**" "**અહો? ગામ્ભીર્યધુર્યતા?**"

પતિદ્રોહ બુરો છે

ત્યારબાદ સમહોત્સવ **કમલમાલા નામની નવપરિણીત રાણી સાથે** રાજાએ પોતાના નગરમાં પ્રવેશ કર્યો, અને **કમલમાલાને પટરાણી પદે સ્થાપી.** ત્યારબાદ તાપસે આપેલા મંત્રનો જાપ કર્યો. તેના પ્રભાવે દરેક રાણીઓને એકેક પુત્ર થયો. પરન્તુ પતિદ્રોહ કરનારી ચંદ્રાવતીને પુત્ર ન થયો. જાણે પતિનો દ્રોહ કરવાના પાપનું જ ફલ ન હોય શું?

સુન્દર સ્વપ્નનું સુન્દર ફળ

એક વખત સુતેલી અને અલ્પનિદ્રાને કરતી કમલમાલાએ રાત્રીમાં સ્વપ્નને દેખીને રાજાને કહ્યું, કે–હે સ્વામિન્! આજે તે આશ્રમમાં રહેલા શ્રી આદિનાથ ભગવાનને મેં સ્વપ્નમાં જોયા અને તેમને નમસ્કાર કર્યો. ત્યારબાદ ભગવાને મ્હને કહ્યું, કે–હે! **ભદ્રે આ શુકરાજ તું લે અને પછીથી હું ત્હને હંસરાજ આપીશ.** આ પ્રકારે કહીને મ્હને શુકરાજ આપ્યો. તો હે સ્વામિન્! આ સ્વપ્નનું શું ફલ થશે? સ્વપ્નફલના જાણકાર રાજાએ કહ્યું, કે–હે પ્રિયે! ત્હને

ઉત્તમ એવા બે પુત્રો થશે. વળી [1]ભગવાને મહેરબાની કરી છે, માટે હે કાન્તે! અંતમાં તે હારા બન્ને પુત્રો ભગવાન જેવા થશે. આ વાતમાં લેશ માત્ર સંશય નથી. ત્યારબાદ તે રાણી આનંદપૂર્વક ગર્ભનું પાલન કરે છે. અવસરે પટ્ટરાણીએ પૂર્વદિશા સૂર્યને જેમ તેમ ઉત્તમ એવા એક પુત્રને જન્મ આપ્યો. રાજાએ સ્વપ્નાનુસારે તે બાળકનું નામ શુકરાજ આ પ્રકારે પાડ્યું. બાળક બીજના ચંદ્રની જેમ દિનપ્રતિ-દિન વૃદ્ધિને પામતો પાંચેક વર્ષનો થયો.

શુકરાજના વૃત્તાન્તના શ્રવણથી શુકરાજને આવેલી મૂર્ચ્છા અને મૂંગાપણું

તેવા ટાઇમમાં એક વખત રાજા, રાણી પુત્રાદિક પરિવારે સહિત ઉદ્યાનમાં જાય છે, અને ત્યાં એક આંબાના ઝાડ નીચે બેસીને રાજા કહે છે, કે–હે પ્રિયે! આ તે આંબો છે, કે–જે આંબા પર બેઠેલા શુકરાજના વચનથી હું હને લેવા આશ્રમે આવેલ હતો. ઇત્યાદિ વૃત્તાન્ત સાંભળીને પિતાના ખોળામાં રહેલો બાલક એકદમ મૂર્ચ્છા ખાઇને જમીન પર ઢળી પડ્યો. તે વખતે ચંદનાદિકના ઘણા શીત ઉપચાર કરવાથી તે બાલકની મૂર્ચ્છા દૂર થઈ, પરન્તુ તે બોલતો નથી, અને કોઇની સામું પણ જોતો પણ નથી. ત્યારબાદ રાજા, રાણી વિગેરે તે બાલકને લઇને પોતાના રાજમહેલમાં ગયા, અને અનેક પ્રકારના ઉપચાર કરાવ્યા, પરન્તુ કંઈ પણ લાભ થયો નહિ. આ રીતિએ ૭ મહીના ચાલ્યા ગયા. છતા કોઇને પણ આ બાલક કેમ બોલતો નથી તેની સમજણ પડી નહિ.

રાજાને થતું આશ્ચર્ય

એક વખત રાજા કૌમુદી મહોત્સવના પ્રસંગે મૂકપુત્ર તથા પ્રિયા વિગેરે સહિત ઉદ્યાનમાં જાય છે, તેવામાં ત્યાં આગલ

---

૧ જો કે ભગવાન તો વીતરાગ છે. પરંતુ શાસન અધિષ્ઠાયક દેવો પ્રભુભક્તથી રંજિત થઇને ઇચ્છિતને પૂરે છે.

કેવલી ભગવાનનો યોગ પ્રાપ્ત થતાં ધર્મદેશનાને સાંભલે છે, દેશના પૂર્ણ થયા બાદ રાજા ભગવાનને પૂછે છે, કે–હે ભગવન્! આ પુત્રની વાણી કેમ બંધ થઇ? તથા અમારી સામે કેમ જોતો નથી? આ પ્રકારના રાજાના પ્રશ્નને સાંભલીને તે વખતે શ્રીકેવલીભગવાને રાજપુત્રને કહ્યું કે,–હે શુકરાજ! તું વિધિપૂર્વક વંદન કર. કેવલી ભગવાનના આ રીતિના વચનને સાંભલતાંજ સૂત્રોચ્ચારણપૂર્વક શુકરાજ વંદન કરવા લાગ્યો. આથી સહુ કોઈ મંત્રતંત્રાદિકના પ્રયોગ વિના પણ સ્પષ્ટ ઉચ્ચારને કરતો જોઈ આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. આ શું? એમ રાજાએ પૂછ્યું ત્યારે કેવલીભગવાને કહ્યું કે હે રાજન્! અહિં પૂર્વભવ સંબંધી જે કારણ છે, તે સાંભલ.

શ્રીશુકરાજના પૂર્વભવનું વર્ણન

પૂર્વકાલમાં મલયનામના દેશમાં **શ્રી ભદ્દિલપુર નામનું એક નગર હતું.** અને ત્યાં **જિતારી નામે રાજા હતો.** એક વખત વિજયદેવ રાજાનો દૂત આવીને તે રાજાને પ્રણામ કરીને કહેવા લાગ્યો, કે–હે સ્વામિન્! **દેવપુર નામના નગરમાં વિજયદેવ** નામના રાજાને **પ્રીતિમતી નામની** સતીઓમાં શિરોમણિ એવી **પટરાણી** છે. તેણીને ચાર પુત્રો ઉપર **હંસી અને સારસી નામની બે પુત્રીઓ** છે. તે બેઉ જણીઓ પરસ્પર વિયોગના ભયથી એકજ પતિને ચાહે છે. આથી અમારા સ્વામી શ્રીવિજયદેવરાજાએ સ્વયંવર-મંડપ માંડેલ છે, અને અનેક દેશના રાજાઓને આમંત્ર્યા છે. આપશ્રીને આમંત્રણ કરવા માટે મ્હને અહિં મોકલ્યો છે. માટે આપ ત્યાં પધારો.

જિતારી રાજા પણ આ પ્રકારના વિજયદેવ રાજાના આમંત્રણથી દેવપુર નગરમાં ગયો. આ રીતિએ બીજા પણ અનેક રાજાઓ ત્યાં આવ્યા. અનુક્રમે ત્યાં સ્વયંવર મંડપમાં તે બન્ને કન્યાઓએ આ જિતારી રાજાને વરમાળા પહેરાવી અને વિજયદેવ રાજાએ સમહોત્સવ તેમની સાથે પરણાવી.

માયાવીઓની દુર્દશા

અરે જ ! પુણ્ય વિના વાંછિત પદાર્થની પ્રાપ્તિ થતી નથી જ. આથી બીજા સઘળાય રાજાઓ નિરાશ થઈને પાછા ફર્યા. ત્યારબાદ તે બન્ને કન્યાઓ સહિત જિતારી રાજા પોતાના નગરમાં ગયો. અને તે બન્નેને પટરાણીઓ બનાવી. આ બન્ને બહેનોમાં હંસી એ સરલ સ્વભાવવાળી હતી, ત્યારે સારસી જરા માયાવી હતી. આથી માયા વડે કરીને રાજાને ખુશ કરતી એવી સારસીએ સ્ત્રીકર્મ દૃઢ કર્યું. અને હંસીએ શિથિલ બનાવ્યું. અહો ? જગતના આત્માઓની કેવી મહા મૂર્ખતા છે ? કે-જેઓ માયા વડે દુષ્કર્મ ઉપાર્જન કરીને પોતાના આત્માને દુર્દશામાં નાખે છે.

શ્રીગિરિરાજનો મહિમા અને રાજાની ભીષ્મ પ્રતિજ્ઞા

એક વખત શ્રી જિતારી રાજા શ્રી શત્રુંજયગિરિરાજ તરફ જતા સંઘને જાણીને કૌતુકથી સંઘમાં આવ્યો, અને ત્યાં આગલ લબ્ધિસંપન્ન શ્રીશ્રુતસાગર નામના આચાર્ય મહારાજ પાસેથી નીચે મુજબ શ્રી તીર્થાધિરાજનો મહિમા સાંભળ્યો. તે આ પ્રમાણે -કે ધર્મ વિના ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિ થતી નથી જ, અને તે ધર્મ અરિહંત પરમાત્માએ કહેલજ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. તેમાં પણ સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે, કે-જેના વિના સર્વે વ્રતાદિક કષ્ટરૂપ છે. તે સમ્યગ્દર્શન સુદેવ સુગુરૂ અને સુધર્મ. આ ત્રણ તત્ત્વોની શ્રદ્ધારૂપ છે. તેમાં પણ શ્રી જિનેશ્વરો પ્રથમ છે અને તેમાં પણ શ્રી આદિનાથ ભગવાન પહેલા છે. આ ભગવાનનો અનેક તીર્થોમાં ઘણો મહિમા છે. અને સઘળાય તીર્થોમાં શ્રી વિમલાચલ એ પ્રથમ તીર્થ છે. તેનાં આ અવસર્પિણી કાલમાં શ્રીસિદ્ધક્ષેત્રાદિ અનેક નામો છે, તેમાં કેટલાંક થઈ ગયાં, અને

કેટલાંક થશે: તેમાં શ્રીશત્રુંજયનામ ભવાન્તરમાં લ્હારાથી જ
થશે. આ તીર્થ અનંત સિદ્ધોનું સ્થાન હોવાથી શ્રીસિદ્ધક્ષેત્ર
કહેવાય છે. આ તીર્થની શ્લાઘા જગત્પૂજ્ય શ્રીસીમંધરસ્વામી
પણ કરે છે. આ ગિરિ પ્રાયઃ શાશ્વતા છે. અહિં
કરાયેલ દાનાદિ ક્રિયા અનંત ફલને દેનારી બને છે.
આ મહાન્ પવિત્ર તીર્થની યાત્રા કરી જેણે આત્માનું સાધ્યું
નહિ, તેનો જન્મ એળે ગયો સમજો. તે જન્મ્યો તોય શું?
પંડિત થયો તો પણ શું? અર્થાત્ તેનું સઘળુંય નકામું છે.
કારણ કે-જે જન્મીને, જીવીને અને પંડિત થઇને પણ આ
તીર્થને નમ્યો નહિ. ઈત્યાદિ ગિરિરાજનો મહિમા સાંભળીને
ભદ્રકતાદિગુણયુક્ત હોવાથી રાજા સમ્યક્ત્વને પામ્યો અને તેજ
વખતે પ્રધાનને હુકમ કર્યો કે-હે મંત્રી! શ્રીવિમલગિરિની યાત્રાને
માટે તૈયારી કરો. જ્યાં સુધી પગે ચાલીને યુગાદિદેવનાં દર્શન
ન કરૂં, ત્યાંસુધી મ્હારે અન્નપાણીનો ત્યાગ છે. આ પ્રકારે
રાજાએ અભિગ્રહ કર્યો. અને તેની સાથે હંસી, સારસી એ
પટરાણીઓ તેમજ બીજા પણ અનેક જણાએ તે રીતે
અભિગ્રહ કર્યો. કારણ કે-જેવો રાજા તેવી પ્રજા. અહો?
કેટલી સાત્ત્વિકતા?

રાજાની પ્રતિજ્ઞામાં દૃઢતા અને તેની ઉત્તમતાનું દિગ્દર્શન

આવો ઘોર અભિગ્રહ જાણીને મંત્રીઓએ તથા ગુરૂમહારાજે
હ્યું, કે-હે રાજન્! શ્રી વિમલગિરિ મહાતીર્થ અહિંથી ઘણુંજ દૂર
છે. વિચાર કર્યા વિના ગ્રહણ કરેલ આવા અભિગ્રહમાં પરિણામે પશ્ચાતાપ
થાય છે. અને કંઇ ફલ મલતું નથી. ઊલટી દુર્ગતિ થાય છે.

ગુરૂમહારાજ આદિનાં આ પ્રકારનાં વચનો સાંભળીને અત્યંત ઉત્સાહવાળા રાજાએ કહ્યું કે–હવે શી વિચારણા ? કારણ કે–હવે જે વિચારણ કરવી; 'પાણી પીને ઘર પૂછવા જેવું છે." "મુંડાવ્યા પછી નક્ષત્ર પૂછવા જેવું ગણાય ?" માટે હે સ્વામિન્ ! દેવગુરૂપ્રતાપે પશ્ચાતાપ વિનાજ હું અભિગ્રહનું પાલન કરીશ. શું ? સૂર્યપ્રસાદથી આકાશની અંદર ચાલતો અરૂણ હંમેશાં આકાશના અંતને નથી પામતો ? અર્થાત્ પામે છે. એમ કહીને રાજા સપરિવાર જલદી સંઘ સાથે ચાલ્યો અનુક્રમે વેગથી ચાલતાં કાશ્મીર દેશની અંદર આવી પહોંચ્યો.

દૃઢ પ્રતિજ્ઞાના પ્રતાપે દૈવી સહાય

ક્ષુધાદિકથી અતિ પીડિત થયેલા રાજા રાણીને જોઈને પ્રધાનની પ્રેરણાથી શ્રીગુરૂમહારાજે અપવાદમાર્ગનું સેવન કરવા જણાવ્યું. તો પણ તે સ્વનિયમમાં મક્કમ રહ્યા. લેશમાત્ર ચલાયમાન થયા નહિ. ઊલટું કહેવા લાગ્યા, કે–પ્રાણ જાય તો પણ શું ? પણ નિયમ તો નહિ જ છૂટે, અપવાદ તો નિર્બલ માટે, મ્હારે માટે નહિ. ઇત્યાદિ અતિશય દૃઢતા જોઇ સહુ કોઇના મુખમાંથી અહો ? સાત્વિકતા ? અહો ધર્મે એકચિત્તતા ? અહો ધર્મિ કુટુંબતા ? ઇત્યાદિ પ્રશંસાના ઉદ્‌ગારો નીકળવા લાગ્યા. અને હવે શું થશે ? એમ ચિંતા કરવા લાગ્યા. રાત્રિને વિષે સુતેલા પ્રધાનને શ્રી વિમલગિરિનો અધિષ્ઠાયક ગોમુખયક્ષ આવીને સ્વપ્નમાં કહેવા લાગ્યો કે–હે મંત્રિન્ ! તું લેશમાત્ર ફીકર કરીશ નહિ. રાજાના સત્ત્વથી તુષ્ટ થયેલો હું શ્રીવિમલાચલગિરિને નજદીક લાવીશ.સ્હવારમાં પગે ચાલીને યાત્રા કરીને સઘળાઓએ પોતાના અભિગ્રહ પૂરવા. મંત્રીશ્વરે સ્વપ્નમાં જ તે દેવને કહ્યું, કે–બીજાઓને પણ તમે સ્વપ્નમાં કહો, કે–જેથી સૌ માને. દેવે પણ તેમજ કર્યું.

પ્રતિજ્ઞાની પૂર્ણતા

ત્યારબાદ ગોમુખ યક્ષે તેજ અટવીમાં એક પર્વત ઉપર

મરીને દેવલોકમાં ગઇ. ત્યાં આગલ પોતાના પૂર્વભવના પતિની શી ગતી થઇ છે,તે જાણવા માટે દેવીએ ઉપયોગ દીધો અને જ્ઞાનથી તિર્યંચગતિમાં શુક થયેલો જાણીને ખેદ પામી; અને તેને પ્રતિબોધ કરવા આવી. તે બે દેવીઓથી પ્રતિબોધ પામેલ તે શુકરાજ તેજ તીર્થમાં અન-શન કરી પ્હેલા દેવલોકમાં તેજ બે દેવીઓનો સ્વામી થયો. કાલક્રમે બેઉ દેવાંગનાઓ પહેલી ચ્યવી. તેમાં હંસી દેવીનો જીવ સરલ હોવાથી ચ્યવન કરીને ક્ષિતપ્રતિષ્ઠિત નગરના ઋતુધ્વજ રાજાનો મૃગધ્વજ નામે પુત્ર થયો અને માયાવી સારસી દેવીનો જીવ દેવલોકમાંથી ચ્યવીને કાશ્મીર દેશની નજીકમાં રહેલા વિમલગિરીઆશ્રમમાં ગાંગિલ ઋષિની કમલમાલા નામની પુત્રીપણે ઉત્પન્ન થયો ત્યારબાદ તે દેવે એક વખત શ્રીકેવલી ભગવાનને પૂછ્યું કે-હું સુલ-ભબોધિ છું, કે-દુર્લભબોધિ છું ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં કેવલી-ભગવાને જણાવ્યું કે-તું સુલભબોધિ છે. સાથે બે દેવીઓની ઉત્પ[illegible] પણ કહી. અને મૃગધ્વજરાજા તથા કમલમાલા રાણીનો [illegible] જાતિ સ્મરણજ્ઞાનવાલો પુત્ર થઇશ. આ પ્રકારનાં કેવલીભગવાનન[illegible] વચનને સુણીને તે દેવ, શુકનું રૂપ ધારણ કરીને સુંદર વચનો કહેવા [illegible] કરીને હે રાજન્ ! ત્હને તાપસના આશ્રમમાં લઇ જઇ કન્યા, અલ[illegible] કારાદિ આપ્યાં; અને પછીથી પાછો લાવી, સૈન્યનો સમાગમ કરાવી, [illegible] દેવલોકમાં ચાલ્યો ગયો. ત્યાંથી ચ્યવન કરીને તેજ દેવ આ તમા[illegible] પુત્ર થયો છે. આ આંબાના વૃક્ષ નીચે પોતાનું વૃત્તાન્ત સાંભલીને જાતિસ્મરણજ્ઞાન પામ્યો છે. જ્ઞાનથી પોતાની પૂર્વભવની બે સ્ત્રીઓ[illegible] માતપિતા થયેલાં જાણીને, પોતાની સ્ત્રીઓને હે માતા ! હે પિત[illegible] એમ કેવી રીતે બોલવવાં ? માટે મૌન રહેવું સારૂં એમ સમજ[illegible] બોલતો બંધ થયો. પરંતુ અમારાં વચન અનુલ્લંઘનીય જાણી[illegible] એણે મૌનપણું છોડયું અને બોલવા લાગ્યો.

કર્મજન્ય સંયોગોની વિચિત્રતા. એ પણ પ્રતિબોધનું કારણ.

આને બાલપણમાં પણ સમ્યક્ત્વાદિ નિશ્ચલ થયું, તેમાં પૂર્વભવનો અભ્યાસ કારણરૂપ છે. કારણ કે-જેવા પ્રકારનો પૂર્વભવનો અભ્યાસ હોય છે, તેવોજ આ ભવમાં સંસ્કાર આવે છે. શુકરાજે પણ આ વાતમાં ટેકો આપ્યો, અને કહ્યું કે-આપ જે કહો છો, તે બરાબર છે. ફરીથી પણ કેવલી ભગવાને કહ્યું કે-હે શુકરાજ રાજકુંવર! આમાં શું આશ્ચર્ય છે? કારણ કે-સંસાર નાટક આવા પ્રકારનુંજ છે. આ સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવે સઘળાય જીવોની સાથે અનેકવાર સઘળાય સંબંધો કર્યા છે. જે પિતા હોય છે તે પુત્ર થાય છે, જે પુત્ર હોય છે, તે બાપ થાય છે. ઈત્યાદિ વિચિત્ર સમ્બન્ધો કર્મસંયોગે થયા જ કરે છે. માટે કોઈ પણ ઉપર રાગદ્વેષ કર્યા વિના સમભાવે ફક્ત વ્યવહાર અનુસારે વર્તવું. મ્હને પણ આવા પ્રકારનો સમ્બન્ધ પ્રતિબોધનું વિશેષ કારણ જે પ્રકારે થયેલ છે, તે પ્રકારે તું સાંભલ.

વિષયલંપટતા એ ભયંકરમાં ભયંકર છે.

શ્રીમંદિરપુરવાસી સૂરકાન્ત રાજાએ ઉદ્યાનમાં ક્રિડા કરવા ગયેલા સોમશ્રેષ્ઠિની ભાર્યા સોમશ્રી શેઠાણી ઉપર મોહિત થઈને બલાત્કારે ઉપાડી જઈને તેને પોતાના અંતેઉરમાં નાખી. મંત્રીઓએ સમજાવવા છતાં રાજાએ તેણીને ન છોડી. આથી સોમશ્રેષ્ઠિ ઘણું ધન લઈને કોઈ બલવાન રાજાની સહાયતા લેવા માટે દેશાન્તરમાં ગયો. સ્ત્રીના પરાભવને નહિ સહન કરનારા શું શું નથી કરતા? અથવા ક્યાં ક્યાં નથી જતા? જુઓ પાંડવો પણ દ્રૌપદી માટે સમુદ્ર પાર ગયા કે નહિ?

વાંચક મહાશયો! અહિં સમજવાનું છે કે-દુનિયામાં મોહાધીનો જેમ સ્ત્રીના પરાભવને સહન કરી શકતા નથી. તેમ

કલ્યાણની ઈચ્છાવાળાઓએ દેવગુરૂ ધર્મનો પરાભવ પણ સહન કરવો જોઇએ નહિ. છતાં વર્તમાનમાં જે કેટલાકો-દેવગુરૂ ધર્મના પરાભવને સુખે સહન કરે છે, ત્યારે કહેવું પડે છે, કે-તેઓમાં ધર્મરાગનો છાંટોય નથી.

જર. જમીન અને જોરૂ, એ ત્રણે કજીયાનાં છોરૂ.
એ કહેવતને ચરિતાર્થ કરતો આ પ્રસંગ

ન્યાય આપશે. આ રીતિના નાવિકના કથનથી શંખદત્ત તો ૨... થયો, પણ શ્રીદત્તે વિચાર કર્યો, કે—આ કન્યાને શંખદત્તે જીવાડેલ છે, માટે કદાચ તેને આપશે, માટે હું પહેલેથીજ ઉપાય કરૂં. એમ વિચારીને શંખદત્તને વિશ્વાસુ બનાવીને રાત્રીમાં આઠમોંઢાવાળા મત્સ્યને દેખાડવાના બ્હાને સમુદ્રમાં નાખી દીધો. અને સ્હવારમાં ખોટો પોકાર કરી ઢાંગ કરવા લાગ્યો. ખરેજ! કપટીઓની દશા કેવી ભયંકર હોય છે? ખરેખર કપટી મિત્રો સર્પથી પણ મહા ભયંકર છે.

નિમાજ પડવા જતાં મસીદ કોટે વળગ્યા જેવી દશા.

હવે સુવર્ણકુલના વેલાપુર નામના નગરમાં પહોંચ્યા બાદ શ્રીદત્તશેઠે ત્યાંના રાજાને હાથીઓ ભેટ આપીને ખુશ કર્યો. પણ રાજાએ તેના તે હાથીઓનું મૂલ્ય આપ્યું અને તેનું દાણ છોડી દીધું. ત્યારબાદ શ્રીદત્તશેઠ મરજીમુજબ ત્યાં વિચરવા લાગ્યો. અને તે કન્યાની સાથે પરણવાની તૈયારી કરતો નિરંતર દરબારમાં જાય છે. ત્યાં આગલ રાજાની ચામરહારિણીને જોઈને કોઈને તેનું સ્વરૂપ પૂછ્યું. તે પણ કહેવા લાગ્યો. કે—આ સુવર્ણરેખા નામની આ રાજાની વેશ્યા છે. જે લક્ષ ધન વિના કોઈની સાથે વાત પણ કરતી નથી. આ પ્રકારે સાંભલીને તેણીને પણ અડધો લાખ ધન આપીને પોતાને સ્વાધીન કર્યા બાદ તે વેશ્યાને અને પેલી કન્યાને બેઉને બન્ને પડખે રથમાં બેસાડીને વનમાં લઇ ગયો. ત્યાં એક ચંપકવૃક્ષની છાયા નીચે નિર્ભયપણે પોતાના બે પડખે વેશ્યા અને કન્યાને રાખીને બેઠો. અને જેટલામાં ઠઠ્ઠા મશ્કરી કરી રહ્યો છે, તેટલામાં કામક્રીડા કરવાની ઇચ્છાથી એક વાનર અનેક વાનરીઓ સાથે ત્યાં આવ્યો. તેને જોઇને શ્રીદત્તશેઠ વેશ્યાને કહે છે, કે—આ સઘળી વાનરીઓ શું આ વાનરની પોતાની સ્ત્રીઓ હશે? અરે? તિર્યંચોની શી વાત કરવી? આમાં તો કેટલીક તેની મા હશે? કેટલીક દીકરીઓ હશે! અને કેટલીક બ્હેનો હશે! એમ વેશ્યાએ કહ્યું. તે સાંભલીને વિવેકી ચિત્તવાલો શ્રીદત્ત ઉંચા સ્વરે બોલ્યો કે—

અતિશય નિંદવા યોગ્ય અવિવેકી પશુઓના અવતારને ધિક્કાર પ
કારણ કે-જે અવતારમાં પોતાની માતા, પુત્રી આદિકનો વિ
જણાતો નથી. તેવા પાપી જન્મથી શું ? તેવા પાપજીવતરથી પ
શું ? કારણ કે-જેમાં કૃત્યાકૃત્યનું ભાન નહિ.

આ પ્રકારનાં શ્રીદત્તશેઠનાં વચન સાંભલીને વાનર તેને કહે
લાગ્યો, કે-રે રે દુષ્ટ ! રે રે દુરાચાર ! રે રે પરદોષૈકભાષ
પર્વત બળતો જોવે છે, પરન્તુ પોતાના બે પગ નીચે બ
છે, તેને કેમ જોતો નથી ? પરના રાઇ સરખા દોષને દે
છે. પરન્તુ પોતાના બિલા જેવડા દોષને કેમ દેખતો નથી
કેવી ત્હારી અંધતા ? રે રે પાપ ! પોતાના મિત્રને સ
દ્રમાં ફેંકી દઇને અને આ રીતિએ બન્ને પડખે પોતાની
અને દીકરીને બેસાડીને આ પ્રકારે મ્હારી નિન્દા કરતાં ત્હ
શરમ નથી આવતી ? આ રીતિએ કહીને વાનર તુર
પોતાના ટોળામાં ચાલ્યો ગયો. આતો એવું થયું કે નિમા
પડવા જતાં મસીદ કોટે વળગી.

શંકારૂપી શલ્યના ઉદ્ધાર માટે મહામુનિને શ્રીદ
કરેલી પ્રાર્થના

હવે જાણે વજ્રથી હણાયો હોય નહિ શું ? એમ અતિશ
દુઃખને પામતો શ્રીદત્ત વિચારવા લાગ્યો, કે સમુદ્રમાંથી પ્રાપ્ત થયે
આ મ્હારી પુત્રી કેવી રીતે હોય ? આ સુવર્ણરેખા વેશ્યા મ્હા
માતા સોમશ્રી કેવી રીતે હોય ? આ રીતિએ શંકિત મનવાળા તે
વેશ્યાને પૂછ્યું; ત્યારે તેણીએ કહ્યું, કે-અરે ત્હને ઓળખે છે કોણ ?
વાનરના વચનથી તું ફોગટ ભ્રમમાં પડ્યો છે. આ પ્રકારે વેશ્યાએ
કહેવા છતાં પણ જેની શંકા દૂર નથી થઇ, એવો શ્રીદત્ત ત્યાંથી

ઉડીને આમ તેમ ભમવા લાગ્યો, તેવામાં તેણે એક મુનિને જોયા, તેમને નમસ્કાર કરીને આ શ્રીદત્તશેઠ કહેવા લાગ્યો, કે—હે ભગવન્ ! આ કપિએ મ્હને ભ્રમણારૂપી સમુદ્રમાં નાખ્યો છે, માટે મ્હારો ઉદ્ધાર કરો.

આ પ્રકારે તેની પ્રાર્થનાથી તે મહામુનિ કહેવા લાગ્યા કે-હે મહાભાગ ! મ્હારા ગુરૂ કેવલીભગવાન્ સૂર્યની માફક જગતને બોધ કરતા આ દેશમાં વિચરે છે. છતાં અવધિજ્ઞાનથી હું ત્હને કહું છું, કે-કપિએ જે કહ્યું છે, તે બરાબર છે. આ પ્રકારે મુનિરાજનાં વચન સાંભલીને શ્રીદત્ત પૂછે છે, કે—કેવી રીતે ? ત્યારે અવધિજ્ઞાની મુનિરાજ કહે છે, કે-તું સાવધાન થઇને પ્રથમ ત્હારી પુત્રીનો વૃત્તાન્ત સાંભલ.

આ ત્હારી પુત્રી કેવી રીતે ? એ શંકાનું નિવારણ.

ત્હારો પિતા ત્હારી માતા માટે ગુપ્ત રીતિએ ચાલી નીકલ્યા પછી કોઇક નિર્દય પલ્લીપતિને જઇને મલ્યો, અને તેને ખુબ ધન આપીને શ્રીમંદિરપુર નગર તરફ મ્હોટા સૈન્યનું પ્રયાણ કરાવ્યું. ત્યારબાદ પોતાનાં નગર તરફ આવતા એવા મ્હોટા સૈન્યને દેખીને નગરના લોકો ભય પામવા લાગ્યા. આ અવસરમાં ત્હારી સ્ત્રી પણ ભય પામતી છોકરીને લઇને પોતાના પિતાને ઘેર ગઇ. ત્યાં આગલ દૈવયોગે એક વખત દુષ્ટ સર્પે ત્હારી કન્યાને દંશ માર્યો. ત્હારા સસરાદિકે ઘણા પ્રકારના ઉપાયો કરાવવા છતાં ઝેર ઉતર્યું નહિ. આથી અચેતન જેવી બનેલી કન્યાને લીમડાના પાંદડામાં વીંટીને એક પેટીમાં ઘાલીને ગંગા નદીમાં વ્હેતી મુકી દીધી. તે પેટી નદીના પ્રવાહમાં તણાઇને સમુદ્રમાં આવી, અને તે તને પ્રાપ્ત થઇ.અને ત્યાર પછીથી શું બન્યું, તે સર્વે તું જાણે છે.

કર્મની કુટિલતા.

હવે તારી માતાનું વૃત્તાન્ત સાવધાન થઇને સાંભળ. તે દુષ્ટ પલ્લીપતિની સેનાના બલવડે કિલ્લાને ભેદીને ત્હારા પિતાએ નગરમાં પ્રવેશ

કર્યો, પરન્તુ અકસ્માત બાણ લાગવાથી તે મરણ પામ્યો. અહો ! જેના માટે આ બધો પ્રયત્ન કર્યો, તેજ પાપથી પોતાનું મરણું. કેવી કર્મની વિચિત્રતા !

માતાની ઓળખાણ અને વેશ્યાનાં પાપ કર્મોની અધમતા.

બીજી બાજુ તે નગરીનો શૂરકાન્ત રાજા પણ નાશી ગયો ત્હારી માતા સોમશ્રીને પલ્લીપતિના સિપાઈઓ ઉપાડી ગયા. ત્યાંથી પણ અવસર પામીને ત્હારી માતા જંગલમાં નાશી ગઈ. ત્યાં આગળ પણ ફલાદિકના આહારથી સુંદર રૂપવાળી બનેલી ત્હારી માતા કોઈ વેપારીના પંજામાં સપડાઈ ગઈ, અને તે વેપારીએ પણ અતિ સુવર્ણકુલમાં વેશ્યાને ત્યાં ધનના લોભે કરીને વેચી. વેશ્યાને ત્યાં તેણીના આચાર શીખીને રાજાને ખુશ કરતી અત્યંત પ્રિય થઈ. આથી રાજાએ તેણીને પોતાની ચામરધારિણી બનાવી. તે આ ત્હારી માતા ત્હને ઓળખે છે, તો પણ તું નહિ ઓળખતો હોવાથી ધનના લોભે અને લજ્જાવડે કહેતી નથી, કે હું ત્હારી માતા છું. ધિક્કાર હો ? ધિક્કાર હો ? વેશ્યાના પાપ કર્મને.

પુત્ર પ્રત્યે પિતાની હિતવત્સલતા

આ પ્રકારે સઘલી હકીકત સાંભલીને પુનઃ શ્રીદત્તે પૂછયું, કે–હે ભગવન્ આ વાત કપિએ કેવી રીતે જાણી ? તે મનુષ્યની ભાષા કેવી રીતે બોલ્યો ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં મુનિરાજે કહ્યું, કે– સાંભલ ? જે વખતે ત્હારા પિતાએ ત્હારી માતા સોમશ્રીને પાછી લેવા માટે સૈન્ય લઈને ચડાઈ કરી, તે વખતે તેણીના ધ્યાનમાં અકાલે મરણ પામીને તે વ્યંતરદેવપણે ઉત્પન્ન થયો. ત્યારબાદ તે વ્યંતરદેવ એક વનમાંથી બીજા વનમાં એમ ભમતો ભમતો દૈવયોગે અહિં આવ્યો, અને ત્હને પોતાની માતાની સાથે આસક્ત થયેલો

જોયો. આથી ત્હને પ્રતિબોધ કરવા માટે વાનરના શરીરમાં પ્રવેશ કરીને મનુષ્ય ભાષાએ બોલ્યો, અને ત્હને પ્રતિબોધ કર્યો.

મોહાધીન આત્માઓની બાલિશતા

હવે હમણાં જ ત્હારા દેખતાં પૂર્વભવના પ્રેમથી તે વાનર આ સુવર્ણ-રેખાને પોતાની પીઠ ઉપર બેસાડીને લઈ જશે ! આ પ્રકારે જેટલામાં મુનિરાજ કહી રહ્યા છે, તેટલામાં તો તે વાનર આવીને સુવર્ણરેખાને પોતાની પીઠ ઉપર ચઢાવીને ચાલતો થઈ ગયો. અહો મોહની ચેષ્ટા ? અહો ભવ વિટંબના ! આ પ્રકારે બોલતો પોતાની કન્યાને લેઈને શ્રીદત્ત ઘેર ગયો.

અન્યાય ભરેલું આચરણ એ ખરેખર આપત્તિને લાવનારૂં છે.

હવે આ બાજુ રાજાએ દાસીદ્વારા સુવર્ણરેખાની તપાસ કરાવી, દાસીઓએ પણ શ્રીદત્તશેઠને પૂછ્યું, કે સુવર્ણરેખા ક્યાં ? શ્રીદત્તે કહ્યું, કે-કોણ જાણે ક્યાં છે ? શું હું એનો નોકર છું, કે ખબર રાખું ! આ પ્રકારે શ્રીદત્તે ઉત્તર આપ્યો. આથી રોષાયમાન થયેલી દાસીઓએ જઈને તેની વાત રાજાને કહી. બીજી તરફ અક્કાએ જઈને રાજાને ફરીયાદ કરી, કે હું લુંટાઇ. કારણ કે સુવર્ણપુરૂષ સમાન મ્હારી સુવર્ણરેખાને લઈને શ્રીદત્તશેઠ ચોરની માફક ક્યાંય જતો રહ્યો છે. આથી રાજાએ શ્રીદત્તશેઠને બોલાવ્યો. અને સઘળી હકીકત પૂછી. શ્રીદત્તશેઠ પણ મ્હારી આ સાચી વાત કોઇ માનશે નહિ, એમ વિચારીને મૌન રહયો. આથી રાજાએ તેને કેદખાનામાં નાખ્યો. અહિં શ્રીદત્ત શેઠ વિચાર કરે છે, કે-મૌન રહેવાથી રાજાનો કોપાગ્નિ વધ્યો છે. માટે કદાચ સાચું ક્હેવાથી છોડી પણ દે, એમ વિચારી શ્રીદત્તશેઠે આરક્ષક દ્વારા રાજાને કહેવડાવ્યું. એટલે રાજાએ પણ કેદખાનામાંથી બ્હાર કાઢીને પૂછ્યું. શ્રીદત્ત શેઠ કહે છે, કે-

તેણીને વાંદરો ઉપાડી ગયો. આ પ્રકારના શ્રીદત્તના સાચા પણ ઉત્તર સાંભળી સહુ કોઈ હસવા લાગ્યા. તેમજ અત્યંત કોપાયમાન થયેલા રાજાએ તેનો વધ કરવાનો હુકમ કર્યો. ત્યારબાદ સુભટો તેને વધ કરવા માટે વધસ્થાનમાં લઈ ગયા. ત્યાં આગલ તે શ્રીદત્ત શેઠ વિચારવા લાગ્યો, કે-અહો માતા અને પુત્રીની સાથે ભોગેચ્છા અને મિત્રના વિશ્વાસઘાતનું પાપ આ ભવમાં જ મ્હને ફલ્યું.

ધર્મદેશનાની શ્રવણતાને અંગે પણ ન્યાય-ગુણની જરૂર

આ તરફ જાણે કે-તે શ્રીદત્તના પુણ્યથી ખેંચાઇનેજ ન આવ્યા હોય શું ? તેમ વિચરતા વિચરતા કેવલીભગવાન તે નગરના ઉદ્યાનમાં પધાર્યા. વનપાલકે રાજાને જાણ કરી. આથી રાજા પણ સપરિવાર ત્યાં જઇ વંદના કરીને પ્રાતઃકાલમાં ભોજનની જેમ દેશના સાંભલવાની યાચના કરી. ત્યારે કેવલી ભગવાન કહે છે, કે-જેનામાં ધર્મ નહિ, જેનામાં ન્યાય નહિ. તેવાને ધર્મ શું સંભળાવવો ? આથી રાજા પૂછે છે, કે-હું કેવી રીતે અધર્મી અને અન્યાયી છું.

આખરે સત્યનો જય છે, એ આ પ્રસંગથી પુરવાર થાય છે.

શ્રીદત્તની સાચી વાત પણ મારી ગઈ. એમ કેવલી ભગવાને કહ્યું. આથી રાજા શરમિંદો થઇ શ્રીદત્તશેઠને આદરપૂર્વક બોલાવીને પોતાની પાસે બેસાડ્યો. અને આ વાત સાચી કેવી રીતે ? એમ રાજા જેટલામાં પૂછે છે, તેટલામાં પેલો વાંદરો સુવર્ણરેખાને લઇને ત્યાં આવ્યો. અને દરેકના દેખતાં પોતાની પીઠ ઉપરથી તેને નીચે ઉતારી. આ દેખીને સૌ આશ્ચર્ય પામ્યા અને આ શ્રીદત્ત સત્યવાદી છે, એમ રાજાદિ સૌએ તેની પ્રશંસા કરી. ત્યારબાદ પૂછાયેલા કેવલી ભગવાને સઘળોય તે વૃત્તાન્ત રાજાદિકને કહી સંભળાવ્યો. ત્યારબાદ

માતામાં અને પુત્રીમાં કામરાગ કેમ થયો? એમ શ્રીદત્તે પૂછે છતે ઉત્તરમાં કેવલીભગવાન તેનો પૂર્વભવ કહે છે.

પૂર્વે જેવું કર્મ બાંધ્યું હોય તેવું આ ભવમાં ભોગવવું પડે છે.

પૂર્વે કામ્પિલપુર નામના એક નગરમાં અગ્નિશર્મા નામનો એક બ્રાહ્મણ હતો. તેને ચૈત્ર નામનો એક પુત્ર હતો. તે પુત્રને મહાદેવજીની જેમ ગૌરી અને ગંગા નામની બે સ્ત્રીઓ હતી. એક વખત તે ચૈત્ર પોતાના મિત્ર મૈત્રની સાથે કુંકણ દેશમાં ભિક્ષા માગવાને ગયો, અને ભિક્ષાવૃત્તિથી તેણે ઘણું ધન પ્રાપ્ત કર્યું. એક વખત આ ચૈત્ર સુઈ ગયેલો છે, તે વખતે તેને મારી નાખીને સઘળુંય ધન લઈ લેવાની દુર્બુદ્ધિ મૈત્રને થઇ. હા! અનર્થદાયી ધનને ધિક્કાર પડો. ખરેખર ધનલુબ્ધ મનુષ્યો વિવેક અને લજ્જાદિકનો ત્યાગ કરે છે, અથવા તો જેટલું ન કરે તેટલું થોડું છે. પુનઃ દૈવયોગે વિવેક આવતાં મૈત્ર વિચાર કરે છે કે-વિશ્વાસુ મિત્રના ઘાત માટે આવેલા મ્હારા દુષ્ટ વિચારોને ધિક્કાર હો. એમ વિચાર કરીને ચૈત્રને મારવાનો વિચાર માંડી વાળ્યો. ત્યારબાદ અધિક લોભાન્ધ બનેલા તે બન્ને જણે અધિક ધનને માટે વૈતરણી નામની નદીમાં પ્રવેશ કર્યો. પરન્તુ તેનાં પૂરમાં તણાઈ ગયા અને મરણ પામ્યા. ત્યાંથી મરીને તે બેઉ જણ તિર્યંચપણાને પામ્યા. ત્યારબાદ કેટલોક કાલ ભવભ્રમણ કરીને તે બન્ને જણા તમે બે મિત્ર થયા. મૈત્રે મ્હારો વધ ચિંતવ્યો હતો, તેથી તેને આ ભવમાં તેં સમુદ્રમાં ફેંકી દીધો. ખરેજ? જેવું કર્મ ઉપાર્જન કર્યું હોય છે, તેવું તે ભોગવવું પડે છે.

હસતાં બાંધેલાં કર્મ રોતાં પણ ન છુટે

હવે પોતાના પતિના વિયોગથી ગૌરી અને ગંગા નામની ચૈત્રની જે બે સ્ત્રીઓ હતી, તે વૈરાગ્યથી મહિનાના ઉપવાસ

કરનારી તાપસણીઓ થઇ. કારણ કે કુલવાન સ્ત્રીઓને પતિના વિયોગમાં ધર્મારાધનજ ઉચિત છે.

એક વખત અતિશય તૃષાવાલી એવી ગૌરીએ પોતાની સેવા કરનારી કોઇ સેવિકા પાસે વારંવાર પાણી માગવા છતાં નિદ્રાધીન એવી તેણીએ કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. આથી અતિશય ક્રોધાવેશવાળી બનીને તેણીએ કહ્યું કે–રે ! શું ત્હને મ્હોટો ભોરિંગ ડસ્યો છે ! કે જેથી તું પ્રત્યુત્તર પણ આપતી નથી.

ત્યારબાદ જાગેલી સેવિકાએ તેણીને પાણી આપ્યું અને વિનયવાળાં વચનવડે કરીને સન્તુષ્ટ કરી. પરન્તુ તે દુષ્ટવચનવડે ગૌરીએ દુષ્કર્મ ઉપાર્જન કર્યું. અરે ? હાંસીથી પણ કર્મ બંધાય છે. તો પછી ક્રોધયુક્ત દુષ્ટવચન વડે તો બંધાય, તેમાં તો કહેવું જ શું !

આ રીતિએ ગંગાએ પણ એક વખત સેવા કરનારી દાસીને એક હુકમ કર્યો, તે હુકમ બજાવતાં વાર લાગી. આથી તેણીએ કહ્યું, કે–ત્હને શું કોઇએ પકડી રાખી હતી ? કે જેથી ત્હને આવતાં વાર લાગી ? આ પ્રકારે ગંગાએ પણ દુષ્ટ કર્મ ઉપાર્જન કર્યું, અને વધારામાં એક વખત કામીઓથી સેવાતી એવી વેશ્યાને જોઇને ગંગાને વિચાર આવ્યો કે–આ વેશ્યાને ધન્ય છે ! કે જેને અનેક કામુકો સેવી રહ્યા છે. મ્હને ધિક્કાર છે, કે–પતિનું સુખ પણ મ્હને મલ્યું નહિ. આ પ્રકારના દુષ્ટ વિચારથી તેણીએ દુષ્કર્મ ઉપાર્જન કર્યું. અનુક્રમે તે બન્ને ગૌરી અને ગંગા ત્યાંથી કાલ કરીને જ્યોતિષી દેવીઓ થઇ, અને ત્યાંથી ચ્યવન કરીને અહિં ત્હારી માતા અને દીકરીપણે ઉત્પન્ન થઇ.

પાપ સંસ્કારોની પ્રબલતા

ગૌરીએ દાસીને ભોરિંગ ડસવાનું કહ્યું, આથી તેણીને આ ભવમાં સર્પ ડસ્યો. અને ગંગાએ દાસીને બાંધી રાખવાનું કહ્યું.

જોતાંજ ક્રોધાન્ધ બનીને તેનો વધ કરવા માટે દોડ્યો. પરન્તુ રાજાદિ પાસે બેઠેલ હતા. આથી તેમને જોઇને જેટલામાં તે થંભી ગયો, તેટલામાં સુધાસમાન શ્રીગુરૂરાજનાં વચન સુણીને શાન્ત થયો.

કર્માધીન સંયોગોમાં યાતો વિયોગોમાં સમભાવે વર્તવું એ વિવેકીનું કર્તવ્ય છે.

ત્યારબાદ શ્રીદત્તશેઠે પ્રેમથી તેને પોતાની પાસે બેસાડ્યો. અને પૂછ્યું કે–હે સ્વામિન્ આ શંખદત્ત સમુદ્રમાંથી અહિં કેવી રીતે આવ્યો ? આના ઉત્તરમાં કેવલી ભગવાને ફરમાવ્યું કે–સમુદ્રમાં પડયા પછી ભાગ્યયોગે તેના હાથમાં એક પાટીયું આવી ગયું. તેના બલે સમુદ્રને પાર પામીને અનુક્રમે સારસ્વત નામના નગરમાં ગયો. ત્યાં આગલ તેની બૂરી હાલતમાં તેને જોઇને સંવર નામનો તેનો મામો પોતાને ઘેર લેઇ ગયો, ત્યારબાદ યોગ્ય ઔષધાદિના ઉપચાર વડે તેને સાજો બનાવ્યો, ત્યાર પછી પોતાના મામા દ્વારાએ શ્રીદત્ત અમુક નગરમાં છે, એમ જાણ થવાથી અનુક્રમે તે અહિં આવ્યો, અને ક્રોધાન્ધ બનેલો પૂછતો પૂછતો તારી પાસે આવ્યો. ખરેખર! સંયોગ યાતો વિયોગ એ કર્માનુસાર બને છે.

ખરેખર સદ્ગુરૂના વચનામૃતનું પાન એ કષાય રૂપી સર્પોનું ઝેર નિવારનાર છે.

મુનિરાજ શ્રી કેવલી ભગવાને આ પ્રકારે પૂર્વભવનો સમ્બન્ધ કહેતાપૂર્વક શ્રીશંખદત્તને કહ્યું, કે–તેં આ શ્રીદત્તને પૂર્વભવમાં મારી નાખવાનો વિચાર કર્યો હતો, તેથી તે કર્મના ઉદયે આ ભવમાં તને સમુદ્રમાં નાખી દીધો. આ રીતિએ ઘાત કરવાનો બદલો મળ્યો છે. પરન્તુ હવે આ ભવ અને પરભવમાં સાથેને [illegible] પ્રીતિ [illegible] ત્યારબાદ પરસ્પર એક બીજાને ખમાવીને બંને જણા પ્રીતિવાળા થયા. ખરેખર ! સદ્ગુરૂઓનાં

વચનામૃતથી શું થતું નથી ? ત્યારબાદ કેવલીભગવાને ધર્મનો ઉપદેશ આપ્યો. તે સાંભળીને મોક્ષની અભિલાષાવાળા બનેલા રાજા પ્રમુખે સમ્યક્ત્વમૂલશ્રાવકનાં વ્રતોનો સ્વીકાર કર્યો. તે વ્યંતરદેવે અને સુવર્ણરેખાએ પણ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો. **મોહવશાત્ દિવ્ય અને ઔદારિક સંયોગ પણ તે બન્નેનો લાંબા કાલ સુધી થયો.**

આ તરફ રાજાથી બહુમાન પામેલા શ્રીદત્તશેઠે પોતાના સ્થાનમાં આવીને અડધી લક્ષ્મી અને કન્યા શંખદત્તને આપી. અને બાકી રહેલ પોતાના ધનનો સાતક્ષેત્રમાં સુવ્યય કરીને જ્ઞાની ગુરૂ પાસે દીક્ષા લઇને વિચરતાં વિચરતાં અહિં આવેલ અને મહામોહને જીતિને કેવલજ્ઞાનને પામેલ એ શ્રીદત્તમુનિ તે હું જ છું એમ તું જાણ.

વ્યાવહારમાં વ્યવહારિક સત્યની પ્રધાનતા.

હે શુકરાજ ? મારે પણ પૂર્વભવમાં જે બે પત્નિઓ હતી, તે આ ભવમાં માતા અને દીકરી થઈ, માટે અસાર એવા આ સંસારમાં કંઇજ આશ્ચર્ય પામવા જેવું નથી. આ કારણથી વ્યાવહારિક સત્યવડે પંડિતોએ વ્યવહાર કરવો. અર્થાત્ જેવો વ્યવહાર હોય તેમ વર્તવું. જેમકે કુલને વૃદ્ધિને નહિ કરનારો હોવા છતાં જેનું નામ માતપિતાદિએ કુલવર્દ્ધન રાખ્યું છે, અને દુનિયા પણ તેને કુલવર્દ્ધન તરીકેજ બોલાવે છે. તો તે દુનિયાના વ્યવહારથી શું ખોટું ગણી શકાશે ? નહિજ. તેવીજ રીતે અહિં પણ વસ્તુતઃ કોઇને કોઈનો સાચો સમ્બન્ધ નથી, છતાં દુનિયાના વ્યવહારની દૃષ્ટિએ તે તે પ્રકારના વ્યવહારથી વર્તવામાં ખોટું ગણી શકાય નહિ.

શ્રીશુકરાજનો શ્રીકેવલીભગવાનના વચન પ્રત્યે આદર.

આ પ્રકારે કેવલી ભગવાનના વચનામૃતનું પાન કરીને

સાવધાન બનેલો શુકરાજ હે માત! હે પિતા! ઇત્યાદિ બોલવા લાગ્યો. અને સૌને આનંદ કરનારો થયો.

જીવોને વૈરાગ્યરૂપ ધનની પ્રાપ્તિ થવી એ અતિ દુર્લભ છે.

હવે મૃગધ્વજરાજા કેવલી ભગવાનને કહે છે, કે-હે પ્રભો! આપશ્રીને ધન્ય છે. કે ભરયૌવનવયમાં પણ વૈરાગ્ય થયો. પરન્તુ મ્હને વૈરાગ્ય ક્યારે થશે? હે રાજન્! જે ત્હારી ચંદ્રાવતી પ્રિયા છે, તેણીના પુત્રને તું જ્યારે જોઇશ. ત્યારે તને અતિશય વૈરાગ્ય થશે? આ પ્રકારે શ્રી કેવલીભગવાને કહ્યું. આ રીતિએ જ્ઞાની ભગવાનનું કહેલું હૃદયમાં નિશ્ચિત કરીને તેમને નમસ્કાર કરીને ઉલ્લાસ પૂર્વક રાજા પરિવારે સહિત પોતાના મહેલમાં આવ્યો. હવે શુકરાજની ઉંમર જ્યારે દશ વર્ષની થઇ ત્યારે કમલમાલાએ બીજા એક પુત્રને જન્મ આપ્યો. અને રાજાએ મહોત્સવપૂર્વક તેનું હંસરાજ એવું નામ સ્થાપન કર્યું. અનુક્રમે પાંચવર્ષની વયવાળો થયેલો **શ્રીહંસરાજ શ્રીરામચન્દ્રજીની** સાથે લક્ષ્મણજી રમે, તેમ **શ્રીશુકરાજની** સાથે રમવા લાગ્યો.

દેવીપ્રભાવ અને ગાંગિલ ઋષિની માગણી.

હવે એક વખત સભામાં બેઠેલા રાજાને દ્વારપાલે આવીને કહ્યું, કે-હે રાજન્! બારણે શિષ્યોએ સહિત ગાંગિલઋષિ પધાર્યા છે. ત્યારબાદ તેમનો પ્રવેશ કરાવી આદરપૂર્વક રાજાએ પૂછ્યું કે-આપનું અહિં કેમ પધારવું થયું? ત્યારે ગાંગિલઋષિ કહે છે, કે-આજે મ્હને સ્વપ્નમાં **ગોમુખ** નામના યક્ષે કહ્યું, કે-હું હવે મૂલ **વિમલાચલે** જઇશ. ત્યારે મેં કહ્યું, કે-આ **તીર્થની** રક્ષા કોણ કરશે? ત્યારે તેણે કહ્યું, કે-લોકોત્તરચરિત્ર છે જેમનું એવા તમારા બે ભાણેજ છે, તેમાંથી એકને તું અહિં લાવ, તે રક્ષણ કરશે. મેં

પહોંચ્યા. અને ત્યાંના રાજાને તેની કન્યા સોંપી. રાજાએ પણ તે કન્યા શ્રીશુકરાજને પરણાવી. ત્યારબાદ રાજાની આજ્ઞા લઇને પ્રિયાને લઇને વિદ્યાધરસહિત વૈતાઢ્યપર્વત ઉપર શાશ્વત ચૈત્યોને નમસ્કાર કરવા માટે શુકરાજ ચાલ્યો. માર્ગમાં જતાં ગગનવલ્લભનગર આવ્યું, ત્યાં આ વાયુવેગ વિદ્યાધરે પોતાના માતાપિતાને આ શુકરાજના ઉપકારની વાત કરી. ત્યારે તેઓએ પણ પોતાની વાયુવેગા નામની કન્યાને શુકરાજની સાથે પરણાવી. ત્યારબાદ ત્યાં આગળ કેટલાક દિવસ રહ્યા બાદ એક વખત શ્રી શુકરાજ અને વાયુવેગ બેઉ જણા વિમાનમાં બેસીને દેવની માફક તીર્થને નમસ્કાર કરવા ચાલ્યા, એવામાં પાછળથી હે શુકરાજ ! હે શુકરાજ ! આ પ્રકારના કોઇ સ્ત્રીના શબ્દો સાંભળીને આશ્ચર્યથી થોભી ગયા. તે સ્ત્રી જ્યારે નજીક આવી ત્યારે શુકરાજે પૂછયું કે–તું કોણ છે? ત્યારે તે સ્ત્રી કહેવા લાગી, કે–હું ચક્રેશ્વરીદેવી છું. ગોમુખયક્ષના હુકમથી કાશ્મીર દેશમાં રહેલા શ્રી વિમલાચલની રક્ષા માટે હું જતી હતી. માર્ગમાં ક્ષિતિપ્રતિષ્ઠનગરમાં ઘરના બગીચામાં રૂદન કરતી એક સ્ત્રીને જોઇને દુઃખિત થએલી હું નીચે ઉતરી. કારણ કે–જે દુઃખીને જોઇને પણ દુઃખી થતો નથી. તે જીવતો હોય તો પણ શું ? ત્યારબાદ મેં તેણીને પૂછયું, કે તું શા માટે રડે છે, ત્યારે તેણીએ કહ્યું, કે–મ્હારો પુત્ર શુકરાજ ગાંગિલઋષિની સાથે કેટલાય વખતથી તીર્થની રક્ષા કરવા માટે ગયેલ છે. પરન્તુ આજ દિન સુધી તેના સુખશાન્તિના કંઇ પણ સમાચાર નથી. માટે હું રડું છું. મેં કહ્યું, તું રૂદન કરીશ નહિ. હું ત્યાં જ જાઉં છું. ત્યાંથી પાછા વળતાં તને સમાચાર આપીશ; એમ આશ્વાસન આપીને હું આશ્રમમાં ગઇ. પણ ત્હને ત્યાં નહિ જોવાથી અવધિજ્ઞાનથી જાણીને હું અહિં આવી છું. માટે તુરત જ જઇને દુઃખી એવી ત્હારી માતાને તું શાન્ત કર. આ પ્રકારનાં ચક્રેશ્વરી દેવીનાં વચન સાંભળીને શુકરાજ કહેવા લાગ્યો કે–હે દેવિ! તીર્થને નમસ્કાર કર્યા સિવાય હું કેવી રીતે જાઉં ?

એક સુભટે નિશ્ચય કરીને કહ્યું, કે હે રાજન ! સાંભળો. સારંગપુર નગરના વીરાંગદ રાજાનો શૂરવીર એવો સૂર નામનો પુત્ર શ્રી હંસરાજની સામે પૂર્વના–વૈરભાવથી યુદ્ધ કરવા આવ્યો છે. આ પ્રકારે સુભટનું કહેવું સાંભળીને રાજા વિચાર કરે છે, કે–રાજ્ય હું કરૂં છું. રાજ્યની ચિંતા શુકરાજ કરે છે. અને આ વીરાંગદ મ્હારો સેવક છે. તો આશ્ચર્યની વાત છે, કે–હંસરાજ અને સૂરને પરસ્પર વૈરભાવનું શું કારણ હશે ? એમ રાજા પુત્રસહિત જેટલામાં વિચારે છે. તેટલામાં એક સુભટ આવીને રાજાને કહેવા લાગ્યો, કે–હે સ્વામિન્! પૂર્વ-ભવમાં તમારા પુત્ર હંસરાજે આ સૂરનો પરાભવ કર્યો હતો. તેથી તે હંસની સાથે યુદ્ધની માગણી કરે છે. ત્યારબાદ બન્નેનું મહાભયંકર યુદ્ધ થયું. છેવટે શુકરાજવડે પ્રવેશ કરાયેલી વિદ્યાના બલવડે હંસરાજે સૂરને ઉપાડીને દૂર ફેંકી દીધો. આથી હારી ગયેલા સૂરને વિવેકબુદ્ધિ આવવાથી બન્ને પુત્રો સહિત મૃગધ્વજરાજાને ખમાવે છે.

સંશયતિમિર છેદવામાં કેવલી ભગવાન એ ઝળહળતા ભાનુ જેવા છે

મૃગધ્વજરાજા સૂરને પૂછે છે, કે–હે સૂર! તને પૂર્વભવના વૈરની ખબર શાથી પડી ? સૂરે કહ્યું, કે–એક વખત અમારા નગરમ શ્રીદત્તનામના કેવલીભગવાન પધાર્યા હતા. તે વખતે મ્હા પૂછવાથી મ્હારો પૂર્વભવ તેઓશ્રીએ કહ્યો હતો. તે આ પ્રમાણે.

ભદ્દિલપુર નામના નગરમાં જિતારિ નામનો રાજા હતો, હંસી અને સારસી નામની બે પત્નીઓ હતી. અને સિંહ ના તેમનો શ્રેષ્ઠ પ્રધાન હતો. ગાઢ અભિગ્રહવાલો તે જિતારિ વિમલાચલની યાત્રાએ જતાં તેના ગાઢ અભિગ્રહથી પ્રસન્ન થ ગોમુખ યક્ષે કાશ્મીર દેશમાં આણેલા વિમલગિરિતીર્થ શ્રીજિનરાજને નમસ્કાર કર્યો. અને ત્યાં આગલ વિમલપુર

નગર વસાવીને લાંબા કાલ સુધી ત્યાં રહ્યો, અને ત્યારબાદ તે જિતારિ રાજા અનુક્રમે કાલધર્મને પામ્યો.

મંત્રીની મૂઢતા

હવે રાજાના મરણબાદ સિંહમંત્રીએ નગરની સઘળી પ્રજાને ત્યાંથી લઇને ભદ્દિલપુર તરફ પ્રયાણ કર્યું, તેવામાં ત્યાં આગળ ભૂલાઇ ગયેલી કોઇ શ્રેષ્ઠ વસ્તુને લેવા માટે કોઇ ચરપુરૂષને પાછો મોકલ્યો પરન્તુ તે સ્થાનમાંથી તે વસ્તુ કોઇ ભિલ્લ લઈ ગયેલ હોવાથી તે ના મલી. તેથી તે ચરપુરૂષ પાછો આવ્યો, અને મંત્રીને કહ્યું, કે–તે સ્થાનમાં કંઇ પણ વસ્તુ છે નહિ. ત્યારે મંત્રીએ કહ્યું કે–તે જાય ક્યાં ? માટે તે તેંજ લીધી છે, એમ કહીને તેને ખૂબ માર માર્યો, ત્યારબાદ મૂર્ચ્છિત થયેલા તેનો ત્યાગ કર્યો. અને ત્યારબાદ મંત્રી સપરિવાર ભદ્દિલપુર નગરમાં આવ્યો.

શ્રીવીતરાગદેવની પૂજાનો અપૂર્વ મહિમા

આ બાજુ શીતલવાયુથી સચેતન બનેલા ચરપુરૂષે વિચાર્યું, કે અરે આ અધમ મંત્રીને ધિક્કાર પડો ? કે જેણે પ્રભુતાઇના મદમાં પરની પીડા જાણી નહિ. ત્યારબાદ માર્ગનો અજાણ હોવાથી ભૂખ્યો અને તરસ્યો બનેલો તે કાલ કરીને આ ભદ્દિલપુર નગરના નજીકના એક વનમાં સર્પપણે ઉત્પન્ન થયો. એક વખત સિંહ મંત્રી તે વનમાં આવ્યો. આ સર્પે તેને જોયો અને ડસ્યો. આથી મંત્રી મરી ગયો. ત્યારબાદ તે સર્પ પણ ત્યાંથી મરીને નરકમાં ગયો. અને ત્યાંથી નીકળીને અનુક્રમે તું આ વીરાંગદ રાજાના સુર નામના પુત્રપણે ઉત્પન્ન થયો છું. અને મંત્રી મરીને શ્રીવિમલાચલ ઉપર વાવડીમાં મરાલ હંસના બાલકપણે ઉત્પન્ન થયો. તીર્થને જોઇને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવમાં શ્રીજિનેશ્વરભગવાનની સમ્યગ્ આરાધના કરી નહિ, જેથી હું તિર્યંચપણું પામ્યો. આ પ્રકારે વિચાર કરીને ચાંચવડે આણેલાં પુષ્પોવડે મં જિનરાજની પૂજા કરી, અને બે પાંખમાં પાણી

સંસાર ચારણુંની અતિ ગહનતા.

ઉપર મુજબ મૃગધ્વજ રાજા વિચાર કરી રહેલ છે, તેટલ એક યુવાન પુરૂષ રાજાની પાસે આવ્યો. અને રાજાને નમસ્કાર ક રાજાએ પૂછ્યું. કે-રે! તું કોણ છે? જેટલામાં તે ઉત્તર આપે તેટલામાં આકાશમા દિવ્ય વાણી થઇ, કે-હે રાજન્! આ ત ચંદ્રાવતીથી ઉત્પન્ન થએલો પુત્ર છે. જો તને આ વાતમાં સંદેહ હો તો અહિંથી ઇશાન ખુણામાં પાંચસો જોજન ઉપર બે પર્વત વચમાં એક કદલીનું વન છે, ત્યાં એક જ્ઞાનવાળી યોગીની છે. તેણી પૂછવું. તે બધોય ખુલાસો કરશે. આ પ્રકારે સાંભળીને આશ્ચ પામેલો રાજા તે આવેલ પુરૂષની સાથે ઇશાનખુણામાં જલદી ગયે અને ત્યાં યોગિનીને જોઇ. તેણીએ પણ પ્રીતિપૂર્વક કહ્યું, કે- રાજન્! તેં જે સાંભળ્યું છે, તે બરાબર છે. કારણ કે-આ સંસા રૂપી અટવીનો ક્રમ ઘણો ગહન છે. કે જેમાં તમારા જેવા તત્ત્વજ્ઞ પણ મુંઝાય છે. આ પુત્રનું પહેલેથી અંત સુધીનું વૃત્તાન્ત રાજન! તમે સાંભળો.

પૂર્વભવના સ્નેહબંધનની અતિ ભયંકરતા.

ચંદ્રપુરીમાં સોમચંદ્ર નામના રાજાને ભાનુમતિ નામની ભાર્યા હતી. તેની કુક્ષિમાં હૈમવંત ક્ષેત્રનું એક યુગલિયું સૌધર્મદેવ લોકના સુખને ભોગવીને અવતર્યું. અનુક્રમે પુત્ર અને પુત્રીરૂપે જન્મેલા તે બન્નેનું નામ **ચંદ્રશેખર** અને **ચંદ્રાવતી** એવું રાખ્યું. **ચંદ્રાવતીને** ત્હારી સાથે પરણાવી. અને **ચંદ્રશેખરને યશોમતિ** નામની એક રાજકન્યાની સાથે પરણાવ્યો. છતાંય તે બેઉ જણાં પૂર્વભવના અભ્યાસથી પરસ્પર અતિશય રાગી થયાં. એટલુંજ નહિ, પરન્તુ ભોગ ભોગવવાની ઇચ્છાવાલાં પણ બન્યાં. પ્રાગ્ભવના સંબંધને ધિક્કાર પડો. કે જેના યોગે ભાઇ બ્હેન પણ અઘટિત આચરવાને તૈયાર થયાં.

આ પ્રકારના યોગિનીના કથનને સાંભળીને ક્રોધાયમાન મૃગધ્વજરાજા ખેદ કરવા લાગ્યો, ત્યારે તેને પ્રતિબોધ કરવા યોગિની કહેવા લાગી, કે–"कवण केरा पुत्र मित्रारे, कवण नारी। मुहिआं मोहिओ मेरी, मूढ भणइ अविचारी ॥१।

સ્વારથીયા સંસારમાં મૂઢ સિવાય કોણ લુબ્ધ બને

મતલબ એ છે, કે—આ જગતમાં કોઇ કોઇનું નથી, સ્વારથીઓ સંસાર છે. છતાં મૂઢ આત્માઓ આ પ્રક વિચારે છે, અને બોલે છે કે—આ પુત્ર મ્હારો, આ નારી મ્હાર આ મિત્ર મ્હારો, આ તો મ્હારો દુશ્મન વિગેરે, ખરે આ બધી મોહની જ વિટંબના છે. આ રીતિનાં યોગિની ઉપદેશને સાંભલીને શાન્ત થયેલ અને વધુ વૈરાગ્યવાળો બને મૃગધ્વજ રાજા યોગિનીની રજા લઇને ચન્દ્રાંકને સાથે લ પોતાના નગરની નજીકના વનમાં આવ્યો. ત્યારબાદ ચન્દ્રાંકને નગર મોકલીને શુકરાજને તેમજ મંત્રી વિગેરેને બોલાવીને કહ્યું, કે વૈરાગ્ય પામેલ છું માટે હવે દીક્ષાને ગ્રહણ કરીશ. આ રાજ્ય શુકરાજને આપશો. હું હવે આ નગરમાં આવવાનો નથી. આ પ્રકારનું રાજાનું કથન સાંભળીને મંત્રી આદિકે કહ્યું, કે હે નાથ આપ એક વખત નગરમાં પધારો. કારણ કે-વૈરાગ્યવાન્ નિર્મો આત્માઓને તો વન અને નગર સરખું જ છે. આ પ્રકારે મં આદિકનો વધુ આગ્રહ થવાથી રાજા નગરમાં ગયો. અને ત્યારબ શુકરાજનો રાજ્યાભિષેક કર્યો અને તેને રાજ્ય અર્પણ કર્યું.

આખરે પાપીઓને ભાગે જ છુટકો.

આ મૃગધ્વજરાજા જ્યારે નગરમાં પોતાના મહેલે પધાર્ય ત્યારે પાપી ચંદ્રશેખરે ચંદ્રાંકને ત્યાં આગલ જોયો, આથી યક્ષના કથનને યાદ કરીને કોઇને પણ માલુમ ન પડે તેવી રી જીવની માફક પોતાના નગરમાં ગયો.

ઉત્તમ આત્માઓને ઉત્તમ ભાવનાનું ઉત્તમ ફળ.

આ તરફ વૈરાગ્યવાસિત આ મૃગધ્વજરાજા રાત્રિમાં
વિચાર કરે છે, કે—સવાર ક્યારે થશે ? હું દીક્ષા લઇને ખુશી
ક્યારે થઇશ ? હું નિરતિચાર ચારિત્રનું પાલન ક્યારે કરીશ,
અને સકલ કર્મોનો નાશ ક્યારે થશે ? ઈત્યાદિ શુભ ભાવ-
નામાં એકાગ્ર ચિત્તવાલા બનેલા રાજાને સર્વઘાતિ કર્મોનો
ક્ષય થવાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ. ધન્ય છે ? ઉત્તમ
ા ઉત્તમ આત્માઓની ઉત્તમ ભાવનાને. વાંચક મહાશયો ?
મૃગધ્વજરાજાની ઉત્તમ ભાવનાને જો આપણા હૃદય-
લમાં ઉતારવામાં આવે તો જરૂર આપણું પણ કલ્યાણ
ા સિવાય ન જ રહે ?

જગતની મૂઢતાનું પ્રદર્શન.

અહો આશ્ચર્યની વાત તો એ છે, કે—આ લોકનાં કાર્યો માટે
કરાયેલો મહાન ઉદ્યમ પણ નિષ્ફળ થાય છે. ત્યારે ધર્મ કરવાનો સંકલ્પ
પણ કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને આપે છે. પરંતુ જગતના જીવોની
મૂઢતા કોઈ અલૌકિક પ્રકારની છે, કે—જેના યોગે આ લોકનાં
તુચ્છ કાર્યો માટે પોતાની આખી જીંદગી બરબાદ કરે છે.
રન્તુ ધર્મ કરવાનો વિચાર સરખોય કરતો નથી. આ ઓછા
ખેદની વાત છે ?

સિદ્ધિપુરીના બે માર્ગો, એક સિધો અને બીજો વાંકો.

હવે તે કેવલજ્ઞાની શ્રી મૃગધ્વજરાજાને દેવોએ સાધુનો
વેષ સમર્પણ કર્યો, અને તેમને પણ સાધુ વેષનો સ્વીકાર કર્યો
ત્યારબાદ સાધુ વેષને દેનારા દેવોએ તેમના કેવલજ્ઞાનનો મહોત

કરી. શ્રી શુકરાજ રાજા આદિ [illegible] તેજ વખતે ત્યાં આવ્યા. કેવળજ્ઞાની ભગવાન શ્રી મૃગધ્વજરાજર્ષિએ સુધા સમાન ધર્મદેશના આપી, કે હે ભવ્ય પ્રાણીઓ ! આ મહાન્ ભયંકર સંસાર સમુદ્રને તરવા માટે સાધુધર્મ અને શ્રાવકધર્મ એ બેજ સમાન છે. તેમાંય સાધુધર્મ એ પ્રથમ નંબરનો સિધો ધર્મમાર્ગ છે. અને બીજા નંબરનો એ વાંકો ધર્મમાર્ગ છે. એ બન્ને પ્રકારના માર્ગમાં જે તમોને રુચિકર માર્ગ હોય તે માર્ગે ચાલો. જે સિધો માર્ગ છે, તે મુક્તિપુરીમાં જલદી પહોંચાડે છે, અને બીજા નંબરનો વાંકો માર્ગ છે, તે વિલંબે કરીને મુક્તિ-પુરીમાં પહોંચાડે છે.

આ પ્રકારે શ્રી કેવલીભગવાને આપેલી ધર્મદેશનાને સાંભળીને **કમલમાલા, શ્રી હંસરાજ અને ચંદ્રાંક** એમ ત્રણે જણાએ પ્રતિ-બોધ પામીને પ્રથમ નંબરના માર્ગનો એટલે કે—દીક્ષાનો સ્વીકાર કર્યો. અને શુદ્ધ રીતિએ સંયમ આરાધના કરીને મુક્તિપુરીમાં ગયા. અને સાધુધર્મના સ્વીકારમાં કરેલી છે શ્રદ્ધા જેમને એવા શુકરાજ આદિએ પોતાની શક્તિ મુજબ સમ્યક્ત્વમૂલશ્રાવકધર્મનો એટલે કે—બીજા નંબરના માર્ગનો સ્વીકાર કર્યો.

આત્મશ્લાઘા અને પરનિન્દા એ નિર્ગુણીનું લક્ષણ છે.

વ્યભિચારિણી ચંદ્રાવતીના દુરાચારને ન તો કેવલી ભગવાન્ શ્રીમૃગધ્વજરાજર્ષિએ પ્રકાશિત કર્યો. કે—ન તો શ્રી ચન્દ્રાંક આદિએ પ્રકાશ્યો. કારણ કે—વૈરાગ્યવાસિતોને તો તેની દરકાર હોતી નથી જ. અહો ? ઉત્તમ મહાપુરૂષોની કેટલી ગંભીરતા ? ખરે જ ? ભવાભિનંદિ આત્માઓ જ પરચ્છિદ્ર ખોલવામાં ચતુર હોય છે. તેમજ નિર્ગુણી આત્માઓ સ્વશ્લાઘા અને પરનિન્દા કરે છે.

વાંછાથી આવ્યો. અને સારબાદ રાત્રીને વિષે ખોટી બૂમ મારી કે—અરે ! દોડો દોડો ? કોઈ આ વિદ્યાધર મારી બન્ને સ્રીઓને લઈને ચાલ્યો જાય છે. આ રીતિનાં રાજાનાં વચન સાંભળીને હાહાકાર કરતા મંત્રી વિગેરે કહેવા લાગ્યા, કે—હે પ્રભો ! આપની એ વિદ્યાઓ કયાં ગઈ ? ત્યારે તે રાજા કહેવા લાગ્યો, કે—હે હા હા ? (મહા ખેદની વાત છે,) કે—મ્હારી સઘળી વિદ્યાઓ પણ મ્હારા પ્રાણની માફક તે પાપી હરી ગયો.

આ રીતિએ કપટ વડે કરીને તે બનાવટી શુકરાજ સઘળાઓને વશ કરી વિશ્વાસ પમાડીને પોતાના દુરાચારને પોષવા લાગ્યો. આ રીતિએ ચંદ્રાવતી અને ચંદ્રશેખર અનાચારમાં આસક્ત બન્યાં.

નરાધમોની અધમતા.

આ તરફ તે શુકરાજરાજા પણ તીર્થયાત્રા કરીને પોતાના સસરાને ત્યાં કેટલાક દિવસ રહીને જ્યારે પોતાના નગર તરફ પાછો આવે છે, તે વખતે પોતાના દુષ્કૃત્યથી શંકિત બનેલો અને ગોખમાં બેઠેલો એવો ચંદ્રશેખર (બનાવટી શુકરાજ) રાજા પોકાર કરીને કહેવા લાગ્યો, કે—હે મંત્રી જે પાપાત્મા મ્હારી વિદ્યાઓ અને સ્રીઓને લઇ ગયેલ હતો; તે પુનઃ આ મ્હને ઉપદ્રવ કરવાને માટે પાછો આવે છે. માટે તું જઇને એને સામનીતિ વડે કરીને સમજાવીને પાછો વાળ. હી ? હી ? પાપાત્માઓની પાપી પ્રપંચજાળને ધિક્કાર પડો ? ધિક્કાર પડો ? કે—જેના યોગે પોતાનોજ આત્મા અધિક જાળમાં ફસાય છે.

મન્ત્રીની—ભ્રમણા.

હવે મંત્રી આદિ જે માર્ગે શુકરાજ રાજા આવી રહેલ છે. ત્યાં સામે જાય છે. ત્યારે મંત્રી આદિકને સામે આવતા જોઇને શુકરાજ રાજા પોતાના યાનમાંથી નીચે ઉતરીને એક આંબાના વૃ

એવા તે શુકરાજરાજાનું વિમાન જેમ પર્વતની આગલ પાણીનું પૂર અટકે તેમ અકસ્માત્ સ્ખલાયમાન થયું. આ શાથી અટકી ગયું એમ વિચારીને વિમાનને નીચે ઉતારીને તેને જેટલામાં જુવે છે, તેટલામાં તો તેણે પોતાના પિતા કેવલીભગવાનને જોયા. આથી અતિશય ભક્તિપૂર્વક પ્રણામ કરીને પોતાનું રાજ્યભ્રષ્ટ થવું ઇત્યાદિ સઘળી હકીકત કહી. આ સાંભળીને ગુરૂમહારાજે કહ્યું, કે–આ પૂર્વકૃત કર્મનું ફલ છે. તે તું સાંભલ.

હાસ્યથી પણ બંધાયેલા કર્મોનું કટુક ફલ

જિતારિ રાજાના પૂર્વભવથી પ્હેલાંના ભવમાં તું ભદ્રકભાવી, ન્યાયી એવો શ્રીગ્રામ નામના ગામનો ઠાકોર હતો. અને ત્હારી ઓરમાન માતાનો દીકરો, કે જેને ત્હારા બાપે એક ગામ આપેલ હતું, તેનો ભોગવટો તે કરતો હતો. તે ત્હારો ભાઈ એક વખત **શ્રીગ્રામમાં** કાર્ય પ્રસંગે આવીને પાછો જતો હતો. તે વખતે તેને **બંદીની માફક થોડીવાર હાંસીથી તેં પકડી રાખ્યો,** અને કહ્યું: કે–મ્હોટો ભાઇ એવો હું વિદ્યમાન છતાં ત્હારે રાજ્યની ચિંતા કરવાની શી જરૂર છે? તું ત્હારે સુખેથી અહિં રહે? તે અવસરે ઓરમાન માતાના પુત્રપણાના કારણે અને ભીરૂતાવડે કરીને તે વિચારવા લાગ્યો, કે–હા? ચોક્કસ મ્હારૂં રાજ્ય ગયું. અરે? હું અહિં શું કામ આવ્યો. હા? હવે હું શું કરીશ. આ પ્રકારે વ્યાકુલ થયેલા તેને તેં એક મુહૂર્ત પછી છોડી દીધો. આ રીતિએ **હાસ્યથી પણ તે વખતે તેં મહાન્ દારૂણ કર્મ ઉપાર્જન કર્યું.** તે કર્મના ઉદયથી અત્યારે આ રાજ્યભ્રષ્ટતાદિ દુષ્ટ ફલ આવ્યું છે. ખરેખર? જીવો ગર્વિત થયેલાની માફક સઘળી સંસાર સમ્બન્ધિ ક્રિયાઓને કરે છે. પરન્તુ પરિણામે તેના વિપાકમાં **ફાળ ચૂકેલ વાંદરાની જેમ દીન બને છે.**

મોટો જોઈએ. પરન્તુ તે તો હમણાંજ ભાગી ગયો. બીજું કંઈ જાણતા નથી.

રાજાનું તીર્થરાજની યાત્રા માટે ગમન.

હવે પ્રત્યક્ષ ફલ જોઈને જોયું છે, એવો શ્રીશુકરાજરાજા મોટા આડંબરપૂર્વક પરિવારે સહિત શ્રી વિમલગિરિ તીર્થને વિષે યાત્રા કરવા ગયો. તે વખતે જેનું દુષ્ટ વૃત્તાન્ત કોઈએ જાણેલ નથી, એવો તે ચંદ્રશેખર પણ ઉત્સાહપૂર્વક સાથે આવ્યો.

શ્રીશત્રુંજયનામની સાર્થક ઉત્પત્તિ.

હવે શ્રી વિમલાચલતીર્થને વિષે જઈને શ્રીજિનેશ્વરભગવાનની પૂજા કરીને અને સ્તુતિ કરીને તેમજ મહોત્સવ કરીને સર્વની સમક્ષ શુકરાજે આ પ્રમાણે કહ્યું કે—આ તીર્થમાં મંત્ર સાધવાથી મેં શત્રુનો જય કર્યો છે. માટે આજથી આ તીર્થને વિચક્ષણ પુરૂષોએ **શ્રી-શત્રુંજય નામથી** ઓળખવું. ત્યારથી **શ્રીવિમલાચલતીર્થ** એ **શ્રી-શત્રુંજયતીર્થના નામથી જગતમાં પ્રસિદ્ધિને પામ્યું.**

ઘોરપાપની પણ શુદ્ધિ કરનાર આલો-ચનાદિનો સ્વીકાર.

આ શ્રીશત્રુંજયતીર્થમાં **પરમતારક શ્રીઆદિનાથ ભગવાનને** જોઇને **શ્રી ચંદ્રશેખરરાજા** પોતાના પાપની નિન્દાને કરતો અત્યંત પશ્ચાતાપ કરવા લાગ્યો. ત્યારબાદ, મહોદયની ઈચ્છાને કરતા **શ્રી ચંદ્રશેખરરાજાએ** ત્યાં આગલ રહેલા તે મહામુનિને પૂછ્યું, કે—મ્હારી શુદ્ધિ પણ કોઇ રીતિએ થશે? ત્યારે તે મહામુનિએ કહ્યું કે—જો સમ્યગ્ આલોચના કરીને આ તીર્થ ઉપર મહાન્ તપ તપાય તો જરૂર ત્હારી પણ શુદ્ધિ થાય. આ પ્રકારે તે મહામુનિએ કહેલું સાંભળીને સમ્યગ્ આલોચના કરીને તે મહામુનિપાસે દીક્ષા અંગીકાર કરી. ત્યારબાદ **તે ચંદ્રશેખર રાજર્ષિ** તીવ્ર તપસ્યા કરીને સર્વકર્મનો ક્ષય કરીને મોક્ષે ગયા.

તે ઉત્તમ ગુણોના યોગે ધર્મની પ્રાપ્તિ થાય, અને ધર્મનું પાલ[illegible] થાય. તથા તેમાં દૃઢતાદિ ગુણો ધારણ કરવા કે જેના યોગે કર્મનો ક્ષ[illegible] થાય, અને અન્તે સિદ્ધિવધૂનાં શાશ્વત સુખોના ભોક્તા બનાય.

ઉપરોક્ત સઘળાય દૃષ્ટાંતથી એ સ્પષ્ટ થાય છે, કે–યોગ્ય આ[illegible]ત્માઓનેજ ધર્મ ફલદાયક થાય છે, માટે ધર્મી આત્માઓએ જ[illegible] યોગ્યાયોગ્યનો વિચાર કરવો જોઈએ.



લેખાંક–૬

ધર્મપ્રવૃત્તીઓ સ્હામેનાં આક્રમણો. સાવધાનીથી સામનો કરો !

"जह वरजलभरे अ सरे, साणेभ हंसमाईणं ।
चायलिहणासिअयरइ, सुगुरूवएसे तह जिआणं ॥१॥

સદ્‌ગુરૂઓના વચનામૃતનો ત્યાગ કરનારાઓ શ[illegible] વાયસથી ઉતરતા છે ?

શ્રી ઉપદેશરત્નાકરના પ્રથમતટના અષ્ટમ તરંગમાં સહસ્ર[illegible] વધાની સૂરિપુરંદર શ્રીમાન્‌મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા [illegible]પદેશ કરતાં યોગ્ય–અયોગ્ય જીવોનું સ્વરૂપ દેખાડતાં જણાવે છે, કે–[illegible] નિર્મળ પાણીથી ભરપૂર સરોવરમાં પ્રાપ્ત થયેલા વાયસ, શ્વાન, [illegible] (હાથી) અને હંસાદિકનું અનુક્રમે ત્યાગ, લેહન (ચાટવું.) અરતિ[illegible] (તૃપ્તિ) અને રતિ થાય છે; તેમ સુગુરૂઓના ઉપદેશમાં અયોગ્ય જીવોનું પણ ત્યાગાદિ થાય છે.

આ બાબતને વધારે સ્પષ્ટ કરતાં ગ્રન્થકારમહર્ષિ જણાવે છે, કે-જેવી રીતે નિર્મળ જળથી પૂર્ણ મહાસરોવરને પામવા છતાં અને સ્વયં તૃષાતુર હોવા છતાંય કાગડો સરોવરમાંથી પાણી પીતો નથી; તેમજ પોતાના શરીરનો મેલ તથા તાપ દૂર કરવા માટે સ્નાન પણ કરતો નથી; એટલું જ નહિ; પરન્તુ તે મહા સરોવરનો ત્યાગ કરીને મનુષ્યોના સ્નાનાદિકથી મલિનતાવાળુ અને ક્ષુદ્ર ખિલાદિકને વિષે રહેલું એવું ખરાબ પાણી થોડું પીવે છે, અથવા તો પાણી ભરીને જતી સ્ત્રીઓના માથા ઉપર રહેલ નિર્મલ પાણીથી ભરેલા ઘડાઓને વિષે પોતાની અપવિત્ર એવી ચાંચ નાંખવા વડે કરીને તે પાણીનો નાશ કરે છે. પરન્તુ સ્વયં તૃપ્ત થતો નથી. તેવી રીતિએ કેટલાક અધમ જીવો અભિગૃહીત નામના તીવ્ર મિથ્યાત્વરૂપ પાપવાસનાના વશ થકી તેમજ બહુલકર્મતાદિહેતુક પ્રમાદાદિના વશથી શ્રીજિનધર્મ ઉપર દ્વેષને કરતા, દયાદિગુણવિશુદ્ધ શ્રીસર્વજ્ઞ આગમ જળથી ભરપૂર મહાન્ સરોવર સદૃશ સુગુરુના ઉપદેશની અભિલાષા પણ નહિ કરતાં તેનો ત્યાગ કરે છે. આથી સ્પષ્ટ જ છે કે-અધમકોટીના જીવો દયાદિગુણથી વિશુદ્ધ શ્રી સર્વજ્ઞભગવાન ભાષિત આગમરૂપ પાણીથી ભરપૂર એવા મહાન્ સરોવર સમાન શ્રી સદ્ગુરુના ઉપદેશની અભિલાષા પણ કરતા નથી, તો પછી સાંભળવાની તો વાત જ શી? આવા પ્રકારના જીવોને શાસ્ત્રકારો જ કાગડાના જેવા સ્વભાવવાળા ઓળખાવે છે.

પાપાત્માઓની ઓળખાણ

આ ઠેકાણે વાંચકોએ સમજવું જોઇએ, કે-જ્યારે સદ્ગુરુના ઉપદેશને નહિ સાંભળવાને ઇચ્છતા જીવોને શાસ્ત્રકારો કાગડા જેવા ઓળખાવે છે; ત્યારે જે જીવો જૈનાગમ જળથી ભરપૂર શ્રીસદ્ગુરુના ઉપદેશને સાંભળવાને ઇચ્છતા હોય, તેમજ સાંભળતા અને સાંભળીને યથાશક્તિ સમાચરણને

કરતા હોય તેના પ્રાણીઓને અટકાવે છે, તેવાઓને, અરે એટલું જ નહિ પણ અનેક પ્રાણીઓને સંસાર સમુદ્ર તરવામાં સાધનભૂત એવાં પરમઉપકારી શ્રી જૈનશાસ્ત્રોને બાળી ભસ્મીભૂત કરવાનું કહેનારાઓને, તેમજ જિનમૂર્તિઓને કલાહિન તથા પત્થરના ટુકડા તરીકે કહેનારાઓને, રૂષભદેવ ભગવાનને બળવાખોર તરીકે ઓળખાવનારાઓને, શાસ્ત્ર એ તો નિર્જીવ પોથું છે, માટે તેના હકાર કે નકાર તરફ ધ્યાન દેવું તેના કરતાં માબાપ, સ્ત્રી, બાળકો અને બીજા પનારે પડેલાઓનો નકાર વધારે પ્રમાણભૂત છે, એમ લખનારાઓને, શાસ્ત્ર એ તો એક જાતનો ફુલવો છે. એમ માનનારાઓને, ધર્મ કરવો એ તો નવરાઓનો ધંધો છે, પંચમહાવ્રતધારી સાધુઓ એ તો પઠાણો છે. એમ કહીને ધર્મને નિંદનારાઓને, પૂજા અને ક્રિયાકાંડની વિધિઓમાં ભલે ભેદ છે છતાં જૈન તત્ત્વ જ્ઞાનની દૃષ્ટિએ આપણો સહુનો એકજ ધર્મ છે, અને આપણે સહુ મહાવીરનાં સંતાનો તરીકે એકજ કોમના છીએ એમ કહેનારાઓને. અને આ પ્રમાણે કહેવા છતાંય મા, બ્હેન, અને સ્ત્રી એ પણ એકજ છે, એમ નહિ સ્વીકારનારાઓ કઇ રીતિએ ત્રણે ફીરકાઓ મહાવીરનાં સંતાનો છીએ એ નહિ સમજનારાઓને, સાધુગણના તપ અને ત્યાગ પ્રત્યે અમોને માન છે, એમ કહી કેવળ પાપના કારણભૂત સામાજિક, આર્થિક અને રાજ્યનૈતિકતામાં મદદની માગણી કરનારાઓને, ઉજમણાં આદિ ધર્માનુષ્ઠાનોમાં ખર્ચાતા દ્રવ્યને આ ખોટો ખર્ચ છે, એમ કહેનારાઓને, તેમજ પાપારંભોમાં ખર્ચાતા દ્રવ્યને સાર્થક માનનારા વિગેરેને કેવા ઓળખાવવા.

ભુ શ્રી મહાવીરદેવનો સાચો અનુયાયી શું ? તેની
આજ્ઞા માનવાને તૈયાર ન હોય ?

આવા પાપાત્માઓથી સદા અળગા રહેવું એજ શ્રેયસ્કર
છે. અરે ! આવા પ્રસંગે છતી શક્તિએ મૌન ધારણ કરીને
રહે તો તેવાઓને પણ કેવા સમજવા. તે વાંચકોએ સ્વયં
વિચારી લેવું.

ઓળખાવવું છે મહાવીરદેવના સંતાન તરીકે અને શ્રી મહા-
વીરદેવની આજ્ઞાને માનવી નથી. આવાઓને કઈ રીતિએ મહાવીરનાં
સંતાન કે જૈન તરીકે કહેવાય ? પરમોપકારી ઉપાધ્યાયજી મહા-
રાજ શ્રીમદ્ યશોવિજયજી મહારાજા તો તેવાઓને એટલે
ધર્મના ગ્રંથોને ઓળવીને અર્થની દેશના દેવાવાળાઓને
મોક્ષમાર્ગના ચોર તરિકે ઓળખાવે છે. તો પછી અર્થની
દેશના માગનારા તેમજ ધર્મશાસ્ત્રોના સદંતર નાશ કરી
નાખવાને ઇચ્છનારાઓને માટે તો કહેવું જ શું ?

ભાગ્યવાન કોણ ?

ખરેખર આ હુંડા અવસર્પિણીના પાંચમા આરામાં ધ
ધર્મકુપાસિકોના ટોળામાં આવા કાગડા જેવા અને ચોર
આજીઓથી બચાને જે મહાનુભાવો પોતાના ધર્મધનનું
કર્યું છે. અને કરે છે તેઓ જ મહાભાગ્યશાળી છે. અને વખ
લાયક છે.

કાગડા જેવા આત્માઓની ઓળખાણ.

વળી કાગડાઓ જેમ નિર્મલ પાણીથી ભરેલા
પોતાની અપવિત્ર ચાંચ નાખીને પાણીને બગાડે
કાગડા જેવા અધમ આત્માઓ મનઃકલ્પિત એવ

કરીને શ્રોતાઓના હૃદયમાં થયેલા બોધને બગાડે છે, એટલુંજ નહિ કિન્તુ ધર્મબોધનો નાશ પણ કરે છે.

સદ્ગુરૂઓના સંયોગે ધર્મોપદેશ સાંભળવાથી શ્રોતાઓને જે કંઈ ધર્મશ્રદ્ધા થઈ હોય છે, તે ધર્મશ્રદ્ધાનો નાશ પણ આ કાગડા જેવા નીચ આત્માઓ કરે છે.

વર્તમાનમાં પણ આપણે પ્રત્યક્ષ દેખી શકીએ છીએ. કે કેટલાક એવા આત્માઓ છે કે-જેઓ પોતે ધર્મોપદેશ સાંભળતા નથી. અને બીજા સાંભળવાની રૂચીવાળાઓને પણ સાંભળવામાં અટકાવ કરવાના અધમ પ્રયત્નો કરે છે. તેમજ કેટલાક ભદ્રિક આત્માઓ ધર્મોપદેશ સાંભળીને ધર્મશ્રદ્ધાવાન બનેલા હોય, તેવાઓને કુતર્કદ્વારા શ્રદ્ધાહિન બનાવવાના પ્રયત્નો કરે છે. તેવા અધમ મનુષ્યોને આ કાગડાની ઉપમા બરાબર ઘટી શકે છે.

વળી જેમ કાગડો ગંદકીવાળા ખાબોચીયાના પાણીમાં આનંદ માને છે. તેમ કાગડા જેવા અધમ આત્માઓ [illegible] પાખંડાદિક કુગુરૂઓના ઉપદેશમાં આનંદ [illegible]

[illegible]

[illegible]

વેષનો ત્યાગ કર્યો, અને પરિવ્રાજક

...ક્ત નહિ કરા ... કર્મની ગતિ વિચિત્ર છે.
થયા.

આ ઠેકાણે પતિતોનાં ઉદાહરણ લેનાર પામરોએ અને દીક્ષાને દફનાવવા માગતા દીક્ષા વિરોધી દાનવોએ સમજવાનું છે; કે–પરમતારક તીર્થંકરદેવશ્રીરૂષભદેવ ભગવાનના પુત્ર ચક્રી ભરત મહારાજા, તેમના પુત્ર મરિચિ છે. હવે વિચારો કે–મરીચિ જેવા દીક્ષા લેનારા છે. શ્રી રૂષભદેવ સ્વામી જેવા સર્વજ્ઞ ભગવાન દીક્ષા આપનારા છે. દીક્ષા ગ્રહણ કર્યા બાદ આગમોના જ્ઞાતા પણ બનેલ છે. છતાંય સંયમથી પતિત થયા.

જ્યારે કર્મોદય અતિશય બલવાન થાય છે, અને આત્મા ઢીલો પડી જાય છે. ત્યારે સંયમ કેટલોક કાળ પાળવા છતાંય જ્ઞાનનો સારામાં સારો અભ્યાસ હોવા છતાંય, ચોથા આરામાં (એટલે કે–લોકો જેને સતયુગ કહે છે.) તેવા અવસરે પણ સંયમથી પતિત થવાય છે. તો પછી આ પાંચમા આરામાં (કલીયુગમાં) છદ્મસ્થોના હસ્તક દીક્ષા લેનારમાંથી કોઈક આત્મા પોતાના પાપોદયે પડી જાય, તેમાં નવાઇ પામવા જેવું નથીજ.

આ ઉપરથી સમજવાનું છે, કે–સંયમથી પતિત થયા હોય તેવાઓને જોઈને અથવા તો કોઇ પતિત થતા હોય તેવાઓને જોવા માત્રથી બીજા ભવ્ય આત્માઓને સંયમ લેતા અટકાવાયજ નહિ. કારણ કે મરિચિ પછીથી પણ અથવા તો સંયમ સહિત જે કોઈ નંદિષેણ વગેરે પડ્યા હોય. તેઓના પછી પણ સંયમ માર્ગ તો ચાલુ રહ્યો જ છે. તેઓના પડવા પછી પણ ... તેના આવ્યા હોય તેમને જ્ઞાતીઓએ ના પણ પાડી ... જો કોઈપણ રીતિએ ઉચિત ... જો કોઈ

શ્વાન વૃત્તિને ધારણ કરનારા જીવો જિનવચનામૃતનું પાન કરી તૃપ્ત થઈ શકતા નથી.

વળી કાગડા જેવા જીવો કુતરા કરતાં પણ ખરાબ છે. અર્થાત કાગડા જેવા જીવો કરતાં કુતરા જેવા જીવો સારા છે. આજ વાતને સ્પષ્ટ કરતાં શાસ્ત્રકારમહર્ષિ જણાવે છે કે—"**साणत्ति**"

જેમ કુતરો તરસથી પીડા પામે છે, નજીકમાં નિર્મળ પાણીથી ભરપૂર સરોવર પણ છે, છતાં જો મેલું અને ખરાબ પાણીવાળું ખાબોચીઉં વચ્ચે મળી જાય, તો તેમાં પણ જેવી રીતે તૃષા છીપે તેવી રીતે ગટગટાવીને પાણી નહિ પીવે, પરંતુ ચાટે છે. કદાચ ખાબોચીઉં ન મળે અને સરોવર ઉપર આવે તો પણ મ્હોઢું આગલ કરીને પાણીને ચાટે છે. પરન્તુ મરજી મુજબ ઘુંટડો ભરીને પાણી નહિ પીવે. તો પછી સ્નાનાદિક તો કરેજ ક્યાંથી !

આવીજ રીતિએ કોઇ પણ ધર્મને વિષે આગ્રહ નહિ રાખનારા, અને જૈનધર્મને વિષે મધ્યસ્થપણું રાખનારા કેટલાક જીવો તેવા પ્રકારના સંવિજ્ઞ ગીતાર્થ સદ્ગુરૂનો ઉપદેશ સાંભળવામાં સાર દેખવાથી કાંઇક અભિલાષા કરે છે, તો પણ અધિક યા સંપૂર્ણ ઉપદેશને સાંભળતા નથી. કારણ કે તેઓ પોતાના મનમાં આ પ્રકારે વિચારે છે, કે—જો આપણે બહુ સાંભળીશું તો આપણને બહુ નિયમો આપશે, અગર તો પાપી એવો મારો સ્વજન વર્ગ મારા અપવાદ બોલશે; કે—આ ભાઇ તો બહુજ ભગત બની ગયા છે, હવે તો તે સાધુ થઇ જવાના, કેમ કે તેમને તો ફક્ત સાધુઓ પાસેજ જવાનું સુઝે છે, ઘરમાં છોકરાંની તો કાંઇ પણ દરકાર રાખતા નથી. ઇત્યાદિક અપવાદના ભયથી બીચારો સદ્ગુરૂના સમાગમમાં આવવા છતાંય સંપૂર્ણ રીતે તેમના વચનામૃતનું પાન કરી શકતો નથી.

જ્યારે કોઇક વખત સરસ કથા શ્લોક આદિ સાંભળે છે, ત્યારે

તે સાંભળીને ધારી શકે છે, અને કાંઇક શુદ્ધ ધર્મની પ્રાપ્તિરૂપ ધર્મને પણ પામે છે, એટલુંજ નહિ કિન્તુ ધર્મનું આચરણ પણ કરે છે.

ધર્મારાધક આત્માઓએ વિધર્મી માતા પિતાદિકનો ભય તજવો જોઈએ.

મહા ખેદની વાત છે; કે—ધર્મ આરાધન કરવાની ઇચ્છા હોવા છતાંય અને સાનુકૂલ સંયોગો હોવા છતાંય અધર્મી એવાં માતા પિતાદિકના ભયથી આત્મકલ્યાણના માર્ગભૂત શુદ્ધ ધર્મનું તે આત્મા આરાધન કરી શકતો નથી. છેવટે ધર્મવિમુખ થઇને તે જીવ દુર્ગતિમાં જાય છે. માટે ધર્માર્થી-ઓએ ધર્મ આરાધના કરતાં કોઇનાથી ડરવું જોઈએ નહિં. જો ડરે નહિ, તોજ ધર્મ આરાધના કરી શકાય છે. આજ વાતને પુષ્ટ કરતાં શાસ્ત્રકારમહર્ષિ જણાવે છે, કે—

"माइपिइ सामि गुरु-माइआण धम्माउ भिन्नाणं ॥ १ ॥
होइ समत्थो धम्मं, कुणमाणो जो न बीहइ परेसिं ।"

જિનધર્મથી ભિન્ન ધર્મને પાળનારા અગર માનનારા માતા પિતાદિ બીજાઓથી જે આત્મા ધર્મ કરવામાં ભય પામતો નથી, તે આત્મા ધર્મ કરવાને સમર્થ બને છે.

આથી સ્પષ્ટ છે કે—મિથ્યાધર્મની શ્રદ્ધાવાળા કુટુંબાદિકનો ભય રાખનાર ધર્મની આરાધના કરી શકતો નથી. તેમજ તેવો ભીરૂ આત્મા અનંત સુખનો ભોક્તા પણ બની શકતો નથી. આથી કરીને કલ્યાણના અર્થી આત્માઓ વિધર્મી કુટુંબાદિકનો ભય છોડવો જોઈએ.

જો વિધર્મી કુટુંબાદિકનો ભય રાખીને ધર્મ કરવામાં ન આવે તો પરલોકમાં દુર્ગતિના ભયને અનુભવવો પડે છે. તે દુર્ગતિના મહા ભયંકર ભયથી આ લોકનાં કુટુંબીઓ આપણા આત્માને બચાવી શકે તેમ નથીજ એ વાત નિઃસંદેહ છે.

**માતા પિતાદિકનો સ્વાર્થીસ્નેહ સંસારમાં રખડા-
વનારો છે. માટે તેને તજવો જોઈએ.**

શાસ્ત્રકાર મહાપુરુષો જણાવે છે, કે – આ જીવ માતાપિતાદિકના સ્નેહે કરીને અને [illegible] લીધે સંસારમાં ભ્રમણ કરે છે. અને ત્યારે ગર્ભમાં અનેક પ્રકારનાં દુઃખોને ભોગવે છે. આજ વાતની પુષ્ટિ કરતાં શાસ્ત્રકારો ફરમાવે છે, કે –

'मायाहिं पियाहिं लुप्पइ, नो सुलहा सुगई य पेच्चओ।
एयाइं भयाइं पेहिया, आरम्भा विरमेज्ज सुव्वए" ॥ १ ॥

માતા પિતાના કારણે, મોહવશથી અને સ્વજન વર્ગના સ્નેહે કરીને જે કોઈ આત્મા ધર્મ કરવામાં ઉદ્યમવાળો થતો નથી, તે આત્માને તેજ માતા પિતાદિક સંસારમાં રખડાવે છે. કારણ કે—તે માતાપિતાદિકના સ્નેહથી આકુલ વ્યાકુલ મનવાળો હોવાથી પ્રાયઃ સદ્–અસદ્‌ના વિવેકથી રહિત હોય છે. આવા વિવેક વિહીનો સ્વજનપોષણ માટે જે કાંઈ કર્મ કરે છે, તેઓ આ લોકમાંજ સત્પુરૂષોથી નિંદા પાત્ર બને છે, અને પરલોકમાં પણ તેમને સુગતિ સુલભ થતી નથી. આ રીતિએ દુર્ગતિના ભયનાં કારણો જોઈને જાણીને પાપરૂપ સંસારની ક્રિયાથી પાછા હઠવા પૂર્વક સારા વ્રતવાળા બનવું જોઇએ.

આથી સ્પષ્ટ થાય છે, કે—વિવેકી આત્માઓએ દુર્ગતિ અને તેનાં કારણોનો ભય રાખી, માતા પિતાદિકનો ભય, સ્નેહ અને

ઉદ્યમ કરવો

મોહને લાત મારીને સુવ્રતવાળા થવા માટે ધર્મમાંજ
જોઈએ.

અત્રે એક બીજી વાતનું પણ સ્પષ્ટીકરણ થાય છે, કે—સુવ્ર-
કાર ભગવાનો દુર્ગતિના ભયનાં કારણોને આત્માની નજર સમક્ષ
રાવી દુર્ગતિના કારણભૂત માતાપિતાદિકના ભરણપોષણ માટે જે
કાંઇ કર્મ કરવાં પડે, તેનાથી પાછા હઠી આત્માની સદ્‌ગતિ માટે
સારાવ્રતવાળા થવાનું જણાવે છે. એટલે કે—સ્વજનાદિકના
ભરણપોષણ માટે જે કંઇ પાપારંભો કરવા પડતા હોય; તેને
છોડીને સારા વ્રતવાળા બનવાનું કહે છે, ત્યારે જેઓ પાપા-
રંભ છોડી સુવ્રતવાળા થયેલા હોય તેઓની પાસે કુટુંબા-
દિકના ભરણપોષણનો સવાલ ઉભો કરીને વર્તમાનમાં
શ્રદ્ધા વગરના જે કેટલાક પાપાત્માઓ કોર્ટના આશરે
નિ સુવ્રતવાળા મહાત્માઓને હેરાન કરવાના જે નીચ
યત્નો આદરે છે, તેઓ શું ? પોતાની જાતની કેવી નથી
રતા ? અથવા તો કર્મથી ભારે બનીને દુર્ગતિમાં જવાને
થી ઇચ્છતા ?

તેઓ દુર્ગતિથી બચવા ઇચ્છતા હોય. તેઓએ તો ધર્મ
જેઓ દુર્ગતિથી બચવા ઇચ્છતા વિધર્મી માતા પિતાદિકનો ભય દૂર
આરાધનામાં ઉજમાળ બની
કરવો જોઈએ.

ઝગડા જેવા ઝઘડા કરતાં કૂતરા જેવા ઝઘડા જે કંઈ પ્રમ
સાંભળે છે. અને તેની આગળ ઝઘડા કરે છે. તેઓ કેટલાક આગ
કારણ કે—તે કૂતરા જેવા ઝઘડા ધર્મના અભ્યાસથી વિશેષ પ્રકાર
દુર્ગતિને પામતા નથી. જ્યાં ગાળી લે કે—પ્રકાર વિશેષ દુર્ગતિ
પણ પામે. છતાં પણ શુદ્ધ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ તેઓને થતાં
…ણી નથી.
… કેટલાક કેળવાયેલાઓ ધર્મનો વિરોધ ક

જેવી રીતે હાથી વારંવાર સ્નાન કરીને મેલને દૂર કરે છે, અને પાછો ધૂળવડે પોતાના શરીરને મેલું કરે છે. તેવી જ રીતે કેટલાક મધ્યમ ભાવવાળા જીવો સદ્‍ગુરૂઓના ઉપદેશને સમ્યક્ સાંભળે છે, અને સાંભળ્યા પછીથી હૃદયમાં ધારણ કરે છે. એટલું જ નહિ. પરન્તુ ધર્મકરણીને પણ કરે છે, અને ધર્મકરણી કરીને આનંદ પૂર્વક ગુપ્ત પણ થાય છે, અને તેથી કરીને મિથ્યાત્વ, વિષય, તૃષ્ણા અને કષાય આદિના તાપરૂપ મેલને દૂર કરીને શુદ્ધ થાય છે. અર્થાત્ સદ્‍ગુરૂના સદુપદેશને સાંભળીને, હૃદયમાં ધારણ કરીને અને ધર્મકરણી કરીને વિપરીત શ્રદ્ધારૂપ મિથ્યાત્વ, પાંચ ઈન્દ્રિયોના વિષયની તૃષ્ણા અને ચાર કષાયો—ક્રોધ, માન, માયા અને લોભના તાપરૂપ કર્મના મેલને દૂર કરે છે. પરન્તુ દૃઢ ચિત્તવાળો નહિ હોવાથી કુગુરૂઓનાં વચન સાંભળીને, અને તેમની ક્રિયામાં રાગ કરીને, તેમજ તેમનાં તપ-વિદ્યા ચમત્કાર આદિમાં મુંઝાઈને અને વિષય, તૃષ્ણા આદિ બહુ પ્રકારના આરંભ સેવીને ધૂળવડે કરીને જ જેમ તેમ આત્માને પુનઃ મેલો કરે છે. પુનઃ સદ્‍ગુરૂના ઉપદેશરૂપ જલવડે મેલ દૂર કરે છે, અને ફરી પાછો કુગુરૂના સંસર્ગે આત્માને મેલો કરે છે. આવા પ્રકારનું વર્તન કરનાર પ્રાયઃ મનુષ્યજાતિમાં કે કાંતો ભિન્ન દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

કુલશ્વર અને શ્યામલ નામના બે વણિકોનું ઉદાહરણ.

ત્યાં જઇને જુવે છે, તો તેજ નગરીના ધનેશ્વરશેઠના પુત્ર મલયચંદ્રને ત્યાં આગલ જોયો.

મલયચંદ્રને સર્પનું ડસવું અને મુનિવરની ચરણ-રજથી ઝેરનું દૂર થવું.

મલયચંદ્ર પોતાની સોલ સ્ત્રીઓની સાથે ક્રિડા કરતો હતો, તેવામાં દૈવયોગે ત્યાં આગલ એક ભયંકર સર્પ આવ્યો અને મલયચંદ્રને ડસ્યો આથી મલયચંદ્ર મૂર્છિત બનેલો છે. તેથી ત્યાં આગલ આક્રંદ થઈ રહ્યું હતું.

આ રીતિએ રોકકળ ચાલુ છે, તેજ ટાઇમે દૈવયોગે એક ચારણમુનિ અને તેમની સાથે વિદ્યાધરોનું ટોળું ત્યાં આગલ આવ્યું. આથી કરીને ધનેશ્વરશેઠ ઘણાજ હર્ષિત થયા. ત્યારબાદ ધનેશ્વર શેઠ એક વિદ્યાધરની પાસે પુત્રભિક્ષાની માગણી કરે છે તે વિદ્યાધર પણ તે ચારણમુનિના ચરણરજથી મલયચંદ્રને વિષ રહિત કરે છે.

હવે વિષ રહિત બનેલો મલયચંદ્ર પૂછે છે, કે—આ બધા અહીં કેમ ભેગા થયા છે ? આ પ્રશ્નના ઉત્તરમાં તેના પિતાએ બનેલ સઘળી હકીકત કહી સંભળાવી ત્યારબાદ મલયચંદ્રે તે ચારણમુનીશ્વરને નમસ્કાર કર્યો.

તે વખતે મુનિવરે કહ્યું કે-હે કુમાર મલયચંદ્ર ! ભલે તું સર્પના ઝેરથી બચ્યો, પણ આઠકર્મો રૂપી સર્પના ઝેરથી તો તું ઘેરાયેલોજ છે. આ સર્પ [illegible] ચારણમુનિવર શ્રી [illegible] [illegible] કરવાં જરૂરી છે, કે જે આઠકર્મો સર્પને આઠ-મદરૂપી ફેણો છે મિથ્યાત્વ અને અવિરતિરૂપ બે રાગ દ્વેષરૂપી [illegible] છે. [illegible] અને [illegible] બે દાઢો છે, આવા ભયંકર આઠકર્મો સર્પથી જગત ડંખાયેલું છે. અને તેથી અજ્ઞાનરૂપી ઝેરથી મૂર્છિત જગત પોતાના હિત ના

અહિતનો વિચાર કરતું નથી. તે મોહરૂપી સર્પના ઝેરને ગુરૂરૂપી ગારૂડિક દૂર કરે છે. માટે તે મોહરૂપી સર્પના ઝેરને દૂર કરવાનો પ્રયત્ન કર.

મલયચંદ્રે કહ્યું, કે-તમારા પ્રસાદથી તે ઝેર પણ નાશ પામશે, માટે તે મોહરૂપી સર્પના ઝેરનો નાશ કરવાનો વિધિ બતાવો.

ત્યારે તે ચારણમુનિવર તે મોહરૂપી સર્પના ઝેરનો નાશ કરવાનો વિધિ બતાવતાં જણાવે છે, કે-સમકિતરૂપ માંડલામાં બે પ્રકારની શિક્ષા ગ્રહણ કરવા પૂર્વક સાધુ ધર્મરૂપી મંત્ર દેવા લાયક છે. અને જો તે ગ્રહણ કરવામાં આવે તો તેનાથી મોહરૂપી સર્પના વિષનો નાશ થાય.

આવા પ્રકારના વિધિને સાંભળીને તેજ વખતે મલયચંદ્ર કુમારે પોતાની સોલ સ્ત્રીઓની સાથે દીક્ષાનો સ્વીકાર કર્યો. " तत् साहसं दृष्ट्वाऽनेके प्राव्रजन् ' અર્થાત્ તે મલયચન્દ્રકુમારનું આવું અપૂર્વ સાહસ જોઈને બીજા અનેક જણાએ તે વખતે દીક્ષાનો સ્વીકાર કર્યો.

કુલધર વાણિયાએ પણ આ અવસરે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. પરન્તુ શ્યામલ વાણિયો પ્રતિબોધ પામ્યો નહિ. ત્યારે

' कुलधरो मैत्र्या सफलयितुं धर्मं प्रतिपादयितुः श्यामलं गुरुपार्श्वे पुनः पुनर्नयति धर्मं श्रावयति '

કુલધરશ્રાવક મિથ્યાત્વીને સફલ કરવા માટે પોતાના મિત્ર શ્યામલ વાણિયાને ગુરૂ પાસે વારંવાર લઈ જાય છે. અને ધર્મ સંભળાવે છે.

અનુક્રમે વારંવાર સદ્ગુરૂના સમાગમના યોગે શ્યામલ વાણિયાએ કેટલાક નિયમો કર્યા.

રોજ સવારના શ્યામલ વાણિયો સામાયિક કરે છે. અને તેમાં

વિકથાદિ પ્રમાદ કરવામાં તત્પર થાય છે, ત્યારે કુલધરશ્રાવકે તે પોતાના મિત્રને શિખામણ દેવા માંડી. કે—સામાયિકમાં વિકથાદિ પ્રમાદ ન થાય. આથી તે શ્યામલના મનમાં એમ લાગ્યું, કે—આ કુલધર મારાં છિદ્ર જુવે છે. અને તેથી કરીને તે હૃદયમાં દુભાવા લાગ્યો. આથી કુલધરશ્રાવકે તેની ઉપેક્ષા કરી. અનુક્રમે શ્યામલ વાણિયો કાલ કરીને દિવ્ય અલ્પ ઋદ્ધિવાળો દેવ થયો. અને અન્તે "**भवं भ्रान्त्वा शिवंगमी**" અર્થાત્ સંસારમાં ભ્રમણ કરીને મોક્ષમાં જશે.

આ તરફ કુલધર શ્રાવક પણ શુદ્ધ ધર્મની અંદર તત્પર થઈ અન્તે શ્રાવકધર્મ પામીને શક્ર-સામાનિક દેવ થયો, અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં '**सेत्स्यति**' સિદ્ધિપદને પામશે.

સ્વકૃત કર્મો જ્યારે ઉદયમાં આવે છે. ત્યારે તેનાથી કોઈ પણ બચાવી શકતું નથી.

[illegible] દ્રષ્ટાંત ઉપરથી ભવ્ય જીવો [illegible] [illegible] [illegible] [illegible] વિચારવામાં આવે તો આપણને પણ સમજવાનું [illegible] [illegible] છે.

શાલિભદ્ર જેવા ઋદ્ધિશાળીની બ્હેન ધન્યકુમાર જેવા મહાન [illegible]ાગ્યશાળીને વરે છે. તે શું માટીના ટોપલા ઊંચકવા માટે ? દરેકનો [illegible]ગ નજરમાં જ આવશે. પરન્તુ વસ્તુ એક જ છે, કે–જ્યારે દુર્ભા[illegible]નો ઉદય આવે છે. ત્યારે કોઈનુંય ધાર્યું થતું નથી. તેમજ દુર્ભાગ્યના [illegible]માં ગમે તેવા સહાયકો પણ સહાય કરી શકતા નથી.

આથી સમજવાનું છે કે–એક તરફ મલયચંદ્ર સર્પદંસનો [illegible]ગ થઈ પડ્યો છે. બીજી તરફ વહાલામાં વહાલી સોલ સોલ [illegible]ીઓ સાથે છે. છતાં તે પણ તેને બચાવી શકતી નથી. કારણ કે–[illegible]પૂતકર્મનો જ્યારે ઉદય આવે છે, ત્યારે તેનાથી કોઈપણ બચાવી [illegible]ું નથી. આથી કરીને આત્માર્થીઓએ સ્ત્રી આદિ દુનિયાના તુચ્છ [illegible]ાર્થોમાં નહિ મુંઝાતાં આત્મકલ્યાણ કરવામાં તત્પર બનતું જોઈએ.

ધર્મપ્રાપ્તિમાં યોગ્યતાની પણ જરૂર

બીજી એ વાત પણ સમજવાની છે કે–ચારણમુનિવરના ચરણ[illegible] ઝેર દૂર થયા બાદ મલયચંદ્ર મુનિવરને નમસ્કાર [illegible]થી સર્પનું ઝેર દૂર થયા બાદ મલયચંદ્ર મુનિવરને નમસ્કાર કરે છે, તે વખતે ગુરૂરાજ ફરમાવે છે કે–આ સર્પના ઝેરથી તો [illegible]ું અગી ગયો છે. પરંતુ મહા ભયંકર મોહરૂપી સર્પના ઝેરથી તો [illegible]ણું તું પીડાયેલો છે, તે ઝેરને દૂર કરવાનો પ્રયત્ન કર. હિંસાદિક [illegible] સઘળીય હકીકત પૂર્વે જણાવી ગયા તે મુજબ વિનય સાથે સાંભળી [illegible]ે, અને તેને દૂર કરવાના નિમિત્તે પૂછે છે. આ મલયચંદ્રની ધર્મ[illegible] ગ્રામિની યોગ્યતા જણાય છે. કારણ કે–સોકોતર ઉપકારી મહાપુરૂ[illegible] પ્રત્યે આત્માઓને બહુમાન પ્રગટ થવું તે આત્માની તથા પ્રકાર[illegible] યોગ્યતા અને પુણ્યોદય સિવાય કઠિન છે.

[illegible] આત્માઓને જો લોકોત્તર ઉ[illegible] [illegible]ાતી જ દીનતો છે આત્માઓને જો લોકોત્તર [illegible] મહાપુરૂષો પ્રત્યે બહુમાન પ્રગટ થાય, તો તેઓ જરૂર નજીકમાં [illegible] આત્મકલ્યાણ કર્યા સિવાય રહે નહિ. જયાંસુધી મહાપુ[illegible]

ત્યાં સુધી ફરમાવે છે, કે–બહુમાન તો દૂર રહો, પણ ઉપકારીઓ પ્રત્યે દ્વેષ નહિ કરનારા જીવો પણ નજીકમાં આત્મકલ્યાણ કરવા-વાળા હોય છે.

આજે તો કેટલાક જૈન નામધારી અધમ આત્માઓની એવી સ્થિતિ જોવાય છે, કે–પરમોપકારી ગુરૂવર્યો પ્રત્યે બહુ માનની નજરે નહિ જોતાં, ઈર્ષાવડે કરીને વિરોધ કરવા કટિબદ્ધ થયેલા જણાય છે, જો એમ ન હોય, તો ધર્મ કરનારા ધર્મ કરે અને ધર્મ કરાવનારા ધર્મ કરાવે, તેમાં તેઓને વિરોધ શા માટે કરવો પડે !

જો કે ભારેકર્મી આત્માઓને આ વાત ધ્યાનમાં આવવી દુર્લભ છે. તો પણ અવસરે યોગ્ય આત્માઓને જણાવી દેવું. એ અતિ આવશ્યક છે.

ખરેખર તથા પ્રકારની ધર્મની યોગ્યતા સ્વભાવથી જેને ન હોય, અગર તો જ્યાં સુધી ધર્મની યોગ્યતા પ્રગટ થતી નથી, ત્યાં સુધી પ્રાયઃ આત્મકલ્યાણ થવું અશકય છે.

સાચા જૈન મુનિવરોજ ભાવદયાના સાગર હોય છે

ત્રીજી વાત એ પણ સમજવાની છે, કે–જૈનશાસનના સાચા મુનિવરોની દૃષ્ટિમાં જ સાચી ભાવદયાનો ઝરો વહે છે, કારણ કે તે સિવાયના અન્ય શાસનના લિંગીઓ કે દુનિયામાં મહાન્ ગણાતા ઘરબારીઓ સાંસારિક હિતોમાં પ્રાણીઓનું હિત દેખાડનારા છે. જ્યારે જૈનશાસનના સાચા મુનિવરો સાંસારિક હિતોમાં અહિત અને મુક્તિમાં જ હિત દેખાડનારા છે.

મલયચંદ્ર સર્પના ઝેરથી મુક્ત થયો છે, છતાંય ચારણ મુનિ-રાજ પ્રાણી માત્રને મોહરૂપી સર્પના ઝેરથી વ્યાપ્ત દેખી તેને મોહ-રૂપી ઝેરથી મુક્ત થવાનું જણાવે છે. આખુંય જગત જો દુઃખી થતું હોય, તો તે એક મોહરૂપી સર્પનો જ પ્રતાપ છે. અહીં

આપણને સહેજે પ્રશ્ન થાય, કે-શું પ્રાણીઓને સુખી થવાની ઇચ્છા નહિ હોય? ઉત્તરમાં જણાવવાનું કે-એક કીડાથી લઈને ઇન્દ્રમહારાજા સુધીના તમામ જીવોને સુખી થવાની ઇચ્છા હોય છે.

અહીં પુનઃ પણ પ્રશ્ન થઈ શકે છે, કે-જો સુખી થવાની ઇચ્છા છે. તો શું સુખ મેળવવાનો પ્રયત્ન નહિ કરતા હોય? ઉત્તરમાં જણાવવાનું કે-ના એમ પણ નથી. સુખ મેળવવા માટે પ્રયત્ન તો રાત્રીદિવસ કાયમ કરે છે.

પ્રશ્ન-જો એમ છે, તો જગત્ દુઃખી કેમ?

ઉત્તર એકજ છે કે-જીવોને સુખ મેળવવાની પૂરેપૂરી ઇચ્છા હોવા છતાંય અને તેને માટે સતત ઉદ્યમ કરવા છતાંય, મોહરૂપી સર્પના ઝેરથી વ્યાપ્ત હોવાના કારણે વાસ્તવિક સુખદુઃખ શામાં છે, તે વિચારી શકતા નથી. જ્યાંસુધી આ વિચારવામાં ન આવે, ત્યાં સુધી ઇચ્છા અને પ્રયત્ન કરવા છતાં પણ જીવો સુખ પામવાને બદલે દુઃખી થાય છે. આપણે જગતમાં અનુભવીએ છીએ કે-ગરીબથી તવંગર સુધીના તમામ મનુષ્યોમાં કોઈ એવો નહિ નીકળે, કે-જે દુઃખની બુમ નહિ પાડતો હોય!

આથી સમજવાનું છે કે-મોહ એ સર્પ છે, અને અજ્ઞાન એ મોહરૂપી સર્પનું ઝેર છે. તે ઝેર મારા આત્મામાં ફેલાઈ ગયેલું છે, તેથી જ હું દુઃખી થાઉં છું. આ વાત જ્યારે ધ્યાનમાં આવશે, ત્યારે તે ઝેર દૂર કરવાનો ઉપાય જણાઈ આવશે, અને ત્યારબાદ તે ઉપાયને જાણીને તેનું સેવન કરવામાં આવે તો આત્માએ સુખને માટે કરેલો પ્રયત્ન સફળ થાય, બાકીના પ્રયત્નથી તો દુર્ગતિ પણ થાય.

જેમ ઇચ્છિત નગરમાં જવાની ઇચ્છાવાળો જ્યાંસુધી સાચા રસ્તાને જાણે નહિ, અને ચાલ્યા જ કરે તો પરિણામે તે માર્ગમાં જ ભટકાઈ

મરે છે, તેમ સુખનો સાચો માર્ગ જ્યાંસુધી હાથમાં આ
નહિ ત્યાં સુધી આત્મા સુખને બદલે દુઃખને પામે છે. આથી સમ
વાનું છે, કે–સુખનો પારમાર્થિક માર્ગ બતાવનાર દુનિયામાં જો
હોય. તો તે ભાવદયાના સાગર સાચા જૈન મુનિવરોજ છે, અને તે
ના યોગેજ સત્ય સુખની પ્રાપ્તિ છે.

મલયચંદ્રને પણ આવા પવિત્ર સાચા ગુરુનો યોગ મલી ગ
છે. તેથી મોહરૂપી સર્પને ઓળખ્યો, અને તેનું ઝેર મારા આત્મા
છે, માટે મારે તેને દૂર કરવું જોઇએ. એમ વિચારીને તે
દૂર કરવાનો વિધિ તેણે પરમોપકારી ચારણ મુનિરાજને પૂછ્
તે મુનિરાજ પણ સમકિતપૂર્વક સાધુધર્મ, મોહરૂપી સર્પના ઝેર
દૂર કરનાર છે. એમ બતાવે છે. અને આવા પ્રકારના ઉપાયને સાં
ભળતાંજ મલયચંદ્રે પોતાની સોળે સ્ત્રીઓની સાથે કોઇપણ પ્રકારે
વિચાર નહિ કરતાં શ્રીપારમેશ્વરી પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો.

આવા પ્રકારનું મલયચંદ્રનું સાહસપણું જોઇને બીજા પ
અનેકોએ દીક્ષા લીધી છે. તે પ્રથમ જણાવી ગયા છીએ.

ધર્મકાર્યમાં વિલંબ કરવો તે યોગ્ય નથી જ,

ચોથી વાત એ પણ સમજવાની છે. કે–ધર્મકાર્યમાં સાહસ
કરીને પણ ધર્મ કરવા તત્પર થવું એજ શ્રેયસ્કર છે. કારણ કે
"**श्रेयांसि बहु विघ्नानि**" કલ્યાણકારી કાર્યોમાં ઘણા વિઘ્નો ઉપ
સ્થિત થાય છે; માટે તે ઉપસ્થિત થયા પહેલાં જ ધર્મકાર્ય કરી લે
જોઇએ. શાસ્ત્રકારમહર્ષિઓ તો જણાવે છે, કે–

" जं कल्ले कायव्वं, तं अज्जेव करेह तुरमाणा।

માટે સાંજના પહોરની પણ રાહ જોઈશ નહિ. આજ હકીકત શ્રીબાહુબલીજીનું ઉદાહરણ આપણને સ્પષ્ટ સમજાવે છે.

બાહુબલીજીનું ઉદાહરણ વિચારીને ધર્મારાધન કાલે કરવા ઉપર નહિ રાખવું જોઈએ.

એક વખત પરમતારક ત્રિલોકના નાથ પરમાત્મા શ્રી ઋષભદેવ ભગવાન વિચરતા વિચરતા સાંજના ટાઈમે તક્ષશિલાનગરીએ. એટલે કે—બાહુબલીજીની રાજધાનીમાં આવે છે. ઉદ્યાન પાલક ભગવાન પધાર્યાના સમાચાર બાહુબલીજીને આપે છે. બાહુબલીજી વિચારે છે, કે—હું સવારમાં ઠાઠમાઠ પૂર્વક ભગવાનને વંદના કરવા જઈશ. આ તરફ સવાર થતાં તો અપ્રતિબદ્ધવિહારી ભગવાન ત્યાંથી વિહાર કરી ગયા. અને બાહુબલીજીના અફસોસનો પાર રહ્યો નહિ. માટે અફસોસ કરવાનો વખત ન આવે તે પહેલાં જ ધર્મકાર્ય કરી લેવુ વધુ ઇષ્ટ છે.

જ્યારે આજકાલ મોહસર્પથી ડસાએલા કેટલાક પામર આત્માઓ ધર્મ કરવામાં ઉતાવળ શી! આજે નહિ તો બે દિવસ પછી થશે! આવા પ્રકારનું વિપરીતપણે બોલે છે. ત્યારે સોદો પરણાવવો હોય, અગર બીજાં કોઈ સાંસારિક પાપકાર્યો કરવાં હોય, તો ઝટ દઈ દે કે—આજ વિલંબ નહિ કરવો, જે કરવું તે ઝટ કરવું. આવા પ્રકારના આત્માઓ દુઃખ ન પામે તો બીજું પામે પણ શું?

મોહસર્પનું ઝેર ઉતારનાર એક પારમેશ્વરી પ્રવ્રજ્યાજ છે.

ખાસ એ વાત મારે સમજાવવાની છે. કે—પારમેશ્વરી દીક્ષાજ મોહરૂપી સર્પનું ઝેર ઉતારનારી છે. આ—મોહરૂપી સર્પના ઝેરથી મરવાની અણીએ આવેલા આત્માઓને પ્રવ્રજ્યાની આ જન્મમાં, બીજા જન્મમાં અગર ગમે ત્યારે પણ તેનો સ્વીકાર કર્યા સિવાય છુટકો નથી. કેટલાક અનંતા

કરતી હતી. અને મારા પિતા પરમ નાસ્તિક હતા. મરણ સમયે મેં તેમને કહ્યું હતું, કે- જો તમો દેવલોકમાં જાવ યા નર્કમાં જાવ તો મને ત્યાંના સુખ દુઃખ કહેવા આવજો. છતાં આજ સુધીમાં ત્યાંના સમાચાર કહેવાને કોઈજ આવ્યું નથી, આથી એમ લાગે છે કે- પરલોક જેવું કંઈ છે નહિ. તો પછી આ બધું કષ્ટાનુષ્ઠાન શા માટે કરવું?

વળી એક ચોરને જીવતો તોળ્યા બાદ તલ તલ જેવડા તેના અનેક ટુકડા કર્યા, મરણ બાદ પુનઃ તોલ્યો તો તેમાં કંઈ પણ ન્યૂનાધિકતા થઈ નહિં, તેમજ ઘણુંજ તપાસીને જોવા છતાં પણ ક્યાંઈ આત્મા દેખાયો નહિ.

પુનઃ પણ એકવાર એક ચોરને છિદ્ર વિનાની એક કુંભિની અંદર પૂર્યો. ત્યારબાદ તપાસ કરતાં તેને મરણ પામેલો જોયો, પણ આત્મા તે કુંભિમાં ક્યાંય છિદ્ર નહિ હોવા છતાં ક્યાં થઈને ગયો તેની ખબર પડી નહિ. તેમજ અંદર અનેક કીડા ઉત્પન્ન થયા હતા તો તે પણ ક્યાં થઈને અંદર ગયા તેની ખબર પડી નહિ.

આ રીતિએ પૂર્ણ પરીક્ષા કરીને મેં નાસ્તિકમત સ્વીકાર્યો છે. માટે તમે પણ આ ફોગટ કષ્ટાનુષ્ઠાન કરવાનું છોડો.

નાસ્તિક મતનું ખંડન અને આસ્તિક મતનું સ્થાપન

હવે પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુ મહારાજ શ્રી કેશીગણધર ભગવાન ફરમાવે છે, કે-હે રાજન! ત્હારી માતા ધર્મના પ્રભાવે સ્વર્ગના સુખમાં મગ્ન છે, અને ત્હારા પિતા નાસ્તિકતાને લઈને નર્કના દુઃખમાં દુઃખી થતા છે. માટે તે આવતા નથી. પરંતુ એટલા માત્રથી પરલોક નથી એમ જે માનવું તે વ્યાજબી નથી.

સંસારમાં ચાર ગતિ છે, દેવગતિ મનુષ્યગતિ તિર્યંચગતિ અને નારક-ગતિ. આ ચાર ગતિમાં મનુષ્યગતિ અને તિર્યંચગતિ આ બે ગતિ તો પ્રત્યક્ષ છે. તેમજ ચંદ્ર, સૂર્ય આદિ જ્યોતિષી દેવોનાં વિમાનો પણ પ્રત્યક્ષ દેખાય છે. મનુષ્ય ગતિની અપેક્ષાએ તિર્યંચગતિ પણ પરલોક કહેવાય અને તિર્યંચ ગતિની અપેક્ષાએ મનુષ્ય ગતિ પણ પરલોક કહેવાય. આયુષ્ય પૂર્ણ થયે જેમ આત્મા તેવા પ્રકારના કર્મના યોગે તિર્યંચ ગતિમાં જાય છે, તેમ તેવા પ્રકારના કઠોર પાપના યોગે નર્કમાં પણ જાય છે, તેમજ તેવા પ્રકારના કર્મના યોગે જીવ દેવ વિગેરે ગતિઓમાં પણ જાય, તેમાં નવાઈ નથીજ અને આથી દેવગતિ અને નર્કગતિ પણ સાબિત થાય છે. વળી જેમ પરલોક છે, તેમ પરલોકમાં જનારો આત્મા પણ છે. જો આત્મા ન હોય, તો શુભ ક્રિયાનો કર્તા, અને તેના ફલનો ભોક્તા કોણ બને ! વળી આત્મા નથી એવો નિષેધ કોણ કરે છે ! આથી સમજાય તેવું છે કે જે નિષેધ કરનાર છે, તેજ આત્મા છે. વળી જેમ અરણીના કાષ્ઠમાં તેના કકડે કકડા કરીએ અને જોઈએ તો તેમાં ક્યાંય અગ્નિ નથી દેખાતો છતાં તેમાં અગ્નિ માનવો જ પડે છે. જો ન માનો તો જ્યારે તે અરણીના કાષ્ઠમાં ઘસાય છે ત્યારે અગ્નિ પ્રગટ દેખાય છે, તે ક્યાંથી દેખાય ! તેવીજ રીતિએ આત્મા પણ આંખોથી નહિ દેખાતા છતાં પણ આ શરીરમાં આત્મા રહેલ છે એમ માનવું જ જોઈએ. તેમજ [illegible] (હવા) [illegible] ઓરડામાં [illegible] ઓરડામાં આવે, તો પણ તેના પ્રમાણમાં [illegible] [illegible] [illegible] આત્મા [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કુંભીમાં પૂર્યો હોય તો પણ બહાર જઈ શકે છે. અને અંદર રહેલા શબમાં બીજા કૃમિઆદિ જીવો ઉત્પન્ન પણ થઇ શકે છે.

આ રીતિએ દર્શાવેલાં પ્રતિઉદાહરણથી જો તું વિચાર કરીશ તો જરૂર એમ ખાત્રી થશે કે—આત્મા છે. અને પરલોક પણ છે,

ચિરકાલીન કુસંસ્કારોનો ત્યાગ કરવાના સાધક દાખલાઓ

ઉપરોક્ત સઘલી હકીકત સાંભળીને પ્રદેશી રાજા કહેવા લાગ્યો કે—આપના ફરમાવ્યા મુજબ જો કે આત્મા, પરલોક આદિ સિદ્ધ થાય છે. પરંતુ ઘણા કાળથી આવેલી નાસ્તિકતા કેમ છૂટે !

શ્રી ગુરૂ મહારાજા ફરમાવે છે કે—હે રાજન ! જેમ ઘણા કાલથી અંધતા અને દરિદ્રતા ચાલી આવતી હોય અને તેને ટાળનાર જો કોઈ મલી જાય તો તેને છોડી દેવાય કે નહિં ? જો છોડાય. તો પછી અંધતા અને દરિદ્રતાની સમાન યા તેનાથી પણ અધિક ભયંકર એવી નાસ્તિકતાને કેમ ન છોડાય ? જરૂર તેને છોડવીજ જોઈએ. આ રીતિએ ગુરૂ મહારાજના વચનના શ્રવણથી પ્રદેશી રાજા પ્રતિબોધ પામીને નાસ્તિકતાનો ત્યાગ કર્યો; અને પરમ શ્રદ્ધાળુ બનીને સુશ્રાવક બન્યો.

સ્વામીદ્રોહી સૂર્યકાન્તાથી પ્રદેશી રાજાનું સ્વર્ગગમન

એક વખત પરપુરૂષમાં આસક્ત બનેલી આ પ્રદેશી રાજાની સૂર્યકાન્તા નામની રાણીએ પૌષધના પારણામાં રાજાને ઝેર આપ્યું. બાદ આ હકીકત જેણે જાણી છે, એવા ચિત્ર નામના મંત્રીની પ્રેરણાથી સમાધિ પૂર્વક આરાધના કરી આ વિનશ્વર દેહનો ત્યાગ કરીને પ્રદેશી રાજાનો જીવ પહેલા સૌધર્મદેવલોકમાં સૂર્યાભ નામે દેવ થયો.

સૂર્યકાન્તા રાણી પોતાનું પાપ પ્રગટ્યું પછી જ્યાંથી ભય ભીત નાસી ગઇ, અને જંગલમાં સર્પ ડસવાથી મરીને નરકમાં ગઇ.

સૂર્યાભિદેવની ભક્તિ

એક વખત આમલ કલ્પા નગરીમાં ભગવાન શ્રીમહાવીરદેવ પધાર્યા, તે વખતે સૂર્યાભિદેવ આવીને ભગવાનની આગલ દિવ્ય નાટક ગીત રૂપ ભક્તિ કરીને દેવલોકમાં પોતાના સ્થાને ગયો. ત્યારબાદ ગૌતમ સ્વામીએ પૂછવાથી ભગવાને તે સૂર્યાભિદેવનો પૂર્વ ભવ કહ્યો. અને હવે પછી તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ પદને પામશે. તે પણ કહ્યું.

આ ઉત્તમ જીવનમાં નાસ્તિકતા એ ભયંકર રોગ છે.

આ ઉદાહરણમાં વાંચક મહાશયોને ઘણું સમજવાનું મળે તેમ છે. પ્રથમ વાત તો એ કે, કે—આ ઉત્તમ મનુષ્ય જીવનમાં નાસ્તિકતાના સંસ્કારો એટલે સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું સમજવું.

વળી જો આ ઉત્તમ મનુષ્ય જીવનમાં આત્મા એ પુન્ય પાપ [illegible] નાસ્તિકતાના મૂળ સંસ્કારોને પામે તો તે આ [illegible] માન્યતા રૂપ [illegible] વિપરીત નાસ્તિકતાના સંસ્કાર [illegible] ઉત્પત્તિ આપી શકે છે પરંતુ આગળ જતાં [illegible] જાય છે. અને [illegible] પામે તો તે આત્મા ઉત્તમ જીવનની હાની [illegible] જીવનમાં [illegible] નાસ્તિકતા એ [illegible] ભયંકર રોગ છે. [illegible] છે. [illegible]

[illegible] સેવક કેવા હોવા જોઇએ

[illegible]

આ ભયંકર રોગને દૂર કરવાની ચિન્તાવાળો બને છે, અને અવસર મલતાં તેને દૂર કરવાનો પ્રયત્ન પણ કરે છે. કદાચ સરલતાથી તે રોગ દૂર થઈ શકે તેમ નથી એમ જાણવામાં આવે છે, તો માયા કરીને પણ તે રોગને દૂર કરવા પ્રયત્ન કરે છે, અને આ રીતિએ કરાયેલી માયા પણ શાસ્ત્રકાર મહારાજાના ફરમાવ્યા મુજબ પ્રશસ્ત-કોટીમાં જાય છે.

શ્રીપ્રદેશીરાજાના જીવનમાં પણ એમ જ બને છે રાજા માલિક છે, ચિત્રનામનો મંત્રી એ નિમકહલાલ સેવક છે. માલીકને રોગનું ભાન નથી પરંતુ સેવકને છે, અને આથી જ અવસર પ્રાપ્ત થતાં ઘોડા ખેલાવવાના બ્હાને શ્રીગુરૂમહારાજા પાસે રાજાને લઈ જાય છે, ગુરૂના સમાગમના યોગે રાજાનો નાસ્તિકતારૂપ ભયંકર રોગ દૂર થાય છે. અને પરિણામે સદ્‌ગતિનો ભાગી બન્યો અને મુક્તિના સુખનો ભોક્તા પણ બનશે. અર્થાત્ શાશ્વત આરોગ્યતાને પામશે.

આથી સમજવાનું છે કે—સેવક મલો તો આવા મલજો તેવું જરૂર ઇચ્છાય; જેમ નિમકહલાલ અને આત્મહિતચિંતક સાચા સેવકો ઇચ્છિવા યોગ્ય છે, તેમ આત્મહિતચિંતક સાચા માલીકો પણ ઇચ્છવા યોગ્ય છે. આ રીતિએ, સ્વામી અને સેવક જો આત્મહિતચિંતક બને તો જગતમાં અપૂર્વ શાન્તિનું સામ્રાજ્ય ફેલાયા સિવાય ન રહે. પરંતુ ખરી વાત તો એ છે. કે—સાચા આત્મહિતચિંતકપણાના અભાવે અને ખોટી સ્વાર્થરક્તતામાં તન્મય બનવાના પ્રતાપેજ દુનિયામાં સર્વત્ર અશાન્તિ જોવાય છે.

ભાવોપકારી પ્રત્યે કૃતજ્ઞતા

બીજી એ વાત છે, કે-ભાવવૈદ્ય શ્રીસદ્‌ગુરૂ મહારાજાનો યોગ મલવો અતિશય દુર્લભ છે, છતાંય જે પુણ્યવાનને તેનો પવિત્ર યોગ મલે છે, અને તેઓશ્રીના વચનામૃતનું પાન કરે છે. તેવો પુણ્યાત્મા જ યોગ્ય હોય તો જરૂર તેનો ભાવરોગ દૂર થાય છે. અને આગી

ભાવઆરોગ્યતાને પામે છે. આ રીતિએ ભાવ આરોગ્યતાની પ્રાપ્તિમાં સદ્ગુરુઓનો મહાન ઉપકાર કહેવાય છે. આવા મહાન ઉપકારી મહાપુરુષોની જેટલી ભક્તિ થાય તેટલી થોડી જ છે.

જ્યારે દુનિયાના સ્વાર્થી વૈદ્યાદિકનો તેમના દ્વારા થયેલા શારીરિક ઉપગારને સજ્જનો ભૂલતા નથી, તો પછી આત્મિક ઉપગારને કરનાર નિઃસ્વાર્થી સાચા ભાવવૈદ્ય એવા સદ્ગુરુઓના ઉપગારને કેમ જ ભુલાય? જો ન જ ભુલાય તો સદ્ગુરુઓ પણ જેના વચનને અનુસરીને જગતમાં ઉપગાર કરી રહ્યા છે. તેવા પરમતારક શ્રી તીર્થંકર દેવોનો ઉપગાર તો કેમ જ ભૂલાય? ન જ ભૂલાય અને આ રીતિએ ઉપગારને નહિ ભૂલવો તેમાં જ સાચી કૃતજ્ઞતા છે. તો આજ કારણે પ્રદેશીરાજા કાળધર્મ પામીને દેવલોકમાં જાય છે. ત્યાંથી પણ આવીને ભગવાન મહાવીરદેવ પાસે દિવ્યનાટક કરવારૂપ ભક્તિ કરી જાય છે.

કૃતઘ્નોથી દૂર રહી, સદ્ગુરુઓના સમાગમમાં જ રહેવું જોઈએ.

આજે મોટા ભાગની દુનિયામાં કૃતઘ્નતાને [illegible] કૃતઘ્નના [illegible] થઈ હોય, તેમ દેખાય છે. જો કે કેટલોક વર્ગ લૌકિક ઉપકાર કરનારનો ઉપકાર માનનારા મળશે. પરંતુ લોકોત્તર [illegible] મહાપુરુષોનો ઉપકાર માનનારા તો વિરલા જ [illegible] માનવો તો દૂર [illegible] કરનારા [illegible] ઉપકાર [illegible] [illegible]

જેના ઉપર પોતાનું [illegible] છે, તેવા [illegible] [illegible], [illegible] તેમજ [illegible] જેવા ધર્મક્રિયાઓને આચરનાર, અને રાજાના માલિક જેવા પણ પતિને પરલોકમાં [illegible] છે. પરિણામે પોતાનું પાપ ખુલ્લું પડી જતાં રાજ્યગાદીને મૂકીને ભાગવું પડે છે. ભયંકર અટવીમાં ભટકતી કરાય છે. અને મરણ પામીને પરમાધામીઓના માર ખાતા નરકમાં સિઝાતી જાય છે. ખરેખર ! કામાગ્નિના એ ઘણી જ ભયંકર છે.

સ્વામિદ્રોહીઓની દુર્ગતિ

ખરેખર ! પાપી આત્માઓને સુંદર સ્થાન ક્યાંથી મલે ? પાપી આત્માઓ પાપ કરતાં લેશ પણ વિચાર કરતા નથી, તેનાજ પરિણામે ઇચ્છા નહિ હોવા છતાંય આ જગતમાં બેહાલ બનીને ભવાંતરમાં ભયંકર દુર્ગતિના ખાડામાં જઇને પટકાય છે. અને મહાન દુઃખોને ભોગવે છે.

જ્યારે આ લોકના સ્વામીનો દ્રોહ કરનારની પણ આ હાલત થાય છે, તો પછી ત્રણ જગતના માલીક એકાન્તોપકારક પરમતારક એવા ભગવાન શ્રીજિનેશ્વરદેવનો અને તેમના કહેલા તારક ધર્મનો

રૌદ્ર કરનારાઓની તો કેવી ભયંકર દશા થવાની તે વાંચકોએ સ્વયં વિચારી લેવું

ખરાબ અવસ્થામાં પણ મનને સમાધિમાં રાખનાર ધર્મ અને ધર્મશીલ આત્માઓનો સમાગમ છે.

ચોથી વાત એ છે. કે–ગમે તેવી અવસ્થામાં પણ ધર્મશીલ આત્માઓ ધર્મના યોગે ઉચ્ચદશાને પામ્યા સિવાય રહેતા નથી, તેમજ ધર્મશીલ આત્માઓનો સમાગમ કલ્પવૃક્ષની જેમ ફળીભૂત થાય છે. અરે કલ્પવૃક્ષથી પણ અધિક ફલ આપનારો બને છે. આ વાત પણ આમાં સ્પષ્ટ થાય છે.

ઉપસંહાર

આ આખાય દૃષ્ટાન્ત ઉપરથી ભવ્યાત્માઓએ સાર એ લેવાનો છે કે હંસ જેવા વિવેકવાળા બનીને સદ્‌ગુરુના વચનામૃતનું પાન કરવામાં રક્ત બનવું, અને તેઓશ્રીએ કહેલ સન્માર્ગની આરાધના કરીને મુક્તિના મહેમાન બનવામાં ઉજમાળ બનવું.

